Success Mantra (Gujarati Edition)

Bhavesh Upadhyay

VISIT...

LANZAROTE Caliente.com

Modern મૅનેજમૅન્ટના અનુભવી ઉપાયો

Success મંત્ર

ભાવેશ ઉપાધ્યાય

જાણીતા મૅનેજમૅન્ટ નિષ્ણાત







આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

Success મંત્ર

Modern મૅનેજમૅન્ટના અનુભવી ઉપાયો

ભાવેશ ઉપાધ્યાય

પુસ્તક વિશે

મેનેજમેન્ટના અનિવાર્ય મંત્રો

સફળતાનો સીધો સંબંધ વ્યક્તિની કુશળતા સાથે રહેલો છે. કુશળતા જન્મજાત ન હોય તો પણ સરળતાથી શીખી શકાય એવી કળા છે. આજના હરીફાઈભર્યા સમયમાં સફળતા મેળવવા માટે આ ત્રણ મંત્રો અનિવાર્ય છે.

Management મંત્ર

Leadership મંત્ર

Success મંત્ર

મૅનેજમૅન્ટ અને લીડરશીપની અનોખી કળા દ્વારા જ સક્સેસના શિખરે પહોંચી શકાય છે. સાચું મૅનેજમૅન્ટ જ આપણને સમસ્યામાંથી ઉકેલ તરફ દોરી જઈ શકે છે. ક્ષણોનું મૅનેજમૅન્ટ સદીનું નિર્માણ કરવાની તાકાત ધરાવતું હોય છે.

આ પુસ્તક મૅનેજમૅન્ટના અન્ય ચીલાચાલુ પુસ્તકોથી જુદું પડે છે. અહીં ગુજરાતના જાણીતા મૅનેજમૅન્ટ નિષ્ણાતની વર્ષોની મહેનત અને અનુભવોનો અર્ક સમાવવામાં આવ્યો છે. જિંદગી જીવવી એ આર્ટ હોય તો મૅનેજમૅન્ટ, લીડરશીપ અને સક્સેસનું Sure-Shot આયોજન કરવું એ ફાઇન આર્ટ છે. ફાઇન આર્ટનું એવું ઝીણું-ઝીણું અનુભવી નકશીકામ આ પુસ્તકના પાને-પાને જોવા મળશે.

લેખકનો પરિચય

“BU”ના હુલામણા નામે ઓળખાતું વ્યક્તિત્વ એટલે ભાવેશ ઉપાધ્યાય. નાની ઉંમરથી જ સાહસિકવૃત્તિ અને કલગીમાં પીંછા ઉમેરવાની આદતે સફળતાના અનેક શિખરો સર કરાવ્યા છતાં પોતાની `કોમન મેન'ની ઓળખને બચાવી શક્યા એ તેમના જીવનનું ખૂબ જ મહત્ત્વનું પાસું છે.

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના અંબાજીના ધામ ખેડબ્રહ્મા નજીકના રાધીવાડ ગામે 28મી જૂન 1971ના રોજ જન્મ અને બાળપણ ત્યાં જ વીત્યું. પિતા પોપટલાલ ઉપાધ્યાય સંદેશાવ્યવહાર ખાતામાં નોકરી કરતા અને માતા સવિતાબહેન સ્કૂલમાં શિક્ષિકા હતાં. માતા-પિતાનો સરળ સ્વભાવ લેખકને ગળથૂથીમાં પ્રાપ્ત થયો. આજે તેઓ પોતાની પ્રૉફેશનલ કેરિયરમાં તેમજ વર્તુળમાં સરળતાના ચુસ્ત આગ્રહી તરીકે ઓળખાય છે. જે તેમનાં માતા-પિતાના આશીર્વાદનું જ પરિણામ છે.

શાળાનું શિક્ષણ ખેડબ્રહ્મામાં લીધા પછી અમદાવાદ આવ્યા. બસ, અહીંથી જીવનના ખરા સંઘર્ષની શરૂઆત થઈ. કૅમિસ્ટ્રી સાથે B.Sc. થયા. વાંચન અને અભિવ્યક્તિની કળા તેમને પત્રકારત્વ અને પબ્લિક રિલેશન તરફ લઈ ગઈ. તેમણે નવગુજરાત કૉલેજમાંથી જર્નાલિઝમ અને પબ્લિક રિલેશન્સનો પૉસ્ટ ગ્રૅજ્યુએટ ડિપ્લોમા પૂર્ણ કર્યો અને કારકિર્દીની શરૂઆત કરી. જાણીતી ફાર્માસ્યુટિકલ્સ કંપની કેડિલા સાથે જોડાયા અને પોતાના રસનો વિષય પબ્લિક રિલેશન્સમાં કામ કરવાનું શરૂ કર્યું. અહીંથી તેમની કારકિર્દીની ઇમારત ઘડાવા લાગી. તેઓ સંબંધોનો પર્યાય ગણાવા લાગ્યા અને સમાજના અનેક વર્ગના લોકો સાથે તેમણે પરિચય કેળવ્યો.

આજ સમયે તેમણે પોતાની પ્રૉફેશનલ કરિયરને થોડોક વળાંક આપ્યો. આજના સમયે ઔધોગિક જૂથો તેમજ કૉર્પોરેટ હાઉસમાં જેનું સૌથી વધુ મહત્ત્વ છે એવા હ્યુમન રિસોર્સિસ તરફ તેમણે નજર દોડાવી. આ ચૅન્જ સાથે જ તેમની કારકિર્દી સોળે કળાએ ખીલી ઊઠી. સાથે-સાથે તેમણે જાણીતી સિમબાયોસિસ ઇન્સ્ટિટ્યૂટમાંથી MBA-HR પૂરું કર્યું. તેઓ HR ફંક્શનને બિઝનેસ ડેવલપમૅન્ટ સાથે સાંકળીને ગોલ ઍચિવ કરવામાં માહિર છે. તેમની ખાસિયત એ છે કે તેમણે જ્યાં જ્યાં કામ કર્યું તેવા ઔધોગિક જૂથો જેવાં કે કેડિલા ફાર્માસ્યુટિકલ્સ, દોશિઓન, શેલ્બી હૉસ્પિટલ્સ અને ઇન્ટાસ ફાર્માસ્યુટિકલ્સમાં તેમણે બિઝનેસને સમજીને હંમેશાં વૅલ્યુ ઍડિશન કરી છે. તેમણે કર્મચારીઓની ખાસિયતને પારખીને ઑર્ગેનાઇઝેશનના વિકાસમાં શ્રેષ્ઠ ઉપયોગ કર્યો છે.

તેઓ *IIM*-ઈન્દોર, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફોરેન ટ્રેડ, નિરમા યુનિવર્સિટી, પબ્લિક રિલેશન્સ સોસાયટી ઑફ ઇન્ડિયા, હ્યુમન રિસોર્સિસ સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓ અને દિવ્ય ભાસ્કર અખબાર સાથે એક યા બીજી રીતે સંકળાયેલા છે. તેમને એશિયા-પેસિફિક કૉંગ્રેસનો શ્રેષ્ઠ ટ્રેનિંગ માટેનો ઍવૉર્ડ પણ પ્રાપ્ત થયો છે.

નાની ઉંમરે સફળતાનાં શિખરો સર કરવા માટે સૌથી વધુ સાથ તેમનાં પત્ની જીજ્ઞાબહેનનો રહ્યો છે. ભાવેશભાઈના જીવનની તડકી-છાંયડીના તેઓ સરખેસરખા ભાગીદાર રહ્યા છે. એક સામાન્ય પરિવારમાંથી સફળતાના શિખર સુધી પહોંચવાનો જીવનમંત્ર આપણે લેખક પાસેથી શીખવો પડશે. તેમનો પુત્ર રાજ હાલમાં એન્જિનિયરિંગમાં ઉજ્જ્વળ કારકિર્દી ઘડી રહ્યો છે.

ભાવેશ ઉપાધ્યાય હાલમાં ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ્સ લિ. માં ઍક્ઝિક્યુટિવ વાઇસ પ્રૅસિડન્ટ, HR તરીકે કાર્યરત છે. તેઓ સારા લેખક છે અને દિવ્ય ભાસ્કર અખબારમાં દર

સોમવારે બિઝનેસ મૅનેજમૅન્ટ વિષે કોલમ લખે છે. તેમનાં લેખનની વિશિષ્ટ કળા જાણીતા લેખકો યશવંત મહેતા અને કુમારપાળ દેસાઈના આશીર્વાદની દેન છે.



જીવનમાં મૂલ્યોનું
જતન કરવાનું શિખવાડનાર માતા
સવિતાબેન પોપટલાલ ઉપાધ્યાય ને
અર્પણ

મૅનેજમૅન્ટ વિષયના ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ માટેનો અખૂટ ખજાનો

ગુજરાતી માત્ર સફળતાને પાત્ર. એવું કહેવાય છે કે જેટલું ગુજરાતીને સફળતા સાથે બને છે એટલું ભાગ્યે જ બીજા કોઈને બને છે. ઘર આંગણે કે દુનિયાના કોઈપણ છેડે ગુજરાતી સફળતાના વૃક્ષની નીચે બેઠો બેઠો ફળ ખાતો જોવા મળે! ધંધો કે વેપાર કે વણજ તેના લોહીમાં. ઘણી વખત કહેવાય છે કે ગુજરાતીના લોહીમાં રક્તકણ અને શ્વેતકણની સાથે સાથે વેપારના કણ પણ ભળેલા છે. તબીબી વિજ્ઞાન આગળ વધે તો ગુજરાતીના લોહીમાં કેટલા ટકા વેપારના કણ છે એ પણ શોધી શકે!

જેમ ગુજરાતી પ્રજા માટે કહેવાય છે કે તે ઇતિહાસ સર્જી શકે, પણ ઇતિહાસ-લેખનમાં તે રસ ના લે. ઇતિહાસનું લેખન કરવા જાય ત્યાં સુધી તો ઇતિહાસનાં બીજાં બે-ત્રણ પાનાં લખાય એટલો ઇતિહાસ ના સર્જી લેવાય! વેપાર માટે પણ ગુજરાતીનો પરંપરાગત અભિગમ આવો જ. કઈ રીતે નફો રળવો, મૅનેજમૅન્ટ કઈ રીતે કરવું, બજારનાં પરિબળોનો કઈ રીતે અભ્યાસ કરવો, બ્રાન્ડ કઈ રીતે વિકસાવવી, કર્મચારીઓને કઈ રીતે પ્રેરણા આપવી, ગ્રાહકને કઈ રીતે વધુને વધુ સંતોષ આપવો. આ બધી વાતો પર ગઈકાલનો ગુજરાતી વેપારી કે ઉધોગપતિ ખાસ ધ્યાન નહોતો આપતો. કોઈપણ રીતે સફળતા અંકે કરવી તે જ તેનું નિશાન રહેતું. જોકે સમય બદલાયો અને પેઢીએ કંપનીનું રૂપ ધારણ કર્યું. સ્થાનિક સ્પર્ધાના સ્થાને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા આવી, બજારનાં રૂપ અને રૂખ બન્ને બદલાયાં, નવી નવી કંપનીઓએ બજારમાં પ્રવેશ કર્યો, ધંધો કરવાની રાહ અને તરાહ બદલાઈ, ગ્રાહક ઉપભોક્તા બનીને વધારે સજાગ અને સક્રિય બન્યો, લોકલ બજારના વાડા તૂટયા અને ગ્લોબલ માર્કેટની રચના થઈ, બ્રાન્ડની બોલબોલા વધી, સમાજ હંસિયામાં ગયો અને બજાર તેના પર છવાઈ ગયું, ટૅક્નૉલૉજીએ પણ વેપાર-ધંધા પર ભારે અસર કરી. આ બધા માહોલમાં બિઝનેશ કરનારા અને ઉધોગ ચલાવનારાને પણ સમયની સાથે ચાલ્યા વિના છુટકો જ નહીં.

ગુજરાતીએ આ પરિવર્તનને ઝડપથી સ્વીકારી લીધું છે. આમેય પરિવર્તનને ઝડપથી સ્વીકારવું એ ગુજરાતીનું સ્થાયી વર્તન છે, સદાકાળ પ્રકૃતિ છે. ગુજરાતીઓની આંખોમાં એવી ખાસ શક્તિ છે કે તેઓ પરિવર્તનોને દૂરથી જ જોઈ લે છે અને ખૂબ ઝડપથી સમયની માગ પ્રમાણે પોતાની જાતને અદલી-બદલી નાખે છે. ભાવેશ ઉપાધ્યાયનાં ત્રણ પુસ્તકોની શ્રેણીમાં એ પરિવર્તનોનાં પગલાં ઝીલાયાં છે.

* * *

ગુજરાતની ઘણી કોર્પોરેટ કંપનીઓમાં અને સંસ્થાઓમાં સફળ રીતે ચાવીરૂપ હોદ્દાઓ સંભાળનાર ભાવેશ ઉપાધ્યાયનાં નીચેનાં ત્રણ પુસ્તકો મૅનેજમૅન્ટ, એચ.આર, પી.આર, એમ વિધવિધ ક્ષેત્રના લાખો વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી થાય તે સ્તરનાં બન્યાં છે.

(1) Leadership મંત્ર ***(2) Management*** મંત્ર અને ***(3) Success*** મંત્ર

આ ત્રણ પુસ્તકોનાં કુલ ...... પ્રકરણોમાં ઉધોગ-વ્યવસાયીનાં મોટાભાગનાં પાસાંઓને લેખકે સ્પર્શી લીધાં છે. જ્યારે તેમના લેખો ‘દિવ્ય ભાસ્કર’માં નિયમિત પ્રકાશિત થતા હતા ત્યારે તેમને વાચકોનો અપ્રતિમ પ્રતિસાદ મળતો. તેમના એ લેખોએ ગુજરાતના અનેક યુવાનોને કારકિર્દી દિશા નક્કી કરવામાં મદદ કરી તો પોતાના ઉધોગમાં કોઈ સમસ્યામાં અટવાઈ ગયેલો વ્યક્તિને ઉકેલ - દિશા પણ બતાવી.

આ પુસ્તકો ગુજરાતમાં B.B.A. અને M.B.A. કરતા હજારો-લાખો વિદ્યાર્થીઓ માટે

પાઠ્યપુસ્તકની ગરજ સારે તેવી ગુણવત્તા ધરાવે છે. મારા મતે આ પુસ્તકની નીચે મુજબની વિશેષતાઓ છે :

(1) લેખકને વિવિધ કંપનીઓમાં ટોચ પરના હોદ્દા પર કામ કરવાનો બહોળો અનુભવ મળ્યો તેનો લાભ આ પુસ્તકને મળ્યો છે. તેમના વિચારો અને લખાણોમાં પ્રેક્ટીકલ અનુભવો તથા દૃષ્ટિકોણ ઉમેરાયો છે.

(2) લેખક સારા વાચક છે. પુસ્તકના પાને-પાને વાચકને તેમના બહોળા અન વૈવિધ્યપૂર્ણ વાચનની પ્રતીતિ થાય છે. પોતાની વાતને રજૂ કરવા માટે તેવો ખૂબ જ સુંદર અને ઉત્તમ ઉદાહરણો આપે છે.

(3) એક નાનકડી વાત વ્યક્તિને લીડર બનાવવાની પ્રેરણા આપવા પૂરતી હોય છે. ટાટા સન્સના ડાયરેક્ટર જમશેદ જે. ઈરાનીને તેમના પિતાએ કહ્યું હતું, “બેટા વિશ્વમાં 10 વ્યક્તિ જન્મે તેમાંથી નવ વ્યક્તિ દસમી વ્યક્તિ માટે કામ કરે છે, તારે એ દસમી વ્યક્તિ બનવાનું છે.”

લેખક આવાં અનેક અણમોલ ઉદાહરણો આપીને પોતાને જે વાત કરેલી છે તે વધારે અસરકારક રીતે કહે છે.

(4) લેખકની શૈલી અને રજૂઆત ખૂબ જ સાદાં અને આકર્ષક છે. મૅનેજમૅન્ટનાં થોથાં વાચકનો અઘરાં લાગતાં હોય છે. મૅનેજમૅન્ટના નિયમો, વ્યાખ્યાઓ અને સિદ્ધાંતોથી સરેરાશ વાચક તો શું, ખુદ વિદ્યાર્થીઓ પણ દૂર ભાગતા હોય છે. પાસ થવા ખાતર કે પછી ભણવા ખાતર ભણતા હોય છે. આ પુસ્તકમાં એવું કશું નથી. વિદ્યાર્થી તો શું કોઈ સરેરાશ વાચક પણ આ પુસ્તક હાથમાં લે તો તે પૂરું કરીને જ મૂકે તેવું છે.

(5) લેખક પોતે ઘણી સંસ્થાઓમાં આ વિષય ભણાવવા જાય છે. તેમની વ્યાખ્યતા તરીકેનો લાભ લેખકને થયો છે. વિદ્યાર્થીઓ અને આ ક્ષેત્રના વિવિધ કર્મચારીઓ - અધિકારીઓ સામેનો તેમનો જીવંત સંપર્ક આ પુસ્તકને સમૃદ્ધ બનાવવામાં ઉપયોગી થયો છે.

(6) મને આ પુસ્તકની સૌથી મોટી એક વિશેષતા એ લાગી કે એ આપણા લોકોને, આપણા ઉદ્યોગને, આપણા મૅનેજમૅન્ટને, આપણા પ્રશ્નો અને પરિસ્થિતિને આપણી રીતે રજૂ કરે છે. લેખકે વિશ્વના અનેક દેશોના ઉદ્યોગપતિઓ કે આ ક્ષેત્રના નિષ્ણાતોના અવતરણો, અનુભવો અને ઉદાહરણો જરૂર આપ્યા છે, પણ લેખનનો સંદર્ભ તો આપણો રાખ્યો છે. ઘણા ઓછા લેખકો આ કસોટીમાંથી પાર પડતા હોય છે. તેમણે યાદી મૅનેજમૅન્ટની રાખી છે. અને પરિયાદી આપણી સાચવી છે. હું લેખકને તે માટે વિશેષ અભિનંદન આપું છું.

(7) ગુજરાતી ભાષામાં મૅનેજમૅન્ટ, માર્કેટિંગ, એચઆર કે પીઆરનાં અત્યાર સુધી પ્રકાશિત થયેલાં પુસ્તકોનાં આ ત્રણ પુસ્તકો અનેક રીતે નોખાં-અનોખાં છે. આ ક્ષેત્રમાં ગળાડૂબ રહેનારી, સતત નવા પ્રવાહોને જાણી-પ્રજાણીને તેનો અમલ કરનારી તથા નિસબતપૂર્વક બીજા કન્સર્ન તેનું આલેખન કરનારી વ્યક્તિએ તેનું લેખન કર્યું છે. લેખકની માધ્યમો સાથેની, આ ક્ષેત્રના વિવિધ નિષ્ણાતો સાથેની સક્રિયતા છે તેનો લાભ આ પુસ્તકોને મળ્યો છે.

(8) આ ત્રણેય ગ્રંથના નામ પુસ્તકોની સામગ્રીને સંપૂર્ણ રીતે વ્યક્ત કરે છે. આમેય આર. આર. શેઠના યુવાવાચક ચિંતન શેઠની પુસ્તકોના નામ આપવામાં માસ્ટરી છે.

આજના જમાનાના નવા વિષયને આધુનિક ઢબે અને પારંગત રીતે રજૂ કરતા આ ત્રણેય ગ્રંથોને આપણે આવકાર આપીને અને આશા રાખીએ કે ઉદ્યોગ સાહસિકોને જન્મ આપવા જાણીતા ગુજરાતની પેઢીને જરૂરી મૅનેજરો, લીડરો, સીઈઓ તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ તૈયાર કરવામાં આ પુસ્તકો પ્રેરણા આપે અને નિમિત પણ બને.

– રમેશ તન્ના
દિવ્ય ભાસ્કર

1

સફળતાની નવી દિશા અપનાવો

દ રેક નવી વિચારસરણી શરૂઆત સૌના સમાવેશથી થાય છે. જ્યારે આપણે વસ્તુઓને બધા જ દૃષ્ટિકોણથી જોઈએ છીએ ત્યારે મનમાં નવી નવી કલ્પના ઊપજે છે. સમાવેશ એટલે એવી વ્યક્તિઓ પ્રત્યે લાગણી જેમને આપણે ઘણી વાર ધિક્કારીએ છીએ. જ્યારે આપણે તેમના પ્રત્યેનો આદર બદલીએ છીએ, સામાન્ય રીતે નવીન કાર્ય થકી હોય છે. નિસાનનું ઉદાહરણ લઈએ તો નિસાન યુરોપિયન માર્કેટ માટે કાર ડિઝાઇન કરવા ઇચ્છતી હતી. કંપનીએ ઑટો ડિઝાઇનર્સના પ્રતિનિધિને યુરોપ મોકલ્યો અને તેણે અલગ કાર ભાડે રાખી યુરોપમાં મોટરીસ્ટના અનુભવ માટે સમગ્ર યુરોપમાં હજારો કિલોમિટર્સ હંકારી.

તેઓએ ફ્રાન્સના એલ્પ્સ, સમગ્ર ઇટાલી, જર્મન ઑટોબાન એમ એકબીજાથી અલગ પ્રકારના વિસ્તારમાં મોટરિં ગનો અનુભવ મેળવ્યો. ત્યારબાદ તેઓએ પાછા આવી એક કાર ડિઝાઇન કરી તે જે યુરોપિયન માર્કેટ માટે યોગ્ય હતી. આથી નવી વિચારસરણી એટલે અંતિમ વપરાશકર્તાની જરૂરિયાત સમજવી.

નવી વિચારસરણી જોખમો સાથે પણ સંકળાયેલી છે. જો બાળક સૌથી વધુ પગારવાળા ક્ષેત્રો ઇજનેરી અને તબીબનો અભ્યાસ ના કરે, પિતરાઈ અને પડોશીઓથી આગળ ના હોય તો આપણે તબાહ થઈ જઈશું. જો એ જ બાળકના વિચારને જ આગળ વધારવા પરવાનગી અપાય તો તે સર્જનહાર બને તેવી શક્યતા વધુ છે, જોકે આ બાબત જોખમ ઉઠાવવાની છે. સ્ટિવ જૉબ્સ કહે છે તેમ આપણે બાળકને અખતરા નથી કરવા દેતા, રસ ધરાવતા વિષયમાં સફળતા પામે તે પહેલા હારવા નથી દેતા. તેઓ વર્ણવતા હતા કે ભારતમાં એક હારેલા સાહસીને બીજી વખત આર્થિક સહાય કરવામાં નથી આવતી જ્યારે સિલિકોન વેલીમાં તે વ્યક્તિનું વધારે મૂલ્ય હોય છે.

હરીશ હાંડેનું ઉદાહરણ લઈએ તો, હરીશ હાંડે નામના એક યુવાન વ્યક્તિએ યુએસએના બૉસ્ટન ખાતેના વિશ્વવિધાલયમાં ડૉક્ટરેટના અભ્યાસ દરમિયાન જ નવી વિચારસરણીના મહત્ત્વનો અહેસાસ કર્યો હતો. તેમને ડોમિનિકલ રિપબ્લિકની મુલાકાત લેવાની તક મળી હતી, જ્યાં પ્રથમ વખત તેમણે ગરીબી અને અંધકાર વચ્ચે સંબંધ જોયો. તેમનું હૃદય દ્રવી ઊઠ્યું અને તેમણે આખું જીવન ગરીબ વ્યક્તિઓ માટે પોસાય તેવી ઊર્જા ઉત્પન્ન કરવાનું નક્કી કર્યું. ત્યારબાદનો સમય તેમણે શ્રીલંકાના ગામમાં તેમની જરૂરિયાત અને પડકારોને સમજવા માટે વિતાવ્યો. એ ગામ એવું હતું કે જ્યાં કોઈપણ અંગ્રેજીનો જાણકાર ન હતો. તેમણે શહેરવાસીઓના દૃષ્ટિકોણથી નહીં પરંતુ ગ્રામીણક્ષેત્રોને અનુલક્ષી સૂર્ય ઊર્જાનાં ઉપકરણો વિકસાવ્યાં.

શ્રીલંકાનાં ગામોમાં સ્થાનિક વ્યક્તિઓએ શ્રી હરીશને જણાવ્યું કે ગરમી કે પ્રકાશનો અભાવ અમારી સમસ્યા નથી, પણ હાથીના ઝૂંડને દૂર રાખવા કે જેઓ રાત્રે ઝૂંડમાં આવે છે અને પાકનો અને ઝૂંપડાંનો વિનાશ કરે છે અને ઘણી વાર લોકોને મારી નાંખે છે. હરીશે જીવ અને સંપત્તિ બચાવવા માટે સૂર્યઊર્જાથી સંચાલિત વાડ બનાવી. છેવટે તેઓ ભારતમાં SELCO સ્થાપિત કરવા આવ્યાં. 4 લાખ ડૉલરનું આ સાહસનું ધ્યેય છે કે જે સતત સંશોધનો

થકી વીજળીના અનોખા ઉપયોગ શોધી ગામ અને શહેરના ગરીબોની પરિસ્થિતિમાં નોંધપાત્ર સુધારો કરવો.

હરીશ દુનિયામાં કોઈપણ સ્થળે સારા પગારધોરણવાળી લાભદાયી નોકરી કરી શક્યા હોત. છતાં પણ શરૂઆતમાં પડેલી મુશ્કેલીઓ અવગણી અડગ દૃઢતા સાથે તેમણે ઇકોનોમિક પિરામિડના પાયે જે વ્યક્તિઓ છે તેમને આર્થિક રીતે પોસાય તેવા સામાજિક સાહસનું નિર્માણ કર્યું.

સ્ટિવ જૉબ્સથી લઈને હરીશ હાંડે સુધી, નફો કરતી કંપનીઓ હોય કે કંપની સમાજના કલ્યાણ માટે હોય પરંતુ સૌમાં એક બાબત સામાન્ય છે – આ સૌ વ્યક્તિઓ ‘પંથ કંડારનારા' છે. જો પંથ જાણીતો હોય તો આપણે સરળતાથી ડગલા માંડી શકીએ છીએ, પરંતુ ઘણા ઓછા એવા હોય છે કે જે નવો પંથ બનાવે છે. આવા ઇરાદાથી સાહસવીરો બનેલા હોય છે ને તમારે પણ ‘અલગ પંથ કંડારવા અલગ વિચારસરણી અપનાવવાનો’ ઇરાદો રાખવો જોઈએ.

*

મેં જીવનમાં ખૂબ ઓછી વસ્તુઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે,

તે જ મારી સફળતાનું સાચું રહસ્ય છે.
બિલ ગેટ્સ
[`માઇક્રોસૉફ્ટ'ના સ્થાપક]

હું એકસામટાં સાત પગથિયાં ચડવામાં નથી માનતો...
એક-એક પગથિયું ધીરે ધીરે શાં...તિથી ચડું છું.
વૉરન બફેટ
[શૅરબજાર ગુરુ]

2

ઈશ્વરની માનવીને અણમોલ ભેટ સ્મિત

અ રેબિયાના સુલાતાન પોતાના ખાસ વિશ્વાસુ મુલ્લા નસીરુદ્દીન સાથે સલ્તનતના એક પ્રાંતની મુલાકાતે ગયા. વાતવાતમાં સુલતાને નસીરુદ્દીનને પૂછ્યું કે, ``આ પ્રાંતમાં મને કોઈ ઓળખતું હશે?" મુલ્લાએ જવાબ આપ્યો કે ``એમાં શું? આપણે આપણા રસાલાને નગરની બહાર છોડી દઈએ અને સાદા વેશે નગરમાં ફરીએ... જોઈએ કે રૈયત આપણને ઓળખે છે?"

સુલતાનને મુલ્લાની વાત ગમી. બન્ને સાદા વેશે નગરમાં પ્રવેશ્યા. નગરની અંદર લટાર મારતી વખતે મોટા ભાગના લોકો મુલ્લાને સ્મિત આપતા હતા. જાણે કે મુલ્લાને ઓળખતા હોય. બીજી તરફ સુલતાનને કોઈ સ્મિત આપતું ન હતું.

સુલતાને કહ્યું કે, ``આ બધા તમારી સામે કેમ સ્મિત કરે છે? અને મારી સામે તો કોઈ જોતું પણ નથી. અરેબિયાના લોકો સુલતાન કરતાં મુલ્લાને વધારે ઓળખે છે?"

મુલ્લાએ રાઝ ઉપરથી પડદો ઉઠાવવા કહ્યું કે, ``જહાંપનાહ, અમે એકબીજાને ઓળખતા નથી." સુલતાને અકળાતા કહ્યું ``તો પછી બધા તમારી સામે જોઈને સ્મિત કેમ વેરે છે?"

મુલ્લાએ તરત જ જવાબ આપ્યો કે, `'જહાંપનાહ, આપ શાંત થઈ જાવ. આ લોકો મને ઓળખતા નથી, પણ આપણા માર્ગમાં આવતા તમામ લોકોને હું સ્મિત આપું છું એટલે તેઓ તેના પ્રતિભાવરૂપે મને સ્મિત આપે છે."

આ વાત ઉપરથી એટલું ચોક્કસ કે મનની પ્રસન્નતા માણસના ચહેરા પર છલકાયા વગર રહેતી નથી. આ માટે મોરારિ બાપુ કહે છે કે `નંદવાય નહીં તે પ્રસન્નતાનું નામ આનંદ!' પ્રસન્નતા ક્યારેય જન્મ લેતી નથી, એ તો સદા હાજર જ હોય છે.

બાપુના વિધાન પરથી એટલું સ્પષ્ટ છે કે માનવીનું હૃદય પ્રસન્ન હોય અને તે આનંદમાં હોય તો સ્મિત તો આપમેળે વેરાઈ જાય છે. જ્યારે તમે સામેની વ્યક્તિને સ્મિત આપો છો તો સમજવાનું કે તમે તેને દુનિયાની અણમોલ વસ્તુની ભેટ આપી રહ્યા છો. આમાં થોડી સ્પષ્ટતા કરી દઉં કે માણસ હસે છતાં રૂડો ન લાગે તો એનો ભરોસો નહીં કરવો.

વ્યક્તિનું સ્મિત તેનો આત્મવિશ્વાસ, પ્રસન્નતા તથા હૃદયની સુંદરતા બતાવે છે. તેનું પ્રતિબિંબ પાડે છે. સ્મિત તમને પ્રેમની અનુભૂતિ કરાવે છે. તમને સ્મિતથી મૈત્રીપૂર્ણ સંકેત પ્રાપ્ત થાય છે. સ્મિત નવી આશા જન્માવે છે તેમજ આત્મીયતા દર્શાવે છે.

હંમેશાં હસતો ચહેરો અને સ્મિત વેરતા લોકોને હકારાત્મક પર્સનાલિટી તરીકે ઓળખવામાં આવે છે. આવા વ્યક્તિત્વને લોકો હંમેશાં આવકરાતા હોય છે. તેમનો આદર કરતા હોય છે એટલું જ નહીં, સ્મિત વેરતા વ્યક્તિત્વની સ્વીકૃતિની સાથે સાથે તેની તરફેણમાં અભિપ્રાયની માત્રા વિશેષ હોય છે.

એક અભ્યાસ અનુસાર લોકો હંમેશાં સ્મિત આપતા અને ખુશમિજાજ માણસોને વધારે પસંદ કરે છે. તેમને કોઈપણ પ્રકારની મદદ કરવા માટે તૈયારી પણ બતાવે છે.

સારો લીડર એને કહેવાય કે તે હંમેશાં પોતાના સાથીઓ સાથે સસ્મિત ચહેરે વાત કરે, તેમને આવકારે. આવા લીડર પોતાના સાથીઓ તથા સહકર્મીઓને વધુ આત્મવિશ્વાસ તથા હકારાત્મક પ્રેરણા આપતો હોય છે. સામેની બાજુએ ટીમમાં સભ્યો પણ ખુશમિજાજ તથા

આત્મવિશ્વાસ ધરાવતા બૉસને વધુ પસંદ કરે છે. આનાથી અત્યંત વિપરીત ગંભીર મુખમુદ્રા ધરાવતા લીડર અથવા બૉસની આજુબાજુ ફરકવાનું નામ પણ સાથીઓ કે સહકર્મીઓ લેતા નથી.

વિશ્વમાં શાંતિના કરારો બે નેતાઓના સસ્મિત ચહેરે જ સંપન્ન થતા હોય છે. મધર ટેરેસાના મતે 'સ્મિત પ્રેમનું અનોખું નજરાણું છે.' સ્મિત એક નવી દુનિયા બનાવી શકે છે. નવી વિચારધારા ઊભી કરી શકે છે.

ચાલો, આજથી આપણે સાથે મળીને સ્મિતને દુનિયા સમક્ષ વહેંચવાની કામ કરીએ.



વહાણ ડૂબતું હોય ત્યારે તેમાંથી કૂદી પડનારાઓનો તોટો નથી
હોતો, પરંતુ જે ટકીને વહાણને બચાવી લે છે તે ખરા મરજીવા સાબિત થાય છે.
કાર્લોસ સ્લીમ હેલુ
[કમ્યુનિકેશન બિઝનેસમૅન]

ચોખ્ખા હૃદયથી તથા નીતિથી ધંધો કરનારને સફળતા મળે જ છે.
ઈંગ્વાર કેમ્પ્રાડ
[`આઇકિયા' ફર્નિચર બ્રાન્ડના સ્થાપક]

3

સફળતા ટકાવી રાખવાની ઉત્તમ ચાવીઃ સાદગી

તાજેતરમાં ડેમોક્રેટિક પાર્ટીના ડેલિગેટ્સનું રાષ્ટ્રીય સંમેલન અમેરિકામાં યોજાયું હતું. આ રાષ્ટ્રીય સંમેલનમાં અમેરિકાના પ્રૅસિડેન્ટ બરાક ઓબામાનાં પત્ની મિશેલ ઓબામાને તેમના પતિની રોજિંદી જીવનશૈલી વિષે પૂછવામાં આવ્યું . મિશેલે તમામ ડેલિગેટ્સને સંબોધતાં કહ્યું કે, ``મારા પતિ ચાર વર્ષ સુધી અમેરિકાના પ્રૅસિડેન્ટ રહ્યા, પરંતુ પ્રમુખ બનવાને કારણે બરાક ઓબામાના વ્યક્તિત્વમાં કોઈ જ ફરક પડ્યો નથી. 23 વર્ષ પહેલાં મારા હસબન્ડ જેવા હતા તેવા જ આજેય છે. વ્હાઇટ હાઉસમાં રહેવા ગયા પછી પણ તેમનામાં કોઈ પરિવર્તન આવ્યું નથી. હું પ્રમાણિકપણે કહું છું કે તેમની સાદગી પહેલા કરતાં પણ વિશેષ વધી છે. તેઓ વર્ષો પહેલાં મને ડેટ પર લઈ જવા માટે કાર લઈને આવતા હતા અને એ વખતે જેવા હતા તેવા જ આજે પણ છે.

કહેવાનું તાત્પર્ય એ જ છે કે વ્યક્તિ ટોચના હોદ્દા પર પહોંચી ગયા પછી જો સાદગી ટકાવી રાખશે તો સફળતા અને લોકપ્રિયતા લાંબો સમય સુધી ટકી શકશે. એટલે જ આજે બરાક ઓબામા વધુ લોકપ્રિય છે અને સત્તાસ્થાને પુનઃ આવશે તેવો નિષ્ણાતો મત ધરાવે છે.

વિશ્વમાં સૌથી લોકપ્રિય અને મહાત્મા 'શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી' એ સાદગીનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેમની લોકપ્રિયતા અને સફળતામાં મુખ્ય ફાળો તેમની સાદગીને આભારી હતો. તેમની સીધી અને સરળ જીવનશૈલીએ માત્ર ભારતીયોનાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વનાં દિલ જીત્યાં હતાં. તેમણે 'સાદગી'ના શસ્ત્ર વડે બ્રિટિશ સલ્તનતને હંફાવી ભારતને આઝાદી અપાવી હતી.

સાદગી એ સારા આરોગ્યની નિશાની છે. વ્યક્તિની બહારની સાદગી કરતાં મનની સાદગી તેના વ્યક્તિત્વને વધુ નિખારે છે. દુનિયા આડંબરી વ્યક્તિઓને નફરત કરે છે, જ્યારે સાદાઈથી રહેનારાઓને આદર આપે છે.

વ્યક્તિ રાજકારણી હોય કે ઉધોગપતિ તેમની સાદગી જ તેમને સફળ બનાવવામાં અને સફળતા ટકાવી રાખવામાં સિંહફાળો આપે છે. ઘણા રાહબરી નેતાઓને પ્રજા ચૂંટણીમાં પરચો બતાવે છે. ઘણા ઉધોગપતિઓ તેમની સાદગીના કારણે તેમની સંસ્થામાં તથા સમાજમાં આદરભર્યુ સ્થાન ધરાવે છે. રિલાયન્સના મુકેશ અંબાણીનું ઉદાહરણ આમાં શ્રેષ્ઠ છે. તેમની સાદગીપૂર્ણ જીવનશૈલી, લોકો જોડે તેમનો નમ્ર વ્યવહાર અને ઉમદા વ્યક્તિત્વના લીધે તેઓ આજે ભારતના નામાંકિત ઉધોગપતિઓની હરોળમાં નંબર-1નું સ્થાન ધરાવે છે.

આપણા ગુજરાતમાં ઘણા ઉધોગપતિઓ સાદગીના સિદ્ધાંતને અનુસરીને સફળ બન્યા છે. ઝાયડ્સ કેડિલાના પંકજ પટેલ, અદાણીના ગૌતમ અદાણી અને કેડિલાના ઇન્દ્રવદન મોદી આનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે. ફિલ્મજગતમાં અમિતાભ બચ્ચન સાદગીના સિદ્ધાંતનું એક આગવું ઉદાહરણ છે.

વ્યક્તિ સફળતાના કોઈપણ શિખરે પહોંચ્યો હોય પરંતુ તેમનો વ્યવહાર જો સાદગીભર્યો ન હોય તો તે આજે નહીં તો કાલે શિખરની ટોચ પરથી ગબડશે જ. સફળતા ટકાવી રાખવા માટે નીચે મુજબના સાદગીના સિદ્ધાંતો હંમેશાં અનુસરવા જોઈએ.

• જીવન સાદગીપૂર્ણ હોવું જોઈએ.

- આપણો વ્યવહાર હંમેશાં નમ્રતાપૂર્ણ અને આદરભાવ ધરાવતો હોવો જોઈએ.
- જો આપણે હંમેશાં એવું ઇચ્છીએ કે લોકો આપણને માન આપે તો પહેલાં આપણે લોકોને માન આપવું પડશે.
- લોકો આપણને સમજે તેવો આગ્રહ રાખતા પહેલાં આપણે લોકોને પહેલા સમજવા પડે જ.
- બાહ્ય સાદગી નહીં પરંતુ મનની અંદરની સાદગીનો અનુભવ આપણે લોકોને કરાવવો જોઈએ.
- સફળતાથી છકી ન જવું, નમ્ર અને માનવતાભર્યો વ્યવહાર રાખવો. જે સફળતા ટકાવી રાખવાનું ઉત્તમ ટૉનિક બની રહેશે.



આકરી મહેનતનો કોઈ પર્યાય નથી. આજકાલ તો વળી બધાં જ મહેનત કરે છે તેથી તમારે તો બધાં કરતાં વધુ કમર કસવી પડશે.

લક્ષ્મી મિત્તલ

[સ્ટીલ ઉદ્યોગના બેતાજ બાદશાહ]

મારે માટે બિઝનેસ અને બસ સરખાં છે. તમે ખૂણામાં ઊભા છો, બસ આવે, તમારે ચડવું હોય તો ચડો, નહીં તો બીજી બસની રાહ જુઓ.

શેલ્ડન ઍડેલ્સન

[વેનેશીઅન કેસીનો રિસોર્ટ]

4

જિંદગી જીવવાની કળા

આ જના સ્પર્ધાત્મક યુગમાં ઉધોગપતિ, કર્મચારી કે સ્ટુડન્ટ સતત તનાવભરી સ્થિતિમાં જ જીવે છે. ઉધોગપતિને ટર્નઓવર અને પ્રૉફિટનો આંકડો સર કરવો છે. કૉર્પોરેટ એક્ઝીક્યુટિવ્ઝને ટાર્ગેટને પૂરા કરવા છે અને સ્ટુડન્ટને સારામાં સારી ટકાવરી લાવવી છે. ગૃહિણીઓને પતિ અને બાળકોની મહત્ત્વાકાંક્ષાઓ માટે મહેનત કરવી પડે છે. એવા સમયે એક સવાલ થાય કે શું માનવીનું ધ્યેય નફા, પૈસા, હોદ્દો, સારી ટકાવારી જેવી મહત્ત્વાકાંક્ષાઓને હાંસલ કરવાનું છે? અહીં એક નાનકડો પ્રસંગ ટાંકું છું.

એક જાણીતા સંતને મળવા એક અત્યંત પરેશાન માણસ આવ્યો. સંતે આવવાનું કારણ પૂછ્યું. એ માનવીએ કહ્યું કે, ``હે સાધુ મહારાજ, હું ખૂબ જ મુશ્કેલી ભરી જિંદગી જીવી રહ્યો છું. હું અથાગ મહેનત કરું છું, દિવસના 18 કલાક કામ કરું છું, મારા સાથીઓથી આગળ રહેવા 24 કલાક મારા કામના વિચારોમાં રચ્યોપચ્યો રહું છું. પરંતુ આજે પણ મારા સાથીઓ મારાથી એક કદમ આગળ છે, મારી મહત્ત્વાકાંક્ષાને હું આંબી શકતો નથી. મારા કુટુંબને ટાઇમ ન આપી શકવાથી મારી પત્ની અને બાળકો મારાથી નારાજ રહે છે. મને સફળ અને આનંદમય જીવન જીવવાનો માર્ગ ચીંધો.

સાધુએ શાંતિથી તેની વાત સાંભળી અને કહ્યું કે બીજા દિવસે સવારે નદીના કિનારે મળવું. બીજા દિવસે માનવી વહેલી સવારે નદીના કિનારે પહોંચ્યો. ત્યારે સાધુ મહારાજ ત્યાં હાજર હતા. સાધુ તેમને પાણીની અંદર લઇ ગયા અને માનવીને પાણીની અંદર તેનું મસ્તક ડુબાડવાનું કહ્યું. કંઈક આશ્ચર્ય વચ્ચે પણ એ માનવીએ તેમ કર્યું.

જેવો તે માનવીએ તેનું મસ્તક પાણીમાં ડુબાડ્યું કે તરત જ સાધુએ તેના મસ્તકને ગળામાંથી પકડી પાણીમાં જોરથી ડુબાડી રાખ્યું. માણસ તરફડિયા મારવા લાગ્યો. શ્વાસ લેવામાં ભારે તકલીફ થઈ ગઈ. જ્યારે માણસ એકદમ મરણિયો થઈ ગયો અને તે બેભાન થઈ જશે તેવું સાધુને લાગ્યું ત્યારે જ તે માણસના મસ્તકને પાણીની બહાર કાઢ્યું.. માણસ ખૂબ જ ગુસ્સે થયો અને સાધુને ગાળો બોલવા લાગ્યો.

પરંતુ સાધુએ ખૂબ જ નમ્ર સ્વરૂપે પૂછ્યું કે, ``પાણીની અંદર તેં શું અનુભવ્યું?" માણસે કહ્યું ``બસ, કેવી રીતે મારો જીવ બચાવવો એ જ હું વિચારતો હતો." ત્યારે સાધુએ પ્રસન્ન સ્તરે કહ્યું ``હે માનવી, ભગવાને જ્યારે તને આટલું સારું સ્વરૂપ આપ્યું છે, ત્યારે ફક્ત એક વસ્તુ મહત્ત્વની છે કે તારો મૃત્યુ સમય તારા હાથમાં નથી. તો શા માટે આટલી બધી મહત્ત્વકાંક્ષા અને જીવનને તનાવથી જીવી રહ્યો છે.

તુરંત જ માનવીને સાચું માર્ગદર્શન મળ્યું અને તે દિવસથી એ જિંદગીને સાચા આનંદથી જીવવા લાગ્યો.

કહેવાનું એટલું જ છે કે, ભગવાને આપણા સૌની એક જ વખતની જિંદગી બક્ષી છે, ત્યારે આપણે સૌએ ભરપૂર આનંદથી જિંદગીને માણવી જોઈએ. નાના મોટા પ્રશ્નોના તનાવને બાજુએ રાખી જિંદગીને શ્રેષ્ઠ રીતે જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ. કેટલાક મુદ્દા નીચે રજૂ કરું છું.

• કામના બોજને ઑફિસના સમય પૂરતું મર્યાદિત રાખો. કાર્યના બોજને ઘરે લઈ જવાની જરૂર

નથી. ઑફિસના ટાઇમ પછીનો સમય તમારા કુટુંબ અને મિત્રો માટે છે. તેનો તેમના માટે જ સદ્ઉપયોગ કરો.

- એજ રીતે ઘરના તનાવને ઑફિસે લઈ જવાની જરૂર નથી. ઑફિસના સમયે 100 ટકા ઑફિસના કામમાં જ ફાળો અને બહેતરીન દેખાવ કરવાનો પ્રયત્ન કરો. તમે આગળ વધશો જ.
- તમે વિદ્યાર્થી હોવ કે ગૃહિણી, વગર જોઈતો તનાવ રાખવાની જરૂર નથી. જે કંઈક કરો તે ખૂબ જ પ્રસન્નચિત્તે કરો. તમને સફળતા મળશે જ. ઓછા માર્ક્સથી બહુ ફરક પડતો નથી. તમારી પોતાની હોંશિયારી અને ધગશ જ તમને નવી દિશા અપનાવશે.
- એ ન ભૂલો કે તમારી જિંદગી ખૂબજ ટૂંકા ગાળાની છે. તમે અમર નથી. જેથી એવું કંઈક કરો કે જેથી સમાજ, મિત્રો તમને યાદ રાખે.
- તનાવ અને વધુ પડતી મહત્ત્વકાંક્ષા તમારી જિંદગીને બરબાદ કરે છે. મહત્ત્વકાંક્ષા રાખો, પરંતુ આનંદિત થઈને કામ કરો. તમારા ચહેરાની પ્રસન્નતા જ તમને તમારા ધ્યેય સુધી પહોંચાડી શકશે.
- સરળ દિલના રહો અને લોકોને માન આપો. અજમાવી જુઓ. થોડા જ સમયમાં લોકો તમને અલગ માનભરી દૃષ્ટિથી જોશે. ભગવાને એક જ જિંદગી આપી છે. તેને ભરપૂર આનંદથી માણો.



ગ્રાહક તરફથી વફાદારીથી શાખ બંધાય છે
તથા સારી શાખ એ સફળતાની ગુરુચાવી છે.
લી કા શિંગ
[હચિંનસન વ્હામપો કંપની]

મંદીનો સમય રોકાણ માટેની શ્રેષ્ઠ તક પૂરી પાડે છે.
બે વર્ષ પહેલાં હતું તે કરતાં બજાર આજે ઘણું વધારે આકર્ષક છે.
ડૅવિડ થોમ્પસન
[થોમ્પસન કૉર્પોરેશન]

વધુમાં વધુ વિકાસ અને શ્રેષ્ઠ ક્વૉલિટી
આ બે બાબતે એકી સાથે શક્ય જ નથી, સુસંગત જ નથી.
લૅરી ઍલિસન
[`ઑરેકલ'ના સ્થાપક, સી.ઈ.ઓ.]

5

કર્મ કરો, ફળ આપોઆપ મળશે

દરેક મનુષ્ય નાના હોય કે મોટો હોય, તેના વિકાસમાં નેતૃત્વના કૌશલ્યનું અનેરું મહત્ત્વ હોય છે. માણસ કોઈપણ કક્ષાનું કામ કરતો હોય કે કોઈપણ નાના મોટા હોદ્દાવાળી જવાબદારી અદા કરતો હોય, જો તે શ્રેષ્ઠ નેતૃત્વ કૌશલ્ય સાથે કાર્ય કરશે તો પરિણામ બહેતર જ મળશે. તેમાં શંકાને કોઈ સ્થાન નથી. શ્રેષ્ઠ નેતૃત્વના ગુણો કર્મચારીમાં શ્રેષ્ઠતા બક્ષે છે અને સંસ્થાના વિકાસમાં ઉત્તમ સહાયરૂપ પુરવાર થાય છે. આ વાત ઉદાહરણથી સમજીએ.

એક વાર યુરોપમાં મેં વિશ્વવિખ્યાત મૉલ 'વોલમાર્ટ'ની મુલાકાત લીધી હતી. મૉલની અંદર જવાના માર્ગે જ વર્ષના શ્રેષ્ઠ લીડરશિપ ઍવૉર્ડ મેળવનાર કર્મચારીનો ફોટો હતો. મારા આશ્ચર્ય વચ્ચે વર્ષનો આ બહેતર ઍવૉર્ડ મેળવનાર કર્મચારી એક હાઉસકીપર હતી. જિજ્ઞાસાવૃત્તિ સાથે મેં મૉલના મૅનેજર પાસેથી આ વ્યક્તિ વિશે વધુ જાણવા પ્રયત્ન કર્યો. મૅનેજરના કહેવા પ્રમાણે મહિલા સફાઈ કામદારને વર્ષનો સૌથી પ્રતિષ્ઠિત ઍવૉર્ડ આપવાનાં કારણો એ હતાં કે...

– મહિલા હાઉસકીપરના મતે તે જે કાર્ય કરતી હતી તેમાં તેને અતિશય આનંદ અને ગર્વની લાગણીનો અનુભવ થતો હતો.

– મહિલા કર્મચારીએ જણાવ્યું કે કોઈપણ કાર્ય નાનુંમોટું હોતું નથી, ફક્ત જરૂર છે કે તેમાં ઓતપ્રોત થઈને કાર્યમાં શ્રેષ્ઠતા લાવવાની.

– તેણે એ પણ જણાવ્યું કે મારું કામ સાફ-સફાઈનું છે, પરંતુ હું ચોક્કસપણે માનું છું કે આ કાર્ય એકદમ મહત્ત્વનું છે. શ્રેષ્ઠતમ સફાઈ રાખવાથી તમારા ગ્રાહકો વધુ સંતોષ અનુભવશે.

– તે જે કંઈ કાર્ય કરતી હતી તેમાં તે ગર્વની લાગણી અનુભવતી હતી. એટલું જ નહીં, પરંતુ સહકર્મચારીઓને પણ ઉત્તમ કામગીરી કરવા પ્રોત્સાહિત કરતી રહેતી હતી.

– તેણે સાફસફાઈ માટેનાં પોતાનાં માપદંડ અને ધારાધોરણો જાતે નક્કી કર્યા હતા, જે તેને આપવામાં આવેલા 'મેન્યુઅલ' કરતાં એક કદમ આગળ હતાં.

મિત્રો, આ ખરેખર અદ્ભુત પ્રસંગ હતો. મૅનેજરે એ પણ જણાવ્યું કે ઍવૉર્ડની રકમ લગભગ 50,000 પાઉન્ડ જેટલી હતી.

કહેવાનું તાત્પર્ય એટલું જ કે તમે કોઈપણ હોદ્દો ધરાવતા હોવ કે કંઈ પણ કાર્ય કરતાં હોવ, પરંતુ જો તમે 'સેલ્ફ મોટિવેટ' થઈ જાતે જ પોતાનાં પ્રેરણાસ્રોત બનશો તો સફળતા તમારા કદમોમાં હશે, એટલું જ નહીં પરંતુ તમે તમારી સંસ્થાના વિકાસમાં યોગદાન આપશો તથા બીજા કર્મચારીઓને પણ પ્રોત્સાહિત કરી શકશો.

ફક્ત આટલું કરો :

- તમારા પ્રેરણાસ્રોત તમે જ બનો.
- કોઈ તમે પ્રોત્સાહિત કરશે તેની પ્રતીક્ષામાં સમય વિતાવવા કરતાં સ્વયં જ પ્રોત્સાહિત બનો અને બીજાઓને પ્રોત્સાહિત કરતા રહો.
- હંમેશાં એવું વિચારો કે તમે જે કાર્ય કરી રહ્યા છો, તે ખૂબ જ મહત્ત્વનું છે અને તે કાર્યની સ્વયં તમારા અને તમારી સંસ્થાના વિકાસમાં અનોખું યોગદાન આપી રહ્યા છો.

- તમે એવું વિચારો કે તમે સારા લીડર છો અને તમારું મુખ્ય કાર્ય જાતને પ્રોત્સાહિત કરવાનું છે અને તમારા સાથીઓને પણ પ્રોત્સાહિત કરવાનું છે.
- દરેક વ્યવસાયિક વ્યક્તિ પોતાનું કાર્ય આ સફાઈ કામદારની જેમ જ કરો તો તેને સફળતા મળે જ એમાં શંકા નથી.



સમાજ પ્રત્યેની મારી જવાબદારી હું સમજું છું
તેથી જ મારા પૈસા બૅન્કમાં મૂકીને સડવા દેવા કરતાં
સમાજોપયોગી કાર્યોમાં વાપરવા ઇચ્છું છું.
પ્રિન્સ અલવાલિદ
[ઉધોગપતિ તથા જાણીતા ઇન્વેસ્ટર]

કોઈપણ ઉત્પાદનને બજારભાવે વેચવાની કંપનીની ક્ષમતા હોવી જોઈએ.
બજારની રૂખ સમજવી અનિવાર્ય છે.
મુકેશ અંબાણી
[રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ]

6

સાચી દિશા શોધો

કેરિયરમાં સફળતા મેળવવા માટે પ્રયત્ન અનિવાર્ય છે. બશર્તે એ પ્રયાસોની દિશા સાચી હોય. વ્યવસાયિક ક્ષેત્રે ઉચિત માર્ગે મહેનત કરવાથી ચોક્કસ સક્સેલફુલ થઈ શકાય છે. તેના માટે યોગ્ય સમયે યોગ્ય ભણતર સાથે ગણતર મેળવવું પણ અગત્યનું છે. અનુભવે પણ માણસ કેળવાય છે એ વાતમાં પણ કોઈ શંકાને સ્થાન નથી.

આપણો હુન્નર અને સક્ષમતાઓને પિછાણીને ભવિષ્ય ઘડવાની કોશિશ કરવાથી માણસ નિશ્ચિતપણે સફળ બને છે. એડિસને ગ્રામોફોન અને બલ્બની શોધ કરી હતી. એડિસનને જ્યારે પૂછવામાં આવ્યું કે બલ્બની શોધ પાછળ એણે કેટલી વખત અને કેવા પ્રયત્નો કર્યા હતા તો એડિસને કહ્યું હતું કે હું એટલું જ કહીશ કે હવે હું જાણી ગયો છું કે કઈ 10000 પદ્ધતિથી બલ્બ ન બની શકે પણ આ પ્રયોગોથી મને હવે સાચી દિશા મળી છે અને આખરે બલ્બ બની ગયો છે. સાચી દિશા સાથે પરિવર્તનોને નજરઅંદાજ ન કરવા જોઈએ. નવા, આધુનિક અને સકારાત્મક પરિવર્તનો માટે અપડેટ રહેવું જોઈએ.

સાયબર અને હરીફાઈના યુગમાં દરેક પાસા માટે સફળતાની વ્યાખ્યા બદલાય છે. ઉચ્ચ શિક્ષણ મેળવીને કારકિર્દીનો વિકાસ સાધી ઉત્તમ રોજગારીની તક મેળવવી કે સેલ્ફ માર્કેટ વેલ્યુ વધારીને વ્યાવસાયિક ક્ષેત્રે આગવી ઓળખ ઊભી કરવી એ સાચી પ્રૉફેશનલ સફળતા માનવામાં આવે છે. પ્રૉફેશનલી સક્સેસફુલ થવા માટે કોઈ ટૂંકો રસ્તો નથી, પણ આ સફળતા મેળવવા માટે હવેના કૉર્પોરેટ યુગમાં સમયસર અને પદ્ધતિસર પ્રયાસો વિદ્યાર્થીકાળથી જ શરૂ કરવા રહ્યા. એ માટે પૂર્વ તૈયારી પણ પાયોનો ભાગ ભજવે છે.

વિદ્યાર્થીઓએ હંમેશાં મુદ્દાવાર અને ક્રમશઃ તૈયારી પર જ ધ્યાન આપવું જોઈએ. જેમ પહેલું ધોરણ પાસ કર્યા પછી જ બીજા ધોરણોમાં પ્રવેશ મળે છે તેમ સફળતા માટે પણ સીડીના એક એક પગથિયા ચડીને જ મંઝિલે પહોંચી શકાય છે. જો તમે વિદ્યાર્થી હોવ તો દરેક વિષયની પરીક્ષા માટે મુદ્દાવાર તૈયારી કરો, સવાલ કોઈ એક સવાલના મુદ્દા પાડો પછી કોઈ ચેપ્ટર કે પાઠના મુદ્દા તૈયાર કરો ત્યાર બાદ દરેક વિષયના મુદ્દા બનાવો અને પછી દરેક વિષયની મુદ્દાવાર તૈયારી કરો. જેનાથી તમને વિષયની બારીકાઈ સમજાશે. જો તમે નોકરીની શોધમાં હોવ તો ઇન્ટરવ્યૂ માટે કયા મુદ્દા સમાવિષ્ટ હોઈ શકે તે પહેલેથી વિચારી રાખો અને જો તમે નોકરી મેળવી ચૂક્યા હો તો તેમાં પ્રમોશન મેળવીને ઊંચા હોદ્દે કઈ રીતે પહોંચી શકાય એમ છે એ અંગેની પૂર્વ તૈયારી અને મહેનત કરો.



દાન કરવું એ ચોરામાં ઊભા રહીને કબૂતરને ચણ નાખવા જેટલું સહેલું કામ નથી. આમાં પ્રૉફેશનલ મૅનેજમૅન્ટ જોઈએ, કેમ કે આ અટપટું કામ છે.
રૉમન અબ્રામોવિચ
[રશિયન ઉદ્યોગપતિ]

શિસ્ત અને સંયમથી એકાગ્રતા કેળવી શકાય છે.
શરીર-મનને તાલિમ આપવાથી તે શક્ય બને છે.
અનિલ અંબાણી
[રિલાયન્સ (એ.ડી.એ.જી.) ગ્રુપ]

7

માનસિક રીતે મજબૂત બનો

સમાજશાસ્ત્રમાં આપણે એ ભણી જ ગયા છીએ કે માનવ એ બુદ્ધિમાન પ્રાણી છે. માનવીને બદલવો હોય તો મનને બદલવું પડે. માનવીનાં જીવનમાં મનનું અસાધારણ સ્થાન હોય છે. નબળું મન માનવને લાચાર અને નિઃસહાય બનાવી શકે છે. મજબૂત મનનો માનવી સાચી દિશા શોધી શકે છે. મજબૂત મનનો લીડર (મૅનેજર) ઑર્ગેનાઇઝેશનમાં સ્થિરતા, આર્થિક વિકાસ અને સફળતા અપાવી શકે છે. જ્યારે નબળા મનનો લીડર સંસ્થાને નિઃસહાય સ્થિતિમાં મૂકી દે છે. કંપનીની સ્થિતિ નબળી પડતાં તે પોતે પણ હિંમત હારી જાય છે.

ગભરાયેલા મનવાળા માણસનું શરીર પણ ઢીલું હોય છે. છાતીમાં થોડો દુઃખાવો થતાં જ પોતાને ‘હાર્ટઍટેક’ હશે કે શું? તેવું વિચારતા તેને સ્ટ્રેચરમાં ડૉક્ટર પાસે લઈ જવું પડે છે, પણ ડૉક્ટર જેવું નિદાન કરે તે દુખાવો ખાલી વાયુનો હતો. તે સાંભળતા જ સ્ટ્રેચરમાં સૂતેલો માનવી પગે ચાલીને ઘરે જાય છે.

માનસિક રીતે વધુ મજબૂત બનવા માટે આપણે આપણા મનને વધુ શક્તિશાળી, સંસ્કારી, સંવેદનશીલ અને પ્રતિકારાત્મક બનાવવું જોઈએ. મનને જેટલું વધુ મજબૂત બનાવીશું, તેટલું જ આપણું જીવનધોરણ ઊંચું બની રહેશે. ઘણા લોકોને નાની નાની બાબતોમાં ખૂબ જ ચિંતા થતી હોય છે. આવી નાની બાબતો અનેક બીમારીઓને નોતરે છે. નાની નાની બાબતોમાં મનને મારી ન નાંખવું જોઈએ.

ઉત્તમ લીડરશિપ માટે માનસિક મજબૂતાઈ ખૂબ જ જરૂરી છે. સારા લીડર સમસ્યાને શ્રેષ્ઠ રીતે મજબૂત મનથી ઉકેલી શકે છે. માનસિક રીતે વધુ મજબૂત થવા માટે કેટલાંક સૂચનો અહીં રજૂ કરાયાં છે.

- જીવનમાં દરેક ઘડીએ દુઃખ અને સુખ આવતું હોય છે. દુઃખમાં બહુ દુઃખી ન રહેવું અને સુખમાં વધુ પડતા આનંદિત ન રહેવું. સુખ અને દુઃખ જીવનો એક ભાગ છે. તેને જીવનની એક પ્રક્રિયાના ભાગરૂપે લઈ બહેતર જીવવાની કોશિશ કરવી.
- કોઈપણ પ્રકારે માનસિક દબાણમાં આવવું નહીં. આવા સમયે પોતાની જાતને સમસ્યાના વિચારોથી દૂર રાખી આખા પ્રસંગને જુદી રીતે જુઓ. તમને ચોક્કસ સમસ્યાનો સુચારુ ઉકેલ મળશે જ.
- માનસિક રીતે વધુ મજબૂત થવા માટે બહુ સહેલો ઉપાય – આનંદિત રહેવાનો છે. તમે અંદરથી ખુશ હશો તો જ તમે બીજાને ખુશી આપી શકશો. આનંદિત બની પોતે ખુશ રહો અને બીજાને પણ ખુશ રાખો. ખાસ કરીને તમારી સાથે વ્યાવસાયિક ધોરણે જોડાયેલા માણસોને.
- કોઈપણ વસ્તુ કે માનવી સાથે વધારે પડતા લાગણીથી જોડાઈ ન જાઓ. વધારે પડતી લાગણી માનવીના મનને વધુ નબળાઈ બક્ષે છે.
- માનસિક રીતે વધુ મજબૂત બનવા માટે મનને ખૂબ જ શાંત રાખો. શાંત મન તમને માનસિક મજબૂતાઈ આપે છે. કપરા સમયે પણ મગજ ઉપર બરફ રાખી શાંત રહો.

અજમાવી જુઓ, તમે ચોક્કસ માનસિક રીતે વધુ મજબૂત બનશો અને સારી જિંદગી જીવી શકશો.



પ્રજા અને કંપનીનું ભાવિ ગ્રાહકોના હાથમાં હોય છે.
અમારું ભવિષ્ય સંપૂર્ણપણે ગ્રાહકો પર આધારીત છે.
અઝિમ પ્રેમજી
[વિપ્રોના સ્થાપક (સૉફ્ટવૅર)]

જો દરેક વ્યક્તિ પોતાની જાતમાં વિશ્વાસ રાખે, તો શું ન કરી શકે?
એસ. રૉબ્સન વૉલ્ટન
[વૉલ્માર્ટ(સ્ટોર)ના માલિક]

8

બહેતર જીવવાનો પ્રયાસ : મનની મુક્તિ

માણસ હંમેશાં મનની વિટંબણાઓમાં ફસાયેલો રહે છે. મન ચંચળ છે. માણસની પ્રગતિમાં વિરોધક રહે છે. જે વ્યક્તિ મનની મુક્તિ પામે છે તે શ્રેષ્ઠ જિંદગી જીવી શકે છે. જો તમે હકારાત્મક રીતે મનની વિટંબણાઓમાંથી મુક્તિ પામો તો તમારું મન સર્જન માટે મુક્ત બને છે અને પોતાની રીતે જીવવાથી સારી મુક્તિનો અનુભવ થાય છે.

મનુષ્યનું મન તેને નબળું પાડે છે. હંમેશાં નકારાત્મક વિચારોથી ઘેરાયેલું રહે છે. 1000 વિચારોમાંથી માંડ પાંચ વિચાર હકારાત્મક હોય છે. મહાન આધ્યાત્મિક ગુરુ ઓશોના જણાવ્યા પ્રમાણે, 'મુક્તિ એટલે પ્રચંડ જવાબદારી, જે ક્ષણે વ્યક્તિ પોતાની સંપૂર્ણ જવાબદારી લે છે તે જ ક્ષણે તે મુક્ત બને છે. મનની મુક્તિ એટલે માત્ર સુખ છે, મુક્તિ એ મીઠાશ અને મહાન બનવાની હિંમત આપે છે.'

જીવનમાં શ્રેષ્ઠતા લાવવા માટે મનની મુક્તિમાંથી બહાર આવી સર્જનાત્મક બની ઉત્તમ જીવન જીવી શકાય છે. એક નાનકડું દૃષ્ટાંત જોઈએ.

એક નદીકિનારે સંત તપ કરતા હતા. એટલામાં મનની વિટંબણાઓથી તનાવગ્રસ્ત આદમી તેમની પાસે આવ્યો, પગે લાગ્યો અને બોલ્યો, 'આપને ખલેલ ન ચઢી હોય તો મને માનસિક શાંતિ મળે તેવું કંઈ સૂચન આપવા મહેરબાની કરો.' સંતે પોતાની આંખો મીંચી દીધી અને શાંતિથી બેસી રહ્યા. પેલા માણસે પોતાનું ડોકું ધુણાવ્યું. મનમાં બબડ્યો, ``આ માણસ પાગલ દેખાય છે. હું તેને સવાલ પૂછું છું અને જવાબ આપવાને બદલે પોતાની આંખો મીંચી દે છે." તેણે સંતને હચમચાવ્યા અને પૂછ્યું `'મારા સવાલના જવાબનું શું? સંતે જવાબ આવ્યો કે શાંતિથી બેસી રહો. કંઈ જ કરશો નહીં.ઘાસ એની મેળે ઊગી નીકળે છે. આપણે કંઈક ઉગાડવું પડતું નથી. બધું થઈ પડશે. તું શાંતિથી બેસ, શાંતિને માણ્યા કર."

માણસ બોલ્યો, ``હું આટલી બધી માનસિક વિટંબણા અને અશાંતિથી ઘેરાયેલો છું અને આપ મને શાંતિથી બેસી રહેવાનું કહો છો."

સંતે તેને એટલું જ કહ્યું, ``ભાઈ, તું શાંતિ રાખ. તારી જાત માટે થોડુંક જીવવાનું રાખ, ધ્યાન કર, બહારી દુનિયામાંથી તારી અંદરની દુનિયામાં પ્રવેશ કર અને મનને પહેલા તું શાંત કર. તું તારા મનને મુક્તિ આપ તો તને અધિક માનસિક શાંતિનો અનુભવ થશે."

તે વ્યક્તિ ખૂબ જ પ્રસન્ન થયો અને તરત જ તે જ નદીકિનારે ધ્યાન ધરી પોતાના મનની મુક્તિ પામવાના પ્રયત્નોમાં લાગી ગયો.

કહેવાનું તાત્પર્ય એ જ છે કે આપણે જ આપણી સમસ્યાનો રસ્તો કાઢવાનો છે. અનેક સમસ્યાઓથી ઘેરાયેલા હોવા છતાં રસ્તો કાઢીએ છીએ. આપણા ચલિત મન જે બહારી સમસ્યાઓથી ઘેરાઈ ગયેલું છે તેને યોગ્ય રીતે ધ્યાન ધરી મનની મુક્તિ પામી શાંત જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પ્રત્યેક વ્યક્તિએ પોતાના નિરીક્ષક બનવું પડશે. તો જ તે મનની મુક્તિ પામી શકશે. જાત નિરીક્ષક બની પહેલા પોતાને પામો, આ બોજ તમને અને તમારા આસપાસના વાતાવરણને બદલી નાખશે. જે દિવસે હું વિચારીશ કે આપણી આસપાસ બનતી ઘટનાઓ અને

સમસ્યાઓ માટે હું ખુદ જવાબદાર છું અને મારે જ તેની સંપૂર્ણ જવાબદારી લેવી જોઈએ, તે જ દિવસથી તમે મનની મુક્તિના પ્રથમ દ્વારા તમારા માટે બોલી શકશો.

આટલું કરો :

- મનની મુક્તિ અને માનસિક શાંતિ માટે પ્રથમ પોતાની જાત સામે સંવેદના અનુભવવાનું અને સંવાદ કરવાનું ચાલુ રાખો. જે તમને તમારા માનસિક દૃષ્ટિકોણને હકારાત્મક તરફ વાળવાની કોશિશ કરશે.
- બીજા લોકોને લીધે હું અને મારું મન હંમેશાં દુઃખી રહે છે. આ વહેમ મગજમાંથી કાઢી નાખો. હું પોતે જ મારી અને મારા મનની જવાબદારી લઉં છું અને હું જ મારા મનને આ પ્રકારની માનસિક અશાંતિમાંથી બહાર કાઢીશ તેવું મગજમાં ઠસાવી દો.
- તમારી આસપાસનું બાહ્ય વાતાવરણ તમારા મનને અશાંતિના વમળોમાં ફસાવવાનું કાર્ય કરશે. તમે તમારા મનને વધુ મજબૂત અને શાંત બનાવી આ બાહ્ય પરિબળોથી મુક્તિ પામી શ્રેષ્ઠ જીવન જીવી શકો છો.
- મનની મુક્તિ પામો અને મનને તમારા કાબુમાં રાખો. હંમેશાં શાંત રહો અને માનસિક શાંતિના પ્રયાસ ચાલુ રાખો. તમે પોતે જ તમારી માનસિક શાંતિ માટે જવાબદાર છો બીજુ કોઈ નહીં.
- હંમેશાં શાંત ચિત્તે ધ્યાન ધરો. ધ્યાન તમને તમારા મનની નજીક લાવશે.



મારે એક જ વસ્તુ જોઈએ છે... ઉત્તમ સ્ટાફ!
ગ્રેટ પીપલ વર્કિંગ ફોર અસ...
સર્ગે બ્રીન
[ગુગલના સહસ્થાપક]

અમારી ઑફિસમાં મસ્તીમજાકનું તત્ત્વ ટકાવી રાખવા હું હંમેશાં પ્રયત્નશીલ રહું છું.
લૅરી પેઈજ
[`ગુગલ'ના સહસ્થાપક]

ભૂલો તો અમે પણ કરી, કમર કસીને તે સુધારી પણ લીધી.
માઈકલ ડેલ
[ડેલ કમ્પ્યૂટર્સના સ્થાપક]

9

જીવનને સારી રીતે મેનેજ કરો

દરેક મનુષ્યને શ્રેષ્ઠ જીવનશૈલી જીવવી હોય છે. સારી સુવિધાવાળું જીવન દરેકને જીવવું હોય છે પરંતુ માણસ રોજેરોજની પળોજણમાં જિંદગી જીવવાનો મુખ્ય ધ્યેય ભૂલી ગયો છે. જિંદગીને માણવાનો મૂળભૂત સિદ્ધાંત ખુશીથી રહેવાનો છે પરંતુ સવાર-સાંજ ભાગદોડમાં મનુષ્યને થોડો વિચાર કરવાનો સમય પણ મળતો નથી. એક દૃષ્ટાંત ફાધર વાલેસની બુક 'રોજ વાંસળી વગાડો' તેમાંથી રજૂ કરું છું.

એક વખત પંડિત જવાહરલાલ નેહરુ વિનોબાજીની સાથે વાત કરતા હતા ત્યારે વિનોબાજીએ એમને સલાહ આપી : ``રોજ સાંજે એક વખત વાંસળી વગાડવાની." સાંભળનારા બધા હસી પડ્યા અને પંડિતજી પણ હસ્યા, કારણ કે સલાહનો મર્મ એ બરાબર સમજી ગયા હતા અને એ સલાહ કેટલી અઘરી હતી એ પણ તેમણે તરત જાણી લીધું હતું. પંડિતજીને તો હજાર કામ, દેશની જવાબદારી, આંતરરાષ્ટ્રીય મસલતો, મુલાકાતો, સમિતિઓ, પત્રો, નિર્ણયો. ચોવીસ કલાક ઓછા પડે એવું કામ લોકોને લાગ્યું કે આ તો શું સલાહ છે. ભારતના વડાપ્રધાન બધાં કામ પડતાં મૂકીને વાંસળી વગાડે. પંડિતજીને વાંસળી વગાડતાં આવડતું નહોતું પણ વાતનો મર્મ સમજતા બરાબર આવડતું હતું. એટલે દિલથી હસીને એમણે સૂચના વધાવી લીધી. રોજ એક કલાક વાંસળી વગાડે. બધું જ ભૂલી ગયા. હજારો કામ છે ને રાહ જોઈ શકે. લોકો પૂછે છે, બોલાવે છે, માંગે છે, શોધે છે વડાપ્રાન ક્યાં છે?

લોકોને નવાઈ લાગે છે, પરંતુ પંડિતજી આનંદ, સ્ફૂર્તિ અને તાજગી અનુભવી રહ્યા છે કારણ કે વાંસળીથી તેમનું મન તાજુ થાય, દિલ મુક્ત થાય, પ્રસન્નતા આવે, પ્રશ્ન હાથમાં લઈ શકાય, ઉકેલ જોઈ શકાય.

કહેવાનું તાત્પર્ય એ છે કે આપણી દરેકની જોડે વાંસળીરૂપી મૅનેજમૅન્ટ છે પરંતુ આપણે તેનો ઉપયોગ નથી કરવો. જીવનની ગતિ અતિ ઝડપી છે. તેમાંથી થાક ખાઈ સુચારું મૅનેજમૅન્ટ અપનાવી જિંદગીને બહેતર બનાવી શકાય. મૅનેજમૅન્ટ એટલે શું? સીધો દાખલો, આપણી જિંદગી, જીવનને સારી રીતે મૅનેજ કરીએ.

સારી રીતે જીવીએ, હવે પ્રશ્ન એ છે કે એક સરળ માનવી તરીકે મારી જિંદગીને કેવી રીતે યોગ્ય મૅનેજમૅન્ટથી શ્રેષ્ઠ બનાવવી. અહીં આપેલા મુદ્દા સરળ છે પરંતુ ખૂબ જ મહત્ત્વના છે.

- કોઈ વસ્તુમાં સંપૂર્ણતા પામવા ન જવું. જિંદગીમાં સંપૂર્ણતા છે જ નહીં.
- ચોવીસ કલાક કામની દોડાદોડી ન કરવી. થોડો સમય તમારા માટે આપો.
- જિંદગીનું યોગ્ય સંચાલન કરી સુખની ક્ષણોમાં રહો. જો તમે માનતા હો કે સુખની આ ક્ષણો ગણતરીની છે તો દુ:ખની ક્ષણો પણ ગણતરીની જ હોય છે તે પણ માનો.
- જિંદગીના મૂળભૂત સિદ્ધાંતને અપનાવી લો. દુનિયામાં તમારી ધારણા પ્રમાણે બધું બને તે પ્રમાણે દુનિયા બંધાયેલી નથી.
- ભગવાને જિંદગી એક જ વખત આપી છે. તમારી જિંદગીનું આયોજન ખૂબ જ સરસ કરો. દરેક માટે સમય આપો પણ અગત્યનું એ છે કે ખુદ માટે થોડો સમય આપો. જેમાં થોડું મનન કરો.

• જ્યારે તમે તમારી જિંદગીનું યોગ્ય મૅનેજમૅન્ટ કરતા હો ત્યારે આટલું યાદ રાખો.

જીવન એટલું સંકુચિત નથી કે, એ રીતે વિભાજિત થઈ શકે છે. સારું- ખરાબ, ખરું-ખોટું, સુંદર-કદરૂપું જીવન તો ઘણું વિશાળ છે, જેમાં વિરોધી અને વિરોધાભાસ પણ હોઈ શકે. પરંતુ મુખ્ય મુદ્દો એ છે કે તમે ખુશ રહો અને બીજાને ખુશ રાખો.

એટલું ચોક્કસ છે કે જો તમે યોગ્ય રીતે જિંદગીનું સંચાલન કરશો અને કેટલાક પાયાના સિદ્ધાંતને અનુસરશો તો જિંદગી તમને ખૂબ જ રસમય, તાજી અને મધુર લાગશે.



આપણી કંપની એવી હોવી જોઈએ કે જ્યાં કંપનીના માણસોના હાથમાં સત્તા હોય.
સ્ટીવર બાલ્મર
[માઇક્રોસૉફ્ટ કૉર્પોરેશનના સી.ઈ.ઓ.]

સમજણ તો ઠીક છે, પરંતુ કોઠાસૂઝની તોલે કોઈ ન આવે.
ફિલ નાઈટ
[`NIKE' કંપનીના સ્થાપક]

10

જીવનમાં ઝંઝાવાત વગર સફળતા મળતી નથી

લૉ ઑફ ઍવરેજીસનો ગણિતનો સિદ્ધાંત મનુષ્યના જીવનમાં ઘણો અસરકારક સાબિત થયો છે. મનુષ્યનો ક્યારેક સારો સમય તો ક્યારેક ખરાબ સમય આવતો હોય છે. જીવનમાં ઊતરાવ-ચઢાવ સાવ સામાન્ય બાબત છે. જીવનનો ગ્રાફ ક્યારેક ઊંચો જાય છે, તો ક્યારેક માઇનસમાં એટલે કે ઍવરેજ લાઇનથી નીચે આવતો હોય છે. સમયાન્તરે આવી પરિસ્થિતિનું નિર્માણ થતું જ હોય છે. એમાં કોઈએ કશું કહેવાનું હોતું નથી અથવા તો કંઈક છે કે જીવનમાં જે માણસે તડકી-છાંયડી બંને જોઈ હોય તે ક્યારેય પાછો પડતો નથી. સારા લીડર બનવા માટે પણ માણસે સારી પરિસ્થિતિની સાથોસાથ ખરાબ પરિસ્થિતિનો સામનો કર્યો હોવો જોઈએ અને એ જ સારો લીડર બની શકે. શ્રેષ્ઠ લીડર અથવા તો સફળ માનવી બનવા માટે માણસે તેના જીવનમાં ઝંઝાવાતોનો સામનો કરવો જરૂરી છે, આવા ઝંઝાવાતો માનવીને જીવનનો સાચો અધ્યાય શીખવે છે. જીવનનો સાચો અર્થ સમજાઈ જાય છે એટલે જ આવો માણસ સચ્ચાઈનો અહેસાસ કરી ચૂકે છે. જેથી કઠિન પરિસ્થિતિમાં પણ અડગ રહીને પોતાના કાર્યમાં આગળ આવતા આવડી જાય છે.

માણસ ગમે તેટલો સફળ હોય તેના જીવનમાં ક્યારેક તો વિષમ સ્થિતિનો સામનો કરીને તેમાંથી બહાર આવી સફળતાની સીડીઓ ચડે. જો માણસ પોતની જિંદગીના કઠોર-કપરા સમયનો શાંતિથી તેમજ અડગતાથી સામનો કરે છે તો તેમાંથી ખૂબજ સારી રીતે બહાર આવી શકે છે અને જીવનનો બાકીનો સમય સારા વાતાવરણમાં પસાર થઈ શકે છે. સાથોસાથ સફળતાના અનેક શિખરો પણ સર કરવામાં તેને મદદ મળી રહે છે.

ઘણી વાર એવું બનતું હોય છે કે સંસ્થા કે ઑર્ગેનાઇઝેશનમાં જ્યારે કપરો સમય શરૂ થાય ત્યારે તેનું મૅનેજમૅન્ટ દિશાવિહીન થઈ જતું હોય છે. પરિણામે ઝંઝાવાતમાંથી બહાર આવવાની તક તેમને દેખાતી નથી હોતી. ઑર્ગેનાઇઝેશનના સિનિયર મૅનેજમૅન્ટ અથવા લીડરે શાંતિથી, મન તથા જીભ ઉપરનો કાબૂ ગુમાવ્યા વિના ઠંડે કલેજે સમય પસાર કરવો અને તેમાંથી બહાર નીકળવા પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરવું. પોતાના માણસોને સાચવી રાખવા અને બ્લેમગેમથી બહાર નીકળી જવું જોઈએ. બહારના વાતાવરણથી પરિચિત થઈ તેનો સામનો કરવો જોઈએ. કૂપમંડૂકની સ્થિતિમાંથી બહાર આવી જવું જોઈએ. જીવનમાં બાહ્ય ઝંઝાવાતનો સામનો કરવાનું શું મહત્ત્વ છે તેનું નાનકડું ઉદાહરણ આપું.

એક વખત નાનો ભાઈ પોતાના મોટા ભાઈના ખેતરે ગયો. મોટા ભાઈ સાચા અર્થમાં મોટા ખેડૂત હતા. તેમની હરિયાળી વાડી અને ઘટાદાર વૃક્ષો ઉપર લટકતાં ફળો જોઈને નાનો ભાઈ અત્યંત ખુશ થઈ ગયો. તેને થયું કે મારા ઘરે અને વાડીએ પણ આવી સ્થિતિ ઊભી થાય તો કેટલું સારું? મને અને મારા પરિવારને પણ સારાં ફળો ખાવા મળે. પોતાની ઇચ્છા તેણે તેના મોટા ભાઈ સમક્ષ વ્યક્ત કરી. મોટા ભાઈ પણ ખુશ થઈ ગયા. તેમણે નાના ભાઈને આખા ખેતરમાં ફેરવ્યો. નાના ભાઈએ પૂછ્યું કે તારે કયું વૃક્ષ તારા ખેતર માટે જોઈએ છે તે તું કહે, હું તને આપીશ.

નાના ભાઈએ જે વૃક્ષ બતાવ્યું તેનાં મૂળ કાપીને મોટા ભાઈએ તેને આપ્યા. મોટા ભાઈએ

નાના ભાઈને સલાહ આપી કે વૃક્ષનાં મૂળને સારી જગ્યાએ વાવજે, જેથી કરીને સારી રીતે તેનો વિકાસ થઈ શકે. નાનો ભાઈ હોંશેહોશે વૃક્ષનાં મૂળ લઈને ઘરે આવ્યો. હવે તેના માટે સૌથી મોટી સમસ્યા ખડી થઈ ગઈ. વૃક્ષને વાવું ક્યાં? એક તબક્કે તેણે વિચાર્યું કે વૃક્ષને ઘરની સામેની ટેકરી ઉપર વાવી દઉં. ટેકરી ઉપર જઈને અનુભવ્યું કે અહીં તો ખૂબ જ પવન આવે છે. વૃક્ષ પવન સામે ટકી ન શકે તો સમસ્યા ઊભી થાય એટલે ટેકરી ઉપરથી પાછો ફર્યો. પાછું મનમાં મંથન શરૂ થયું. થોડી વારે વિચાર આવ્યો કે વૃક્ષને ઘરની આગળના ભાગે વાવી દઉં. પાછો વિચાર બદલાયો કે ઘરની આગળના ભાગે વાવવાથી આજુબાજુના લોકો ફળોને તોડીને ખાઈ જશે તો મારા ભાગે શું આવશે.

છેવટે લાંબા મનોમંથન પછી એવું નક્કી કર્યું કે વૃક્ષને ઘરની અંદર જ વાવી દઉં. જેથી આજુબાજુવાળાની કોઈ ઝંઝટ જ નહીં અને ફળ થશે તો હું એકલો જ ખાઈ શકું. વૃક્ષને ઘરમાં વાવ્યા પછી એક વર્ષ થયું છતાં કોઈ ફળ આવ્યાં નહીં. આથી નાનો ભાઈ ગુસ્સે થઈ મોટા ભાઈ પાસે ગયો અને કહેવા લાગ્યો કે, ``તમે મને એવું વૃક્ષ કેમ આપ્યું, એક વર્ષથી તેની પર એક પણ ફળ ન આવ્યું ." મોટા ભાઈએ કહ્યું, ``હું તારે ત્યાં આવીને જોઈશ." મોટા ભાઈ નાના ભાઈના ઘરે ગયા. તેમણે જોયું કે નાના ભાઈએ ઝાડને ઘરમાં વાવ્યું હતું. તેમણે નાના ભાઈને સમજાવ્યું કે જ્યાં સુધી વૃક્ષ બાહ્ય વાતાવરણ, પરિસ્થિતિનો સામનો નહીં કરે, સૂર્યપ્રકાશ ન મળે, ઑક્સિજન ન મળે અને વરસાદી પાણી ન મળે ત્યાં સુધી તેનો વિકાસ સંભવ નથી.

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે જો તમારે સુરક્ષા અને આરામના કવચમાં જ રહેવાનું હોય તો તમે ઉમદા લીડર કે સફળ માનવી બની શકો નહીં. આના માટેની કેટલીક ટિપ્સ તમને હું આપું.

- જીવનના દરેક તબક્કે સારો-ખરાબ ટાઇમ આવતો હોય છે. સારા સમયમાં અભિમાની બનીને ન ફરવું. ખરાબ સમયમાં મગજને શાંત રાખીને સમયને પસાર કરી દેશો તો જીવનના કોઈપણ અધ્યાયમાં સફળ થઈ જશો.
- કોઈપણ પરિસ્થિતિમાં નિરુત્સાહી થવું નહીં, યાદ રાખો કે ખરાબ સમય તમને જીવનમાં ઘણું બધું શીખવી જાય છે. ઉમદા લેશન શીખવા મળે છે એટલે જેટલું શીખવા મળે તેટલું શીખી લેવું જોઈએ.
- જો તમે માનસિક રીતે વધુ મજબૂત હશો તો સારા કે ખરાબ સમયમાં અડગ જ રહેશો જેથી જીવનમાં માનસિક રીતે વધુ સ જ્જ બનો.



પૈસાને અને જ્ઞાનને સ્નાનસૂતકનો ય સંબંધ નથી.
તમારી પાસે જ્ઞાનનો ભંડાર હોય તો કદાચ તમે પૈસાના ભંડારના માલિક બની શકો.
જહોન કલગ
[ટેલિવિઝન ઇન્ડસ્ટ્રીના માંધાતા]

અબજો રૂપિયા કરતાં પણ મારી પ્રતિષ્ઠા, શાખ વધારે મહત્ત્વની છે.
રૂપર્ટ મર્ડોક
[ધ ન્યૂઝ કૉર્પોરેશનના સી.ઈ.ઓ.]

બે વ્યક્તિને એકમેક સાથે વેપાર કરવો હોય તો
વિશ્વાસનું વાતાવરણ તો ઊભું થવું જ જોઈએ.
પિયર ઑમિડ્યાર
[ઓનલાઇન માર્કેટના માંધાતા]

11

તમારી જાતને 'પ્રૂવ' કરો

સંસ્થા મહાન છે, બૉસ નહીં, એવું દરેક કર્મચારીએ કામ કરતી વખતે સૌથી પહેલા જાણી લેવાની જરૂર છે. બૉસ સમક્ષ પોતાની જાતને પ્રૂવ કરવાની હોડમાં કર્મચારી પોતાનું આત્મસન્માન પણ હોડમાં મૂકી દે છે તે સારી નિશાની નથી. આત્મસન્માનના ભોગે કામ કરનારા કર્મચારીઓ સારા મૅનેજર કે લીડર બની શકતા નથી.

આપણે ખાસ કરીને કૉર્પોરેટ જગતમાં જોઈ રહ્યા છીએ કે કર્મચારીઓ સંસ્થાને વફાદાર ઓછા હોય છે, પણ .... તરતના બૉસના સારી પેઠે સેવા કરીને વફાદારી 'પ્રૂવ' કરવાની કોશિશ કરતા હોય છે. બૉસને વફાદાર બનવા મરણિયો પ્રયાસ કરી રહ્યા હોય છે. તેમના માટે બૉસની નજરમાં કેવી રીતે આવવું, બૉસને ખુશ કઈ રીતે રાખવા, બૉસને ગમતું હોય તે જ કરવું અને એમ જ કામ કરતાં રહેવું એ મહત્ત્વનો મુદ્દો હોય છે.

બૉસની ચમચાગીરીમાં કર્મચારી સંસ્થા સાથે જાણે-અજાણે ગદ્દારી કરી બેસે છે અને આત્મસન્માન પણ ગુમાવી દે છે. બૉસને પ્રૂવ કરવા કામ કરવાની વૃત્તિ કર્મચારીને ઘણી વખત સારા લીડર બનતા અટકાવી દે છે. અહીં સીધી વાત એ બને છે કે બૉસને ખુશ કરવાના હોડમાં કર્મચારી પોતાની જવાબદારીઓ નિભાવવામાં ઊણો ઊતરે છે. આવી સ્થિતિમાં સંસ્થામાં તેનું આત્મસન્માન હોડમાં મુકાઈ જાય છે.

મારી દૃષ્ટિએ આવા કર્મચારીઓ સામાન્ય કર્મચારીની કૅટેગરીમાં આવે છે. તેઓને મન બૉસની ચાપલુસી જ શ્રેષ્ઠ કાર્ય બની રહે છે. એવું બને કે કર્મચારીની એવી નિમણૂકના પરિણામે તે ક્યારેક બૉસનો ખાસ બની જતો હોય છે. બૉસનો 'ગુડ એમ્પ્લોઈ' બની રહે છે, પણ સંસ્થા માટે તેની કૅટેગરી સામાન્ય જ છે. લાંબા ગાળે કર્મચારીને નુકસાન જ થાય છે. સંસ્થાની વફાદારી સાબિત કરવામાં ઊણો ઊતરતો હોય છે તે બૉસને ખુશ કરવાની વૃત્તિમાં પોતાનું કૌશલ્ય ભૂલી જાય છે. આવડત જતી કરી શકતો નથી તેમજ સંસ્થા પ્રત્યેની જવાબદારીનું તેને ભાન હોતું નથી.

આનો શ્રેષ્ઠ અને સરળ ઉપાય શો? તો દરેક કર્મચારી યાદ રાખે, ફક્ત પોતાના આત્મસન્માન માટે કામ કરો. જે તમને સારા મૅનેજર કે લીડર બનાવશે.

જ્યારે તમે કામ કરીને ઘરે જાવ ત્યારે પોતાની જાતને જ પૂછો મને મારી આજની કામગીરી માટે પોતાની ઉપર માન છે. શું મેં આજે મારી સંસ્થા સાથે પૂરતી વફાદારી નિભાવી હતી કે શું? આવા બે-ચાર સવાલના જવાબ આપશો એટલે તમને તમારા જવાબો તો મળવા માંડશે. સાથોસાથ એની પણ ખબર પડવા માંડશે કે શું હું સંસ્થાને વફાદાર છું? આમાં મારું આત્મસન્માન જળવાઈ રહ્યું છે કે નહીં? વગેરે, પણ જવાબ સાચા હૃદયથી આપ્યા હશે તો સારું ચિત્ર સામે આવશે અને જરૂર પડે આત્મમંથન કરવાની જરૂરિયાત અનુભવાશે.

આખી વાતને લઈને એક પ્રસંગ વર્ણવું જેનાથી તમને ઘણોખરો ખ્યાલ આવે. ખૂબ જ જાણીતા આધ્યાત્મિક ગુરુ અને મૅનેજમૅન્ટ નિષ્ણાત સ્વામી અનુભવાનંદજી તેમના નજીકના મિત્રની ખબર કાઢવા દુબઈ ગયા.

તેમના મિત્રને અકસ્માતમાં સારી એવી ઈજા થઈ હતી. મલ્ટિપલ ફ્રેકચરના કારણે લાંબો સમય સારવાર લેવી પડે તેવી સ્થિતિ હતી. આખા શરીરે પાટાપિંડી થયેલા હતા. સ્વામીજી

મિત્રની ખબર કાઢવા પહોંચ્યા એટલે પથારીમાં પાટાપિંડી સાથે પડેલા તેમના મિત્રે ખૂબ જ મુશ્કેલીથી સ્વામીજીને નમન કરવાનો પ્રયાસ કર્યો.

મિત્રના આવા પ્રયાસથી સ્વામી અનુભવાનંદજી થોડા વ્યથિત અને વિચલિત પણ બન્યા. તેમણે તેમના મિત્રને ખૂબ જ ઠાવકાઈથી અને સારી ભાષામાં કહ્યું કે, ``જુઓ તમને મારા પ્રત્યે માન અને લાગણી છે તે હું જાણું છું, તો પછી તમે કોને પ્રૂવ કરવામાં આવી અવસ્થામાં પણ મને નમન કરવાની કોશિશ કરો છો. શું તમારે દુનિયાને બતાવવાની જરૂર છે કે તમને મારા પ્રત્યે આદરભાવ છે? તમારા આદરભાવના પરિણામે જ હું આપને મળવા છેક ભારતથી દુબઈ સુધી લાંબો થયો છું.

અહીં સ્વામીજીનો કહેવાનો ભાવ એ જ હતો કે દુનિયામાં લોકો એકબીજાને પ્રૂવ કરવામાં એવાં વ્યસ્ત થઈ ગયા છે કે તેઓ પોતાના માટે આદરભાવ ભૂલવા લાગ્યા.

મારું કહેવાનું તાત્પર્ય એ છે કે તમે બીજા માટે કશું કરતા હો કે પ્રયત્ન કરતા હો બધું છોડી દો.

ઉત્તમ હૃદયની વ્યક્તિ અને શ્રેષ્ઠ લીડર બનવા માટે તમે તમારી જાત માટે કામ કરવાનું શરૂ કરી દો. જ્યાં તમને પોતાના માટે ગૌરવ થાય તે દિવસે સમજવું કે તમે એ શ્રેષ્ઠ લીડર બનવાની દિશામાં આગળ વધી રહ્યા છો. અહીં તમારું આત્મસન્માન પણ જળવાશે. સાથોસાથ આત્મસંતોષ પણ મળશે. તમને ટિપ્સ આપું :

• બૉસને કે બીજાને ખુશ કરવાની પ્રવૃત્તિ છોડી દો. આનાથી તમને કદાચ કોઈક વખત લાભ થશે, પરંતુ લાંબા ગાળે તો નુકસાન જ થશે.
• પોતાના વ્યક્તિગત ઉત્થાન માટે કામ કરો. સાથોસાથ સંસ્થામાં કામ કરતા હો ત્યાં સંપૂર્ણ વફાદારી બતાવો. વ્યક્તિ નહીં સંસ્થાને વિશેષ મહત્ત્વ આપો. જે લાંબા ગાળે તમારી પ્રગતિ માટે લાભદાયક રહેશે.
• આત્મમંથન કરો. પોતાની જાતને પૂછો કે હું જે કરી રહ્યો છું, કોના માટે કરી રહ્યો છું. આનાથી તમને તમારી જાત પ્રત્યે વલણ ખબર પડશે. જે દિવસે તમને તમારા માટે માન થશે તે દિવસે તમે ઉમદા વ્યક્તિત્વ ધરાવતા માનવી બની શકશો.
• ખાસ યાદ રાખો, ભગવાને એક વખત માનવ જિંદગી આપી છે. લોકોની ખુશામત કરવામાં સમય બરબાદ ન કરો. પોતાની જાત પ્રત્યે નિષ્ઠા રાખો. સુખશાંતિથી જીવન વિતાવો.



ખોટા પડવામાં શરમ શી? બસ, ભૂલ સુધારતા આવડવી જોઈએ.
જ્યોર્જ સૉરોસ
[પૉર્ટફોલિયો મૅનેજમૅન્ટ, ઇન્વેસ્ટર]

મોટે ભાગે નિષ્ફળતા બે રીતે મળે છે : એક -- આગળ વધવાથી.
બે -- આગળ ન વધવાથી... અર્થાત્ નિષ્ક્રિય રહેવાથી!
સમર રેડસ્ટોન
[સી.બી.એસ. તથા વાયકૉમના ચૅરમૅન]

તમારા કામના પ્રેમમાં પડી જાઓ, મજા આવશે.
સ્ટીવ જૉબ્સ
[ઍપલ કમ્પ્યૂટર્સના સી.ઈ.ઓ.]

12

પ્રૉફેશનલ લાઇફ: ઈટ્સ ઓલ અબાઉટ ઍડ્જસ્ટમૅન્ટ

જીવનમાં બધું જ તમારું ધાર્યું થતું નથી અથવા આપણું ધાર્યું થાય તેમ બધાને સુધારવા શક્ય નથી. વળી દુનિયાને સુધારવાનો ઠેકો લેવાની આપણે જરૂર જ નથી.

આના માટે સીધી વાત છે કાં તો જાતે તરી જાવ અથવા તો અન્યને ગમે તેવો સારો વ્યવહાર સુધારો. એવો વ્યવહાર કરો કે તમે અને સામેવાળો બંને ખુશ રહે અને શા માટે જરૂરી છે કે તમે તમારા પ્રૉફેશનલ લાઇફ અને સામાન્ય લાઇફ બંનેમાં થોડું થોડું ઍડ્જસ્ટમૅન્ટ કરો.

જો આપણે પ્રૉફેશનલ લાઇફની વાત કરીએ તો દુનિયામાં એવું એક પણ ઑર્ગેનાઇઝેશન નથી કે જે એકદમ ‘આઇડિયલ’ ...... ચાહે કે રિલાયન્સ, ટાટા કે વિશ્વની અન્ય મલ્ટિનેશનલ કંપનીઓ હોય. આપણે ત્યાં કહેવત છે કે ‘કાગડા તો બધે જ કાળા હોય’ અમેરિકામાં લોકોની ચામડી ભલે ધોળી હોય પણ કાગડા તો ત્યાં પણ કાળા જ છે. એટલે કે ઑર્ગેનાઇઝેશનમાં તમારી જગ્યા બનાવવી હોય, માન-સન્માન મેળવવા હોય તો, આગળ વધવું હોય તો થોડુંઘણું ઍડ્જસ્ટમૅન્ટ તો કરવું પડશે. એના વગર ચાલશે નહીં.

અહીં મને કબીરની રચના યાદ આવે છે. તેમણે કહ્યું છે કે, ‘કમ ખાવ, ગમ ખાવ’ અહીં ગમ ખાવાનો અર્થ જ એ છે કે તમારી જાતને અન્ય સાથે ઍડ્જેસ્ટ કરો. સીધી વાત છે કે ખુશ રહેવું હોય તો પણ ઍડ્જસ્ટમૅન્ટ કરવું પડશે. આપણે કોઈને વધુ પડતા ચૅન્જ કરવાના પ્રયત્ન કરવા પડે તેના કરતાં સહેલું એ છે કે આપણે જ તેને અનુરૂપ બની જવું અથવા તમે થોડા ઍડ્જસ્ટ થાવ અને ચૅન્જ થાવ તો દુનિયા બહુ સરળ બની જશે.

આપણે જોઈએ છીએ કે કૉર્પોરેટ લાઇફમાં કે ઑર્ગેનાઇઝેશનમાં આવા મુદ્દાને લઈને ઘણીવાર તનાવ પેદા થતો હોય છે. સંસ્થામાં મૅનેજમૅન્ટ લેવલે જો ઍડ્જસ્ટમૅન્ટ કરવામાં આ તો તનાવને ગળી શકાતો હોય છે, પણ કોઈ કોઈને ઍડ્જસ્ટ થવા માગતું નથી. પરિણામ એ આવે છે કે તમામનો જે ગોલ છે કે ઑર્ગેનાઇઝેશનનો ગ્રોથ અને વિઝન એ સાવ ભુલાઈ જાય છે. આપણે ગોલ માટે ભેગા થયા છીએ તેને જ જો બાજુમાં મૂકી દેવાનો હોય તો પછી સાથે કામ કરવાનો કોઈ અર્થ નથી.

આપણે ત્યાં એવું જોવામાં આવ્યું છે કે ભારતમાં કર્મચારીઓ એકસ્ટ્રા ઇન્ટલિજન્ટ છે અને એક સાથે મલ્ટિટાસ્કિંગમાં જોડાયેલા છે. આવી સ્થિતિમાં તેમના માટે ઍડ્જેસ્ટ થવું ખૂબ જ તકલીફ ભરેલું છે. તેઓ સામા પ્રવાહે તરવા માટે ઘણી વાર તૈયાર થતા નથી અથવા જે ઘરેડમાં ઊછર્યા છે તેમાંથી બહાર આવવા પણ માગતા નથી. આની સીધી અસર ઑર્ગેનાઇઝેશનમાં કર્મચારી તથા મૅનેજમૅન્ટ આંતરિક સંબંધોમાં પડે છે અને છેવટે ઑર્ગેનાઇઝેશનનો ગ્રોથ અટકી પડે છે.

આના માટેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે રિલાયન્સના ધીરુભાઈ અંબાણી. એક બહુમુખી પ્રતિભા ધરાવતું વ્યક્તિત્વ. આનાથી વિશેષ એ કપરીમાં કપરી પરિસ્થિતિમાં જરાયે વિચલિત થયા વિના પોતાનું ધાર્યું પરિણામ હાંસલ કરવાની શક્તિ. તેઓ ક્યારેય અક્કડ અને જક્કી વલણ ધરાવતા ન હતા. બાહ્ય પરિસ્થિતિ પ્રતિકૂળ હોય તેવા સમયે તેઓ પરિસ્થિતિ પામી જઈ પોતાની જાતને ઍડ્જસ્ટ કરી દેતા હતા.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ કંપની આજે જે સ્થાને પહોંચી છે તે તેમણે ઘણા ઍડ્જસ્ટમૅન્ટ કર્યા

છે. બધું જ તેમનું ધાર્યું કદાચ ક્યાંય થયું પણ ન હોય એવું ઘણી વાર બન્યું હશે. આજે રિલાયન્સ ભારતની પ્રથમ ખાનગી કંપની છે તો એ મુકામ હાંસલ કરવામાં તેણે કશુંક પાછળ મૂક્યું જ હશે. જો તેમ કરવાને બદલે જક્કી વલણ અથવા તો જતું ન કરવાની તૈયારી જ ન હોત તો આમ શક્ય બન્યું ન હોત.

વિકાસ માટેનો સીધો મંત્ર છે કે સામા પ્રવાહે તરવું અને રસ્તો કાઢવો. જો આવી તૈયારી ન હોય તો ત્યાં ને ત્યાં જ રહી જવાય. આગળ આવવાની વાત સાવ ભૂલી જવી પડે. અહીં તો વહેણની દિશા પારખવી. તેની સાથે સુમેળ સાધવો અને બદલાવ લાવવા ધાર્યું પરિણામ હાંસલ કરવું એ અત્યંત મહત્ત્વની બાબત છે.

ધાર્યું પરિણામ હાંસલ કરવા માટે કેટલી મહત્ત્વની બાબત પર ધ્યાન આપવાની જરૂર છે.

- ક્યારેય બધી પરિસ્થિતિ તમારા કંટ્રોલમાં હોતી નથી. આથી પરિસ્થિતિ બદલવાના ખ્યાલમાં તમે ઘણો સ્ટ્રેસ ઉત્પન્ન કરવાના છો. પરિસ્થિતિ બદલવાને બદલે સૌથી મહત્ત્વની બાબત છે તમે સ્થિતિને ઍડ્જસ્ટ થાવ તેમ જ બદલાવ લાવો. રાતોરાત કંઈ બદલવાનું નથી.
- પ્રક્રિયામાં બદલાવ એ કોઈપણ ઑર્ગેનાઇઝેશનનું વિકાસ માટેનું અભિન્ન અંગ છે. એના માટે ઑર્ગેનાઇઝેશનમાં ઘણાં બધાએ ઍડ્જસ્ટ થવું પડે. જો તમે જાતે જ બદલાવ લાવવા તૈયાર થઈ જાવ છો તો આપોઆપ તેની સાનુકૂળ અસરો આવશે.
- સામાન્ય રીતે મજબૂત મનોબળનો માણસ જ ઍડ્જસ્ટ કરવા માટે તૈયાર થઈ જતો હોય છે. જો તમે ઍન્ટ્રોપ્રિનિયોર છો. કર્મચારી આત્મબળના આધારે જ પરિસ્થિતિને અનુકૂળ બની શકશો. આના સિવાય સ્થિતિને અનુકૂળ થવું શક્ય નથી.



તમારા આત્માના અવાજને અનુસરીને, તમને ગમતું હોય તે કાર્ય શરૂ કરી દો.
ખૂણામાં બેસીને વિચાર્યા કરશો તો કેટલાય લોકો તમારાથી આગળ નીકળી જશે.
ચાર્લ્સ શ્વાબ
[ચાર્લ્સ શ્વાબ બ્રોકરેજ ફર્મના માલિક]

પૈસો ઘણું છે, બધું નથી. પૈસામાં જ સુખ સમાઈ જાય છે
તેવી માન્યતાઓ ભૂલભરેલી છે. ફક્ત ગરીબ જ એવું માને છે
કે પૈસો મળશે એટલે સુખ મળશે.
ડૅવિડ ગેફેન
[ગેફેન રેકોર્ડ્ઝ – મ્યુઝિક પ્રોડ્યુસર]

અહીં સતત નવું નવું આપતા ન રહો તો તમારા છેલ્લા કલેક્શન
સાથે તમે પણ ભુલાઈ જશો.
જ્યો ર્જિયો અરમાની
[`ફૅશનકિંગ']

13

બીજાને બદલવા કરતાં જાતને બદલવી સહેલી

ઘણી વ્યક્તિઓના ચહેરા પર હંમેશાં કંઈક ને કંઈક બાબતોને લઈને માનસિક સંતાપ રહેતો હોય છે. મારી લગભગ 22 વર્ષની કૉર્પોરેટ લાઇફમાં ઘણા સિનિયર અધિકારીઓને સતત માનસિક તનાવમાં કામ કરતા જોયા છે. મોટે ભાગે આ અધિકારીઓની એક જ બાબતની ફરિયાદ હોય છે, હું કહું તેમ થતું નથી અને કર્મચારીઓને કહી કહીને થાક્યા પણ તે લોકો બદલાતા જ નથી. આવી જ રીતે ઑર્ગેનાઇઝેશનમાં કર્મચારીઓ, સંસ્થામાં બદલાવા લાવવો જોઈએ કે મૅનેજમૅન્ટની કાર્યશૈલી બદલાતી નથી. આવી વ્યર્થ પ્રકારની વાતોમાં તેમનો અને સંસ્થાના સમયનો દુરુપયોગ કરતા હોય છે.

મુદ્દાની વાત એ છે કે લોકો બીજાને બદલવાની કોશિશમાં ન જોઈતી માનસિક અકળામણના વમળમાં ફસાઈ જાય છે અને જે વસ્તુ પોતાના હાથમાં નથી તેમાં તેઓ ઇચ્છે કે મોટો બદલાવ આવે, પરંતુ લોકોને બદલવા સહેલા નથી. આ એક સનાતન સત્ય છે. કોઈકને ગમે કે ન ગમે પરંતુ આ બાબતને સ્વીકારવી જ રહી. આમ પણ જે બાબત એકદમ સહેલી અને સરળ છે તે લોકોને કરવી નથી. લોકોને બદલવા કરતાં પોતાની જાતને બદલવી એકદમ સહેલી છે. જે માણસ પોતાની (વિચારસરણી) કાર્યશૈલી અને સ્વભાવ બદલી શકે છે તે માણસ ઉત્તમ લીડર બનવાના માર્ગમાં આગળ વધતો હોય છે. અહીં એક ચાઈનીઝ સ્ટોરી જે બહુ પ્રખ્યાત છે તેની વાત કરું.

એક નવયુવાનને એક વખત એવો વિચાર આવ્યો કે દુનિયામાં બધું બરાબર ચાલતું નથી. હાલ જ કૉલેજ પાસ કરેલ એ નવયુવાનના મગજમાં વિચારોનો પ્રવાહ સતત ધસમસતો હતો. તેને હંમેશાં લાગતું કે દુનિયા અત્યારે જે રીતે ચાલે છે તે કોઈ કાળે યોગ્ય નથી. આથી આ નવયુવાને નિર્ધાર કર્યો કે હું થોડા જ વખતમાં દુનિયા આખીને બદલીને જ જંપીશ. તેણે તરત જ વિશ્વના બધા જ દેશોના વડાને એક કાગળ લખ્યો અને દુનિયાને બદલવા માટેના પોતાનાં સૂચનો લખ્યાં અને દરેક દેશના વડાને વિનંતી કરી કે પોતાને મળવા માટે રૂબરૂ બોલાવવો. કોઈ દેશના વડાએ આ નવયુવાનના કાગળનો પ્રતિભાવ આપ્યો નહીં.

આથી એણે ફરીથી દર છ મહિનાના અંતરે અલગ અલગ પ્રકારના દુનિયા બદલવાના પોતાનાં સૂચનોનો અમલ કરવા અંગેના વિવિધ કાગળો દેશોના વડાને લખ્યા, પરંતુ પરિણામ એ જ રહ્યું. કોઈના તરફથી એક પણ પ્રત્યુત્તર મળ્યો નહીં.

થોડા વર્ષોની મહેનત પછી યુવાન થોડો નાસીપાસ થયો અને તેણે નક્કી કર્યું કે દુનિયાને બદલવી મુશ્કેલ લાગે છે. ચાલ હું હવે દેશ બદલવાના પ્રયત્નોમાં લાગી જાઉં. પોતાના જીવનની મધ્ય સફરમાં તેણે દેશ બદલવાના પ્રયાસો ચાલુ કર્યા. ભૂખહડતાળ, આંદોલન, વિવિધ પ્રકારનાં સૂચનો, સરકારી અધિકારીઓ સાથેના વિવિધ સંવાદો વગેરે તેણે લગભગ 15 વર્ષ સુધી ચાલુ રાખ્યાં, પરંતુ 15મા વર્ષે તેને જ્ઞાન થયું કે મારી આટલાં વર્ષોની મહેનત પછી પણ દેશ બહુ બદલાતો નથી. ભારે મૂંઝવણના અંતે તેણે નક્કી કર્યું કે દેશ બદલવો સહેલો નથી. હવે હું મારી બાકીની જિંદગી મારા શહેરને બદલવામાં ખર્ચી નાખું ને તેણે ફરી નિર્ધાર કર્યો કે હું શહેરને બદલીને જ જંપીશ.

તેણે બીજા લગભગ એક દાયકા સુધી શહેરને બદલવા સુધરાઈ જોડે જાતજાતના કાર્યક્રમો કર્યા. વિવિધ સૂચનો અંગેના કાગળો અને મોરચા કાઢ્યા, પરંતુ છેલ્લે તેને કંઈ પણ સફળતા ન મળી. આખરે તે વ્યક્તિ બીમાર પડી ને મૃત્યુશય્યા વખતે તેને વિચાર આવ્યો કે મેં આખી જિંદગી લોકોને બદલવા પાછળ ખર્ચી નાખી, પરંતુ કંઈ થયું નથી. તેના કરતાં હું જાતે જ બદલાઈ ગયો હોત તો મારી જિંદગીમાં ચોક્કસ કંઈક સારુ કરી શક્યો હોત. પરંતુ તે વખતે મોડું થઈ ગયું હતું.

કહેવાનું તાત્પર્ય એ છે કે જે સહેલું છે તે લોકોને દેખાતું નથી અને જે વસ્તુ મુશ્કેલ છે, તેને હાંસલ કરવા માનવી પોતાની આખી જિંદગી હોડમાં મૂકી દે છે. લોકોને બદલવાના પ્રયત્નોમાં તમે ઘણો સમય ગુમાવી દેતા હો છો.

આટલું કરો :

- બીજાને બદલવા સહેલા નથી. સહેલું છે તમારી જાતમાં બદલાવ લાવો, જેનાથી તમારી કાર્યશૈલી અને વિચારોમાં ભારે પરિવર્તન આવશે.
- આઇડિયલ થિન્કિંગમાં તમારો ટાઇમ બગાડો નહીં. જે વસ્તુ કે બાબત તમારા હાથમાં નથી તેમાં બહુ વિચાર કરવામાં સમય બગાડવો નહીં.જેનાથી તમારા પ્રયત્નોમાં નવો વળાંક આવી શકશે ને હકારાત્મક દિશામાં તમારા સમયનો વધુ ઉપયોગ થશે.
- કર્મચારીઓ માટે ખાસ – મોટે ભાગે કર્મચારીઓ પોતાના ઑર્ગેનાઇઝેશનની ખામીઓ અંગે વધુ વાત કરે છે. પણ તેઓએ એ વાત સમજવી બહુ જરૂરી છે કે વિશ્વમાં કોઈ પરફેક્ટ સંસ્થા કે ઑર્ગેનાઇઝેશન નથી. એટલે કે દરેક સંસ્થામાં જે વસ્તુઓ સારી બનતી હોય તેના પર વધુ ધ્યાન આપો.



દીર્ઘદૃષ્ટિ વાપરવાથી પસ્તાવાનો વારો નથી આવતો.
જૅફરી બૅઝોસ
[ઑનલાઇન બુક સ્ટોર એમેઝોન.કોમના સ્થાપક]

છેલ્લું ડગલું ભરવાનું જ અઘરું હોય છે. મોટા ભાગે
લોકો ત્યાં જ પાછી પાની કરે છે.
રૉસ પૅરોટ
[બિઝનેસમેન તથા પ્રૅસિડેન્ટના ઉમેદવાર]

બિઝનેસમાં બસ જેવું છે.
એક બસ ચૂકી જવાય તો વાંધો નહીં, બીજી આવે.
રિચર્ડ બ્રાન્સન
[`વર્જિન' ગ્રુપના સ્થાપક]

14

સફળતાની ચાવીઃ યુવા ધનને સાચવી રાખો

એક જમાનો હતો કે કોઈપણ સંસ્થામાં કર્મચારીઓ લાંબા સમય સુધી જોડાયેલા રહેતા હતા. જ્યારે સરવૈયું કાઢવામાં આવે તો એવું પ્રસ્થાપતિ થતું કે કર્મચારીઓ સરેરાશ 10-10 વર્ષથી કંપનીઓ સાથે જોડાયેલા રહેતા અને અમને કંપનીની અસ્ક્યામત માનવામાં આવી હતી. જોકે આજની અત્યંત ઝડપી અને ગ્લૉબલાઇઝેશનના યુગમાં વાત અત્યંત જુદી બની ગઈ છે.

જો તમે કોઈપણ સંસ્થામાં કેટલા કર્મચારીઓ નોકરી છોડીને જાય છે તેનું પૃથ્થકરણ કરશો તો 90 ટકા જેટલી ભારતીય કંપનીઓમાં જોવા મળ્યું છે કે યુવાન કર્મચારીઓ ઝડપથી નોકરી છોડીને ચાલ્યા જાય છે. એક સર્વે પ્રમાણે યુવાન કર્મચારીઓ એકથી દોઢ વર્ષમાં નોકરી છોડીને ચાલ્યા જાય છે. વર્લ્ડ મોનિટરના 2011ના એક અહેવાલ અનુસાર ભારતમાં 89 ટકા જેટલા દેશના કોઈપણ ખૂણે કામ કરવા તૈયાર છે. તેઓ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જવા જરાય અચકાતા નથી. આના લીધે તેમને મળતી તકનો ભરપૂર લાભ ઉઠાવે છે અને લાંબો સમય આપી એક જ કંપની સાથે જોડાયેલા રહેતા નથી, તો સૌથી મોટો પ્રશ્ન એ ઉદ્ભવે કે આજના યુવાનોને જોઈએ છે શું? તેઓ એક જ કંપની સાથે લાંબો સમય જોડાઈ રહેવા કેમ માગતા નથી? નવી કંપનીની લાલચમાં આવી જાય છે? શું ટૂંકા ગાળાના લાભો લેવાની મનોવૃત્તિ અટકાવે છે? આ બધા પ્રશ્નો હજુય અનુત્તર જ રહ્યા છે અને યુવાનોની એક ડાળથી બીજી ડાળે કૂદવાની મનોવૃત્તિ ચાલુ છે.

એક સુંદર ઉદાહરણ આપું. આનંદ મહેન્દ્રનું નામ આપણે સૌ જાણીએ છીએ. તેઓ મહેન્દ્ર ઍન્ડ મહેન્દ્ર ગ્રુપના વાઇસ ચૅરમૅન અને એમડી છે. જ્યારે તેઓ બૉસ્ટનની બિઝનેસ સ્કૂલમાં ભણીને પરત આવ્યા ત્યારે તેઓ સતત દ્વિધામાં હતા. તેઓ નિર્ણય નહોતા કરી શક્યા કે ભારતમાં પાછા ફરવું કે અમેરિકામાં જ સ્થાયી થવું. તેઓ યુવાન, ઉત્સાહી અને આત્મવિશ્વાસથી ભરપૂર હતા. એમની પાછળ તેમના પરિવારનું મજબૂત પીઠબળ હતું. તેમને કંઈક જુદું જ કરી બતાવવાની તાલાવેલી હતી.

અમેરિકામાં નોકરી કરવાનો વિચાર તેમણે તેમના સસરા પ્રેમનાથ ખંડેલવાલને કહ્યો. પ્રેમનાથજીએ જમાઈની વાત ધ્યાનથી સાંભળી. તેમણે તેમના અનુભવથી તરત જ અંદાજ લગાવી લીધો જો આનંદને પોતાના ફૅમિલી બિઝનેસમાં સારું વાતાવરણ અને યોગ્ય કામ નહીં મળી રહે તો ચોક્કસ તે પોતાનો ફૅમિલી બિઝનેસ પાડીને અથવા સંભાળવાની જગ્યાએ બીજી કોઈની કંપનીમાં અમેરિકામાં નોકરી કરશે. વાત પામી જઈને પ્રેમનાથ ખંડેલવાલે પૂછ્યું કે, ``આનંદ, તારે એવું તે શું જોઈએ છે કે જે ભારતમાં નથી અને અમેરિકામાં છે?"

આનંદ મહેન્દ્રે વળતો જવાબ આપ્યો કે, `‘મારે કંઈક કરી બતાવવું છે. એના માટે મારે જોઈએ છે સારી તક, યોગ્ય કામ અને ઉત્તમ વાતાવરણ." જમાઈની વાત સાંભળીને પ્રેમનાથ ખંડેલવાલે કહ્યું કે હું તારા જ પરિવારના વ્યવસાયમાં તને જોઈએ છે તે અપાવવા પ્રયત્ન કરું. તું પ્રયત્ન કર, તને ફાવે તો આગળ વધજે અને ન ફાવે તો એક-બે વર્ષ પછી તું અમેરિકા જઈને સ્થાઈ થઈ શકે છે.

સસરાની સલાહ માનીને આનંદ મહેન્દ્રે પોતાના જ ફૅમિલી બિઝનેશમાં ઝંપલાવ્યું અને

સફળતાનાં શિખરો સર કર્યાં. આજે મહેન્દ્ર ઍન્ડ મહેન્દ્ર ગ્રૂપનું નામ ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં આદરથી લેવામાં આવે છે. એટલું જ નહીં ભારતીય ઉધોગજગતના સન્માનીય ઉધોગપતિ રતન તાતાએ પણ આનંદ મહેન્દ્રની કાર્યશૈલીનાં વખાણ કર્યાં હતાં અને એ મહેન્દ્રએ પણ તેના મોટા ભાઈના આશીર્વાદ ગણાવ્યા હતા.

આના ઉપરથી એટલી વાત સ્પષ્ટ છે કે આ તરવરાટ અને ચબરાક યુવાનોને તમારે ઑર્ગેનાઇઝેશનમાં ટકાવી રાખવા હોય તો અનુકૂળ વાતાવરણ તો આપવું જ પડશે. એ સમયની માંગ છે અને માંગને પરિપૂર્ણ કરવામાં જે સંસ્થા પાછી પડી તેણે તેનું યુવાધન ગુમાવવાની તૈયારી રાખવી પડશે.

યુવાનો સંસ્થાની અસ્ક્યામત છે. તેને જાળવી રાખવાની જવાબદારી સંસ્થાના વડાની તથા ટોપ મૅનેજમૅન્ટની છે. તેને કામ કરવા યોગ્ય વાતાવરણની સાથોસાથ તેની માનવતાસભર વ્યવહાર તથા આત્મીયતા કેળવવી પડશે. તેને માત્ર કામનું સાધન ન સમજતાં સંસ્થાનું અવિભાજ્ય અંગ ગણીને તેની સાથે વ્યવહાર કરવો પડશે અને તો જ તે સંસ્થા બૉન્ડિંગથી જોડાયેલા રહેશે.

- આજના યુગમાં યુવા ઑર્ગેનાઇઝેશનમાં કામ કરતી વખતે છ વસ્તુઓની જરૂર છે. યોગ્ય કામ, સારુ પૅકેજ, ઉત્તમ વાતાવરણ, નિર્ણય લેવાની જવાબદારી અને પોતાનું સન્માન જળવાય. જો આ છ વસ્તુ તેને આપોઆપ મળી રહેશે તો ચોક્કસ તે યુવાન લાંબા સમય સુધી સંસ્થા સાથે આત્મીયતાથી જોડાયેલો રહેશે.
- સારા મૅનેજરે યુવાન કર્મચારીને વધુ ને વધુ કામ આપવું જોઈએ. સાથોસાથ દર બે ત્રણ મહિને કામના થોડું નવિનીકરણ લાવવા ફેરફાર કરવો જોઈએ. જેથી કર્મચારીને નવું શીખવાની ધગશ સંતોષાય.
- યુવાન કર્મચારીની શક્તિઓને સાચી દિશામાં કેળવશો...... તમને અદ્ભુત પરિણામ મળી શકશે. કર્મચારીને સાચી દિશામાં કામ આપવાની જવાબદારી તેના લીડરની છે.
- દર બે-ત્રણ મહિને સારા ટ્રેનિંગ પ્રોગામનું આયોજન કરવું. આથી યુવાન કર્મચારીઓને સાચું જ્ઞાન મળી શકે. તે પોતાની જાતને બદલવામાં ધ્યાન કેન્દ્રીત કરી શકે. જેનો તેમને ભવિષ્યમાં ફાયદો થવાનો છે.
- યુવાન કર્મચારીઓને હંમેશાં પ્રોત્સાહિત કરો. જો તેને સારી રીતે પ્રોત્સાહિત કરવામાં આવશે તો એક યુવા કર્મચારી કર્મચારીનું કામ કરી બતાવશે.



દરેકમાં કાંઈક આવડત તો હોય છે જ.
તમને એ સમજાય ત્યાં સુધી તમે કર્યા કરો છો!
જ્યોર્જ લ્યુકાસ
[ફિલ્મ ડાયરેક્ટર]

રેસમાં દોડવા જ ન જાઓ તો જિતાય ખરું?
રિચાર્ડ ડેવૉસ
[એમ-વે કંપનીના સહસ્થાપક]

મને મૃત્યુનો ભય નથી. મારી કોઈ એક ફિલ્મથી લોકો બોર થઈ જશે,
કંટાળી જશે, તે દિવસે મારું મૃત્યુ થયું જાણજો!
સ્ટીવન સ્પીલબર્ગ
[અમેરિકન ફિલ્મમેકર, ડાયરેક્ટર]

15

બ્રાન્ડની લોકપ્રિયતા માટે લોકોને સાંકળો

આ પણે ઘણીવાર જોઈએ છીએ કે દિવસભરમાં આપણે કેટલી બધી વસ્તુઓ વાપરીએ છીએ. જેમાંથી ઘણી પ્રોડક્ટ્સનાં નામ આપણને મોઢે ચડી જાય છે. જ્યારે મોટા ભાગની પ્રોડક્ટ્સ એક-બે વખત વાપરીને ભૂલી જઈએ છીએ. માર્કેટિંગનો એક મૂળભૂત મંત્ર છે કે જો તમારામાં તમારી બ્રાન્ડને વેચવાની તાકાત હોય તો લોકોને જરૂર હોય કે ન હોય, પરંતુ તમારી 'ઇફેક્ટિવ બ્રાન્ડ અવેરનેસ'ને લીધે સામાન્ય જનતા તમારી પ્રોડક્ટ્સ લેવા માટે જરૂર પ્રેરાય.

હાલ જ્યારે વિશ્વમાં હરીફાઈનો જમાનો છે, જ્યારે તમે તમારી પ્રોડક્ટને બીજાથી અલગ તારવો, તો જ તમે નંબર-1 બ્રાન્ડ બની શકો. તમારે નં. 1 બ્રાન્ડ બનાવવી પડે. જો તમે આ કરી શકતા હો તો મને નથી લાગતું કે તમને શ્રેષ્ઠ પ્રોડક્ટ્સ બનાવવાથી કોઈ અટકાવી શકે. એક સુંદર ઉદાહરણ આપું.

કેડબરી બ્રાન્ડે પોતાનું ધ્યાન યુવાવર્ગ ઉપર કેન્દ્રિત કર્યું છે અને તેનાથી તેની લોકપ્રિયતા વધી છે. જાહેરાતમાં યુવાવર્ગને સીધી રીતે સાંકળી લેવાથી ડેરી મિલ્ક યુવાન વર્ગની બ્રાન્ડ થઈ ગઈ છે. ઉત્સવનો કોઈપણ અવસર હોય તો ડેરી મિલ્ક ખાઓ. પરીક્ષામાં પાસ થઈ ગયા હો તો ડેરી મિલ્ક ખાઓ. ક્રિકેટ મૅચમાં કોઈપણ જીતે, ડેરી મિલ્ક ખાઓ. દરેક સફળતા સાથે ડેરી મિલ્કને જોડવાથી બ્રાન્ડ સફળ થઈ ગઈ છે. 'કુછ મીઠા હો જાએ' એ જાહેરાતથી ડેરી મિલ્કને મીઠાઈના સ્વરૂપે પણ રજૂ કરવામાં આવી છે. જો પત્ની પ્રત્યે પ્રેમ હોય તો તેને રોજ ડેરી મિલ્ક ખવડાવો.

ડેરી મિલ્કની સફળતાની વાત કરીએ તો આજે ડેરી મિલ્ક વિશ્વમાં નંબર વન ચૉકલેટ બ્રાન્ડ છે. ભારતમાં પણ તે નંબર વન છે, પરંતુ તમે એ જાણો છો કે આજે વિશ્વના 60થી વધારે દેશોમાં પહોંચી ગયેલી કેડબરી કંપની 1824માં બર્મિંઘમની એક નાની એવી દુકાનથી શરૂ થઈ હતી. તેના સંસ્થાપક એક સમયે કાઉન્ટર પર બેસી ડ્રિન્ક, ચૉકલેટ અને ચા-કૉફી વેચતા હતા. તેના સંસ્થાપક 'જોન કેડબરી'ની સફળતા બતાવે છે કે દરેક મોટા વૃક્ષની શરૂઆત નાના બીજથી થાય છે.

મિલ્ક ચૉકલેટ બનાવવાનો વિચાર જોન કેડબરીના દીકરા જોર્જ કેડબરીના મનમાં આવ્યો. એ જમાનામાં સ્વિત્ઝર્લેન્ડમાં બનતી મિલ્ક ચૉકલેટની ઇંગ્લૅન્ડમાં પણ સારી એવી લોકપ્રિય હતી. જોર્જ કેડબરી નિષ્ણાતોની ટીમ સાથે મિલ્ક ચૉકલેટની ફૉર્મ્યુલા શોધવામાં લાગી ગયા. કેટલાંક વર્ષોની મહેનત પછી 1905માં ડેરી મિલ્ક તૈયાર થઈ. તમને નવાઈ લાગશે, પરંતુ 1913 સુધી ડેરી મિલ્ક કંપનીની બેસ્ટ સેલિંગ બ્રાન્ડ બની ગઈ અને આજે લગભગ 100 વર્ષ પછી પણ તે નંબર વન બ્રાન્ડ છે. 100 વર્ષના ગાળામાં ફૅશન બદલાઈ ગઈ, મશીનો બદલ્યાં, દુનિયા બદલાઈ ગઈ, પરંતુ કેડબરીએ ડેરી મિલ્કની રેસિપી ન બદલી.

શરૂઆતથી જ આ બ્રાન્ડ લોકોને પોતાની સાથે સાંકળી લીધા છે. ભારતમાં ચૉકલેટનું બજાર 16 અબજ રૂપિયાનું છે, જેમાં એકલી ડેરી મિલ્કનો બ્રાન્ડનો ભાગ 30 ટકાથી ઉપર છે. ડેરી મિલ્કની 100 વર્ષની સફળતાનું મુખ્ય રહસ્ય તેની એકસરખી ક્વૉલિટી, તેનું નેટવર્ક અને ગ્રાહકોની પોતાની સાથે જકડી રાખવાની વ્યૂહરચનાને આભારી છે. આજે કેડબરીનું સામ્રાજ્ય

60થી વધારે દેશોમાં ફેલાયેલું છે.

કહેવાનું તાત્પર્ય છે કે જો તમે લોકોને ઉત્તમ ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ આપો અને તમે જો જાણતા હો કે તમારી પ્રોડક્ટ્સને લોકો સાથે કેવી રીતે સાંકળી રાખવી તો તમને નંબર વન બ્રાન્ડ બનતાં કોઈ નહીં રોકી શકે.

ટોપ બ્રાન્ડ બનાવવા માટે કેટલીક ટિપ્સ :

- એ ખૂબ જ જરૂરી છે કે તમારી પ્રોડક્ટ્સની ગુણવત્તા શ્રેષ્ઠ ક્વૉલિટીની હોવી જરૂરી છે. સારી ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ જ લાંબા સમય સુધી ચાલે છે.
- તમારી પ્રોડકટ્સ લોકોના દિલ અને દિમાગ સુધી છવાઈ જાય તે માટે વિચારવાનું ચાલુ કરો. જો તમારી માર્કેટિંગ સ્ટ્રેટેજી લોકોનાં દિલ સુધી પહોંચી ગઈ તો સમજો કે તમારી બ્રાન્ડ ટોપ બનીને રહેશે.
- તમારું માર્કેટિંગ કૉમ્યુનિકેશન લોકો સુધી સારી રીતે પહોંચે એ માટે તમારો સંદેશ ખૂબ જ સરળ રાખો. સરળ વાત ગ્રાહકના દિલ સુધી સારી રીતે પહોંચે છે.



વિચારવાનું તો છે જ તો લાંબું વિચારો ને! થિંક બીગ!
ડૉનાલ્ડ ટ્રમ્પ
[રિયલ ઍસ્ટેટ ક્ષેત્રના અબજોપતિ અને યુ.એસ. પ્રેસિડેન્ટ]

જોખમ તમારા પોતાને માથે હોય,
ત્યારે તમે અલગ રીતે વિચારો છો.
હેન્રી ક્રાવિસ
[કૉહેલબર્ગ ક્રાવીસ રૉબર્ટ્સ એન્ડ કંપની]

ગ્રાહક જોડે સંબંધો સારા હોય તો ધંધો કરવામાં સરળતા રહે છે.
રિચાર્ડ પ્રાટ
[વિસી ઈન્ડસ્ટ્રીઝના ચૅરમેન]

16

તમારાં સપનાંને વળગી રહો

એ. જી. કૃષ્ણમૂર્તિ કે જેમણે દેશની ટોચની ઍડ્‌વર્ટાઇઝિંગ એજન્સી 'મુદ્રા કૉમ્યુનિકેશન'ની સ્થાપના કરી હતી ત્યારે જેમના શરૂઆતના દિવસોને યાદ કરવા જેવા છે. એ. જી. કૃષ્ણમૂર્તિના મુજબ તેમણે એક સ્વપ્નું જોયું કે ભારતમાં સૌથી શ્રેષ્ઠ જાહેરખબર અને જનસંપર્ક ક્ષેત્રની એજન્સી બનાવવી. તેમના શબ્દોમાં, 'અમને સ્વપ્નાં જોવાની પ્રેરણા ધીરુભાઈ અંબાણીમાંથી મળી. ધીરુભાઈ અંબાણી સ્વપ્ન જોવા અને તેને વળગી રહેવાની સલાહ આપતા.'

તેમના કહેવા મુજબ, 'અમે મુદ્રાની શરૂઆત કરી ત્યારે અમારી પાસે માત્ર 35,000 રૂપિયા અને એક સ્વપ્ન જ હતું. અમારું પહેલું લક્ષ્ય દેશમાં સૌથી સારી ટૅક્સ્ટાઇલ કંપનીની એડ તૈયાર કરવાનું હતું. 1980ના દાયકામાં એ જમાનામાં 'જાહેરખબરની દુનિયાની રાજધાની મુંબઈથી સેંકડો માઇલ દૂર અમદાવાદની એક નાનકડી ઑફિસમાં બેસીને સ્વપ્ન જોવું અને તેને વળગી રહીને સાકાર કરવું, તે વખતે આ વાત અસાધારણ લાગતી હતી. ઘણાં અમારી સ્વપ્ન જોવાની અને વળગી રહેવાની ધૂનને જોઈને હસતા હતા, પરંતુ અમે ધ્યેયને વળગી રહ્યા અને માત્ર ક્રિયેટિવ જાહેરખબરો બનાવી, એટલું જ નહીં, પણ નવ વર્ષના વિક્રમી સમયમાં દેશની ટોચની ત્રણ ઍડ્‌વર્ટાઇઝિંગ એજન્સીમાં સ્થાન પણ મેળવી લીધું.'

એ. જી. કૃષ્ણમૂર્તિને જ્યારે તેમની સફળતા વિશે પૂછવામાં આવતું ત્યારે તેમની સફળતાનો ધ્યેય તે ધીરુભાઈ અંબાણીને આપતા. તેમણે કહેલું કે ધીરુભાઈ પોતાના સ્વપ્નને વળગી રહ્યા અને અશક્યને શક્ય બનાવ્યું.

કહેવાનું તાત્પર્ય એ છે કે જો તમે કોઈ વસ્તુ ખરેખર મેળવવા ઇચ્છતા હો તો તે માટે તમારે પ્રયત્નો કરવા પડે. તેને હાંસલ કરવાનાં સ્વપ્નો જોવા પડે અને કુદરત પણ તમને એ દિશામાં જ ધકેલે છે અને તમને સફળ બનાવવા માટેના માર્ગને સરળ બનાવે છે. તમારી આકાંક્ષાઓ તમને એક સ્પષ્ટ ધ્યેય આપે છે. જેના કારણે તમે અવરોધમાંથી પણ આગળ જોઈ શકો છો અને તેનાથી તમને એ પણ સમજાઈ જશે કે આ અવરોધો મંજિલ આડેના કામચલાઉ નડતર જ છે. મોટે ભાગે લોકો આજની મુશ્કેલીઓમાંથી આગળ જોઈ શકતા નથી. તેના કારણે જ પોતાનું સપનું સાકાર કરવાનું કામ અધવચ્ચે છોડી દે છે, પણ દુનિયાને તમારી તરફ કરી લેવા માટે તમારે તમારા સ્વપ્નને વળગી રહેવું પડે છે. તમને આ દરમિયાન ઘણીવાર તો તમારા હિતેચ્છુ ગણાવનાર લોકો મળશે અને એવી સ્થિતિ પણ સામે આવશે કે જે તમને તમારા સપનાથી દૂર લઈ જાય, પરંતુ જો તમે તમારા સપનાને વળગી રહો અને ક્ષમતાને પિછાણી લો તો તમારું ગમે તેવું અશક્ય લાગતું સપનું પણ સાકાર થઈને રહેશે જ.

આજના વૈશ્વિક હરીફાઈના જમાનામાં દરેકે સંઘર્ષ કરવો પડે છે. દરેકને આગળ વધવું છે, પરંતુ એ લોકો જ આગળ જઈ શકે છે જે દૂરનું વિચારી શકે અને સપનાં જોઈ શકે.

કેટલીક ટિપ્સ :

- જો તમારે કંઈક નવું કરવું હોય ને બધા કરતાં અલગ રીતે આગળ વધવું હોય તો કંઈક બનવાનાં સપનાં જુઓ. કશું નવું કરી બતાવવાનાં સપનાં જુઓ. સપનાં જુઓ અને તેના ધ્યેયને હાંસલ કરવાના પ્રયત્નો ચાલુ કરી દો.

• તમારી સફળતાની યાત્રા દરમિયાન મુસીબતો તમને અઢળક મળશે, પરંતુ તમે તમારાં સપનાં જોવાની દિશાના ધ્યેયને પકડી રાખો. તમને માર્ગ ચોખ્ખો દેખાશે. મુસીબતોની પરવા ન કરો અને તમારા ધ્યેયમાં આગળ વધો.
• તમે જ્યારે કંઈક નવું કરવાનું સપનું જોશો ત્યારે તમને પ્રોત્સાહન આપનાર લોકો કરતાં તમે નિરુત્સાહી કરનાર લોકોની સંખ્યા વધારે મળશે. આથી બધાનું સાંભળો, પરંતુ તમને જે યોગ્ય લાગે તેનું જ અનુકરણ કરો.
• સપનું જોવું અને તેને હકીકતમાં બદલવું. તેના માટે તમને ખૂબ જ આત્મવિશ્વાસની જરૂર પડશે. તમે તમારા પર ભરોસો રાખો અને આગ વધો.
• અને છેલ્લે ખૂબ જ હકારાત્મક રહો. નકારાત્મક વાતાવરણથી અને તે પ્રકારનુ થિન્કિંગ ધરાવતા લોકોથી દૂર રહો અને ફક્ત તમારા લક્ષ્ય પર જ ધ્યાન આપો.



ગ્રાહક જ્યાં હોય ત્યાં પહોંચી જાઓ. એ તમારા સુધી લાંબો નહીં થાય.
માર્ક ક્યુબન
[ઇન્ટરનેટ વ્યાપારમાં બનેલ અબજોપતિ]

`ગ્રેટ આઇડિયા' વગર `ગ્રેટ કંપની' શક્ય જ નથી.
પૈસો તો જોઈએ જ... પણ મૂળભૂત વિચાર વગર પૈસાને શું કરવાનો?
જૅરી યાંગ
[`યાહુ' ઇન્કૉર્પોરેશનના સ્થાપક]

જીવન જો રમત છે તો પૈસો સ્કોરકાર્ડ છે.
ટેડ ટર્નર
[મીડિયા માંધાતા અને દાનવીર]

17

સફળતાને પામવા ખુલ્લા આકાશ જેવું મન રાખો

કેટલીક વ્યક્તિઓ પોતાની નિષ્ફળતા માટે ખુદ જવાબદાર હોય છે. તેમના વિકાસમાં તેઓ જ રોડા નાખે છે.

મેં અનુભવ્યું છે કે 90 ટકા લોકો પોતાની નિષ્ફળતા માટે પોતે જ જવાબદાર હોય છે. જ્યારે તેમની પ્રૉફેશનલ કરિયરમાં કંઈક નવું કરવાની કે બધા કરતાં જુદું કરવાની તક આવે ત્યારે વ્યક્તિ પોતે જ પોતાનામાંનો આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે. તેઓને હંમેશાં પોતાનાં જ્ઞાન અને કૌશલ્યમાં શંકા ઊપજે છે. જીવનમાં અવારનવાર ખૂબ જ તકો આવતી હોય છે. જરૂર છે માનવીએ આ તકને ઓળખવાની, પોતાનામાં વિશ્વાસ રાખવાની અને તકને ઝડપી પોતાની કરિયરને આગળ ધપાવવાની, પરંતુ મોટા ભાગના કિસ્સામાં આવું થતું નથી. વ્યક્તિને સફળ થવું છે, પરંતુ વધારાનું કંઈ કાર્ય કરવું નથી. તે પોતાના કાર્યવર્તુળમાંથી બહાર નીકળવા માગતી નથી.

જો વ્યક્તિ આત્મવિશ્વાસ અને ધગશથી નવું કાર્ય હાથમાં લે, સખત કાર્યરત રહે અને પોતાનામાં વિશ્વાસ રાખે તો સફળતાનાં નવાં શિખરો ચોક્કસ સર કરી શકે તેમાં બેમત નથી. એક નાનકડું ઉદાહરણ જોઈએ.

એક રાજાને બાજ પક્ષીનો ખૂબ જ શોખ હતો. એક દિવસ એક શિકારી એ રાજાને બાજનાં બે નવજાત બચ્ચાં આપી ગયો. રાજાએ પોતાના ખાસ વિશ્વાસુ અને બાજ પ્રશિક્ષકને બાજનાં બન્ને બચ્ચાંઓને તૈયાર કરવાનો અને જાતવાન પક્ષી બનાવવાનો આદેશ આપ્યો. સમય વીતતા રાજા તે બંને બાજ બચ્ચાંનો વિકાસ જોવા ગયો. રાજાએ જોયું કે એક બાજ તો ગર્વભેર આકાશમાં ઊડતો હતો, પણ બીજો એક ડાળી પર જ બેઠો હતો.

રાજાએ પ્રશિક્ષકને પૂછ્યું કે, ``આ બીજું બાજ કેમ નથી ઊડતું?" `‘મહારાજ ખબર નહીં કેમ, પણ હું તો બંનેને સરખી તાલીમ આપું છું.'' પ્રશિક્ષકે જવાબ આપ્યો અને ઉમેર્યું કે આ બાજ થોડું ઊડી પાછો પોતાની ડાળી પર જ બેસી જાય છે. રાજાને ખાસ્સું અચરજ થયું અને તેણે રાજ્યમાં જાહેરાત કરી કે જો કોઈ આ બાજને ઊડતાં શીખવશે એને ઇનામ આપવામાં આવશે. ઘણાં પંખીવિદો આવ્યા અને જાતજાતના અખતરા કર્યા, પરંતુ બાજ તો ડાળીથી દૂર જાય જ નહીં. આખરે બધા નિષ્ણાતો થાકી ગયા અને હથિયાર હેઠાં મૂકી દીધાં, પરંતુ અચાનક એક ખેડૂત જે એક નાના ગામમાં રહેતો હતો તેણે રાજાની વિનંતી કરી અને આ બાજને સુધારવાની મને તક આપો. રાજાએ ખેડૂતને તક આપી.

થોડા દિવસ પછી રાજાએ જોયું કે બંને બાજ આકાશની ઊંચાઈઓ માપી રહ્યા હતા. રાજા ખૂબ જ ખુશ થયો અને ખેડૂતને સારું ઇનામ આપ્યું અને કુતૂહલવશ પૂછ્યું કે, ``આવું તું કેવી રીતે કરી શક્યો." ખેડૂતે કહ્યું, ``મહારાજ, હું બહુ જ્ઞાનની વાત નથી કરતો કે નથી જાણતો, પણ મેં તો ફક્ત એ ડાળી જ કાપી નાખી. જેના ઉપર એ પક્ષી બેસતું હતું અને જેવી એ ડાળી ન રહી, પક્ષી આકાશની ઊંચાઈ પ્રાપ્ત કરી શક્યું.''

કહેવાનું તાત્પર્ય એ છે કે આપણી સમક્ષ પણ ખુલ્લું આકાશ પડેલું છે, પણ આપણે અમુક ડાળીને વળગી રહીએ છીએ. `આ મારાથી નહીં થાય.' બસ, જો આ ડાળીને જો આપણે દૂર કરી શકીએ તો સફળતાનું આકાશ માપી લેવું જરાય અઘરું નથી.

કેટલીક ટિપ્સ :

- જ્યારે પણ નવું કામ કરવાની તક મળે ત્યારે એક ક્ષણનો પણ વિચાર કર્યા વગર તરત જ તેને સ્વીકારી લો, આનાથી તમને નવું કામ શીખવા મળશે. તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે અને તમારા કાર્યવર્તુળને તમે વધુ મોટું બનાવી શકશો.
- ક્યારેય તમારા મનને નબળું ન બનાવશો. જીવનમાં કોઈ દિવસ નકારાત્મક વિચારો લાવવા નહીં. નવી તકને ઓળખો અને ખૂબ જ હકારાત્મકથી કામ ઉપાડી લો. આવું નવું સાહસ તમને સફળતાનો નવો સ્વાદ અપાવશે.
- ક્યારેય નીચું લક્ષ્ય રાખવું નહીં. હંમેશાં આકાશને આંબી શકાય તેવું મોટું વિચારો. સંકુચિત વિચારો તમને આગળ વધતાં રોકી રાખશે.
- એટલું યાદ રાખો કે તમને સફળ કે નિષ્ફળ બનાવવામાં તમારા મનનો ફાળો બહુ જ મહત્ત્વનો છે. મનને મક્કમ બનાવો. આત્મવિશ્વાસથી કામ કરો. બધું સારુ જ થશે.
- નવું વિચારો, નવું કરો અને આગળ વધો.



તમે જે ભૂલો કરી છે તેને ભૂલશો નહીં.
ચાર્લી મંગર
[વૉરન બફેટના પાર્ટનર]

જ્યારે કોઈ જોવાવાળું ન હોય ત્યારે પણ શ્રેષ્ઠત્તમ પ્રદાન આપો
તો જ જાત પ્રત્યે પ્રમાણિક રહ્યા ગણી શકાય.
ઓપ્રાહ વીન્ફ્રે
[અભિનેત્રી અને જાણીતાં ટી.વી. શો હોસ્ટ]

માર્કેટિંગ તરફ ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ગ્રાહક તરફ ધ્યાન કેન્દ્રિત કરો.
સ્કૉટ કુક
[ઇનટ્યૂટ(સૉફ્ટવૅર)ના સ્થાપક]

18

કશુંક મેળવવા તમારી અંદર આગ જોઈએ

એક યુવાન પોતાના પિતા જોડે ઍરોપ્લેનમાં જઈ રહ્યો હતો. પિતા અને પુત્ર વચ્ચે ઘણા સમય પછી અંગત વાત કરવાનો મોકો હતો. યુવકના મનમાં જીવન વિષે ઘણી મૂંઝવણ હતી. શું કરવું શું ન કરવું તેની ઘણી મથામણો તેના મનમાં ચાલતી હતી. તેના પિતા આ મળી ગયેલા સમયનો સારો ઉપયોગ કરીને પુત્રને સરસ મજાની વાતો કહીને જીવનનો પાઠ શીખવી રહ્યા હતા.

એટલામાં પુત્રએ વિમાનની બારીમાંથી એક રૉકેટ જોયું અને તે ઘણી ઝડપથી પ્લેનથી આગળ નીકળી ગયું. યુવકે પિતાને કહ્યું : ``જોયું પપ્પા, પેલું રૉકેટ ઝડપથી આગળ નીકળી ગયું." પિતાએ કહ્યું : ``હા બેટા, નીકળવું એ જીવનનો ક્રમ છે. જે ગતિ નથી કરતાં તે ખાબોચિયું બની જાય છે અને સુકાઈ જાય છે. પિતાએ ઉમેર્યું : ``બેટા, રૉકેટ કેમ આગળ નીકળી ગયું, તને ખબર છે? કારણ કે જેના પૂંછડે આગ લાગી હોય તે ગતિ કરે છે. બેટા, જીવનમાં કશુંક કરવું હોય તો તમારા મનમાં આગળ વધવાની કે કંઈક નવું કરવાની ધગધગતી આગ હોવી જોઈએ.

પુત્રએ ખૂબ જ આનંદથી પિતાની વાત સમજી અને તેને આગળ જીવવા માટેનો આદર્શ મંત્ર મળી ગયો.

આ કેટલી નાનકડી વાત છે, પરંતુ એટલી જ ચોટદાર છે. જીવનમાં ઘણી વ્યક્તિઓ હંમેશાં હતાશાની ગર્તામાં અને પોતાના જીવનની જવાબદારી બીજા ઉપર ઢોળી જીવને એક ખાબોચિયા તરીકે જીવતા હોય છે. આવી વ્યક્તિઓ હંમેશાં પોતાને નિષ્ફળતા કે પોતાને સફળતા ન મળતી હોવાનાં કારણોમાં મહદ્અંશે બીજાઓ પર દોષનો ટોપલો ઢોળતી હોય છે. તેઓના જીવનમાં કશું નવું નથી. તેઓ માનસિક રીતે એકદમ ઠંડા અને જોશ વગરના હોય છે. તેઓ માત્ર ટાઇમ પાસ કરે છે અને જ્યાં કામ કરતાં હોય તે સંસ્થાની કે તેમના સહકર્મચારીઓની ખામીઓ કાઢવામાં મશગૂલ હોય છે.

એક વાત સ્પષ્ટ છે. આવી વ્યક્તિઓ જીવનમાં કશું કરી નહીં શકે. તેઓ માત્ર ટાઇમપાસ તરીકે ધીમે ધીમે સમાજમાં ઓળખાવા લાગશે.

માઇક્રોસૉફ્ટના સંસ્થાપક બિલ ગેટ્સ હંમેશાં કહેતા કે, ‘જીવન હંમેશાં સરળતાથી નથી વીતતું. તમારે દરેક મુશ્કેલીથી ટેવાવું પડે છે. પરંતુ મહત્ત્વનું છે કે કશું કરી બતાવવાની ધગશ તમારા જીવનમાંથી ઓછી ન પડવી જોઈએ.’

બિલ ગેટ્સે ઉમેર્યું : ‘જીવનમાં કંઈક કરી બતાવાની મારી ધગશને લીધે ફક્ત પચ્ચીસ વર્ષના ટૂંકાગાળામાં વિશ્વની કાયાપલટ કરી દેનાર કમ્પ્યૂટર સૉફ્ટવૅર ઇન્ડસ્ટ્રીઝનો મોટો હિસ્સેદાર છું. તેનો મને ગર્વ છે. મારી કામ કરવાની ધગશ અને મારી અંદરની આગને લીધે આજે જગતના ઇતિહાસમાં આટલા ટૂંકા ગાળામાં આટલી નોકરીની તકો ઊભી કરનાર આટલી નવી શોધખોળો કરનારા તથા માનવીને એટલો તાકાતવાર બનાવનાર બીજી કંઈક ઇન્ડસ્ટ્રીઝ હોય તો મને બતાવો.’

એ જ રીતે ખ્યાતનામ મૅનેજમૅન્ટ ગુરુ સ્ટીફન કોવીએ કહ્યું છે કે, ‘આપણા જીવનમાં જો કોઈ પ્રબળ ઇચ્છા હશે અને કશુંક કરી બતાવવાની ધગશ હશે તો તેની અસર સમગ્ર જીવન

પર પડ્યા વગર રહેશે નહીં.

કહેવાનું તાત્પર્ય એ છે કે જીવનને અમથે અમથું વ્યર્થ ન કરો. કશુંક બનવાના કે કશુંક કરી બતાવવાની ધગશ હંમેશાં જાળવી રાખો.

આ માટે પેશ છે કેટલીક ટિપ્સ :

- એટલું યાદ રાખો કે તમે પોતે જ તમારી સફળતા કે નિષ્ફળતા માટે જવાબદાર છો. તમે બીજા કોઈની ખામી કાઢી શકો નહીં. તમે તમારા ગોલ માટે હંમેશાં પૂરી ધગશ અને મક્કમતાથી કામ કરો.
- જીવનમાં બધા કરતાં કંઈક અલગ તરી આવવું હોય તો તમારી અંદરની આગને કદી ઠંડી પાડશો નહીં. પૂરા ધ્યેય સાથે તમારી કારકિર્દીની પગદંડી પર વળગી રહો.
- જીવનમાં એવું કંઈક કરી બતાવો કે બધા તમને ઓળખે અને તમારી તરફ અનોખા માનની નજરે જુએ. આ માટે ઊંચું વિચારો.
- નકારાત્મક વિચારોવાળા લોકોનાં ટોળાઓમાં કોઈ દિવસ જોડાવું નહીં.તમારી જિંદગીના તમે જ શિલ્પકાર છો.
- જે કંઈ કરો પૂરા ઉત્સાહ અને જોમથી કરો, સફળતા તમારે હાથવગી જ રહેશે.



કોઈપણ સારા કાર્યમાં જ્યારે મેં મારો ફાળો આપ્યો છે
-- તન, મન કે ધનથી -- ત્યારે હું કમાયો જ છું.
કૅરી સ્ટોક્સ
[`સેવન નેટવર્ક'ના ચૅરમૅન]

આપણી પાસે સારામાં સારી પ્રોડક્ટ હોય,
તે પણ ગ્રાહકને કહેવું તો પડે જ છે.
(માર્કેટિંગ-ઍડ્વર્ટાઇઝિંગ કરવું પડે)
બૅરી ડિલર
[મીડિયા કંપની IACના સી.ઈ.ઓ.]

હું નુકસાનીને કારણે સાવ તળિયે બેસીને પાછો આવેલો છું.
બમણા જોરથી કામ કરીને, ડબલ મહેનત કરીને ફરી કામે લાગું છું.
ગૅરી હાર્વે
[હાર્વીનોર્મન હોલ્ડિંગના ચૅરમૅન]

19

લાઇફ મેં કુછ ભી હો સકતા હૈ

જીવનમાં બે પ્રકારના લોકો જોવા મળે છે. એક હંમેશાં નીરસ, થાકી ગયેલા, નખાઈ ગયેલા અને હતાશાથી દોરાયેલા આવા લોકો નકારાત્મક વિચારોથી એવા ઘેરાયેલા હોય છે કે જિંદગી તેના માટે બોજ બની ગઈ છે. તેઓ ફક્ત સમય પસાર કરે છે. આવા લોકોની જિંદગીનો કોઈ હેતુ હોતો નથી.

બીજા પ્રકારના લોકો આત્મવિશ્વાસ, ધ્યેય અને સફળતાથી ટેવાયેલા હોય છે. તેઓમાં કંઈક કરી બતાવવાનું જોમ હોય છે. તેઓ તેમના પથ પર ચાલતા જ જતા હોય છે.

પરંતુ આ બંને પ્રકારના લોકોમાં હંમેશાં એક ભય છુપાયેલો હોય છે. જે લોકો સફળ હોય છે તેઓ હંમેશાં આવી સફળતા કાયમી રહેશે કે કેમ તેના વિચારોમાં વ્યસ્ત રહે છે અને આવો ડર તેમને હંમેશાં સતાવતો હોય છે.

જ્યારે બીજા પ્રકારના નીરસ લોકો તેઓ ક્યારેક તેમના રૂટિન જીવનથી જ તૂટી પડશે તેવો ભય તેમને સતાવતો હોય છે.

મારા કહેવાનો અર્થ છે કે માણસ સફળ હોય કે નિષ્ફળ તેને હંમેશાં એક છૂપો ડર હંમેશાં સતાવતો હોય છે. બધું જ બરાબર ચાલતું હોય, પરંતુ ક્યારેય મને 'કંઈક થઈ જશે તો' તેવો વિચાર હંમેશાં આવતો હોય છે.

આવી ક્ષણે એટલું જ વિચારવું કે 'જિંદગી હંમેશાં રંગોથી ભરપૂર છે. જિંદગી ફક્ત એક જ વાર છે. તેને ભરપૂર માણો અને જીવો' કારણકે 'લાઇફ મેં કુછ ભી હો સકતા હૈ.' હંમેશાં આત્મવિશ્વાસથી જિંદગી જીવતા રહો. આનંદમય રહો. આત્મવિશ્વાસવાળો માણસ કશાની તરફેણમાં કે કશાના વિરોધમાં પોતાનું મન સ્થિર કરતો નથી. તે બસ જિંદગી આનંદથી જીવ્યા જ જાય છે.

એક નાનકડો પ્રસંગ અહીં કહું.

એક વ્યક્તિ રોજિંદી જીવનની સમસ્યાઓથી થાકી ગયો હતો. એ પોતાના ગુરુ પાસે ગયો. એણે કહ્યું ``મારાથી હવે સહન થતું નથી. હું ખૂબ જ કંટાળી ગયો છું, થાકી ગયો છું. મને મદદ કરો.' ત્યારે ગુરુ અંદરના રૂમમાં લઈ ગયા અને ત્યાં બે ઘડિયાળ પડી હતી એમાંથી એક એના હાથમાં આપી અને કહ્યું ``આ ચાવીથી ચાલતી ઘડિયાળ છે. એને ચાવી આપો તો જ ચાલે."

ગુરુએ બીજી ઘડિયાળ આપી અને શિષ્યને કહ્યું : ``આ પાવરથી ચાલતી ઇલેક્ટ્રોનિક ઘડિયાળ છે. એને ચાવી આપવાની જરૂર નથી. એ ચાલ્યા જ કરશે."

પેલા માણસે કહ્યું ``એ તો મને ખબર છે, પરંતુ મારી સમસ્યાનું સમાધાન આમાં ક્યાં છે?"

ગુરુએ કહ્યું ``ભાઈ, તારા જીવની ઘડિયાળ ચાવીથી જ ચાલે છે. તારી એ જ સમસ્યા છે, તું જિંદગીને માણવાનો અધિકાર ભૂલી ગયો છે. કુદરતે આટલી સરસ જિંદગી આપી છે, પરંતુ તું તારી સમસ્યાઓમાં જ ઘેરાયેલો છે. બસ, તું પેલી પાવરવાળી ઘડિયાળની જેમ તારા જીવનમાં એક નવી આશા અને શક્તિ ભરી દે. જિંદગી સરસ ચાલ્યા જ કરશે અને એની શક્તિ ક્યારેય ઓછી નહીં થાય."

કહેવાનું તાત્પર્ય એ છે કે માનવી પોતે જ્યારે નક્કી કરે કે હું સમસ્યાઓની વાત બહુ વિચારીશ નહીં. મારામાં એક મૂળભૂત શક્તિનો સંચાર કરીશ અને હું સદાય હસતો જ રહીશ. ખીલેલાં ફૂલ જેવા, પડતા ધોધ જેવા, ગર્જના કરતાં સિંહ જેવા કે આકાશમાં ઊડતાં પંખી જેવા માણસો તમે જોયા જ હશે. આવા માણસો હંમેશાં પોતાના ઉપર વિશ્વાસ રાખે છે. જિંદગીને સારી રીતે જીવે છે. નકારાત્મક વિચારોથી દૂર રહે છે. અને `લાઇફ મેં કુછ ભી હો સકતા હૈ' તો અભી `જી લો જિંદગી ભરપૂર' આવા સુંદર વિચારોથી મસ્ત હોય છે.

કેટલીક ટિપ્સ :

- જિંદગીને એક બોજ તરીકે ન જુઓ. સમસ્યાઓ દરેકને હોય છે, પરંતુ તમારી પ્રતિક્રિયા આવી સમસ્યાઓ સામે શી હોય છે તે અગત્યનું છે. જો સદાય તમે હસતાં અને આનંદમય રહેશો તો સમસ્યાઓ આપોઆપ દૂર થઈ જશે. આ અજમાવી જુઓ.
- તમારી સમસ્યાઓને બહુ મોટું સ્વરૂપ ન આપો. તેને જીવનના એક ભાગરૂપે સ્વીકારો. મહત્ત્વનો મુદ્દો એ છે કે કોઈ તમારી ઉપર હાવી ન થવું જોઈએ. તમે જ તમારા જીવનના શિલ્પકાર છો. બીજું કોઈ નહીં.
- તમે ખુશ હો કે દુઃખી થાવ એ જિંદગી જીવવાના એક ભાગ રૂપે છે. આથી કોઈના કોઈ પ્રત્યાઘાત કે વાતથી તમારે દુઃખી થવાની જરૂર નથી. તમે તો ફક્ત એટલું જ વિચારો `જીવન ફક્ત એક જ વાર ભગવાને આપ્યું છે. મને તે આનંદમય રીતે માણવા દો.'



એક ધંધાની વ્યૂહરચનાથી કદાચ બીજા ધંધામાં સફળ ન થવાય.
હાવર્ડ શુલ્ઝ
[સ્ટારબક્સ કૉફીના ચૅરમૅન]

કોઈ કદાચ તમારી મજાક કરે તો શરમાવું કે ગભરાવું નહીં.
જે. કે. રૉલિંગ
[પ્રસિદ્ધ `હેરી પોટર' પુસ્તકોનાં લેખક]

ધ્રુવના તારા સામે ક્યારે જોયું છે?
બિઝનેસ એ પ્રમાણે જ ધ્યેય સાથે અડગ વિશ્વાસથી જ થાય.
સ્ટીવ કેઈસ
[AOLના સ્થાપક]

20

જીવનને આનંદમય રાખવા માટેની સહેલી ચાવીઓ

ઘણા માણસો કાયમ સોંધિયું મોઢું લઈને જ ફરતા હોય છે. જીવનના દરેક તબક્કે ક્યારેક નાની મોટી ખુશી મળતી હોય છે. આવા માણસો આવી પરિસ્થિતિમાં પણ ચહેરા પર ગંભીર ભાવ લઈને ફરતા હોય છે અને આવા જ ગંભીર ચહેરે જવા કડકાઈ સ્વભાવની સાથે તેઓ એક દિવસ દુનિયામાંથી વિદાય પણ થઈ જાય છે. આવા વખતે એક સામાન્ય સવાલ આપણા મનમાં આવે કે માણસ કેમ કદીય હસતો જ નથી.

અત્યારે રોજબરોજની જિંદગીમાં દરેક વ્યક્તિ વધતાઓછા પ્રમાણમાં માનસિક તાણ સાથે જીવે છે. ઘણી વખત ઘરની ને ઑફિસની સમસ્યાઓનો એવો સમન્વય થાય છે કે માણસને પોતાની જિંદગી આકરી લાગે છે. આવી પરિસ્થિતિમાં ખુશ કેમ રહેવું? આનંદમાં કેમ રહેવું? તેવો સવાલ ઉદ્ભવે તે સહજ છે. વ્યક્તિની પરિસ્થિતિ ખરાબ હોય કે સારી જો એક વાત તે ગ્રહણ કરે તો હંમેશાં તેની જિંદગી આનંદમય જ બની રહેશે અને તે છે Happy Feelings. જો તમારે જીવનને મધુર રીતે જીવવું હોય તો મનમાં ચોવીસે કલાક હેપ્પી ફીલિંગ્સની ભાવના કેળવવી અને અનુભવી. તમારે ફક્ત એટલું જ વિચારવાનું છે કે સારો સમય ચાલુ થઈ ગયો છે. મારી જોડે આજે ફક્ત સારું જ થવાનું છે. કોઈ સારી ઘટના બની હોય તેને મમળાવી મનમાં હેપ્પી ફીલિંગ્સ લાવવાનું ચાલુ કરી દો. જેનાથી તમારો આખો દિવસ સુખમય, આનંદમય અને પ્રવૃત્તિમય રહેશે.

એક નાનું કૉર્પોરેટ ઉદાહરણ જોઈએ. થૉમસ વોટ્સન 1952થી 1971 દરમિયાન વિશ્વની પ્રખ્યાત આઇ.બી.એમ.ના પ્રૅસિડેન્ટ હતા. `ટાઇમ' મૅગેઝિન દ્વારા વિશ્વની સૌથી મહત્ત્વની વ્યક્તિઓની યાદીમાં વીસમી સદીની એક નોંધપાત્ર હસ્તી તરીકે તેમને સ્થાન મળ્યું હતું.

થૉમસ વોટ્સને જ્યારે કાર્યભાર સંભાળ્યો ત્યારે કર્મચારીઓને સંબોધતાં તેમણે કહ્યું હતું કે, `મારી કંપનીમાં નકારાત્મકતાને કોઈ સ્થાન નથી. હું દરેક કર્મચારીને કહીશ કે તે આનંદમય રહે અને સંસ્થાની કામગીરીમાં ખુશીથી ભાગ લે.' તેમણે વધુમાં ઉમેર્યું કે ‘અત્યારે કર્મચારીઓ કહે છે આઇ.બી.એમ.માં કામ કરવાની મજા આવે છે. ઇટ ઇઝ એ ગુડ પ્લેસ ટુ વર્ક, પરંતુ હું માનું છું કે જો દરેક કર્મચારી હેપ્પી ફીલિંગ્સ સાથે કામ કરશે તો આપણી કંપની થોડા જ દિવસમાં ‘બેટર પ્લેસ ટુ વર્ક એટલે કે વધારે સુંદર જગ્યા બની શકે.’

થૉમસ વોટ્સનું ચોક્કસ માનવું હતું કે સંસ્થા માણસની બનેલી છે, મશીનોની નહીં. જો સંસ્થાનો વિકાસ કરવો હશે તો માણસોનો પહેલા વિકાસ અને આચરણ બદલવાં પડશે. તેઓ એક વસ્તુ પર બહુ જ ભાર મૂકતા હતા, હંમેશાં કંઈ નવું કરીએ. એકબીજાના સહયોગી બનીએ. આપણું ખૂબ ખુશીથી કરીએ. આ મંત્ર તેણે તેમના કર્મચારીઓને આપ્યો અને તેમના સમગ્ર કાળ દરમિયાન આઇ.બી.એમ. આઇ.ટી. ક્ષેત્રે નોંધપાત્ર દેખાવ કર્યો.

કહેવાનું તાત્પર્ય છે કે હંમેશાં ખુશીથી કામ કરો. ચહેરા પર સ્માઇલ તથા મનમાં આનંદ લાવી જો તમે કામ કરશો તો તમે એક સારી વ્યક્તિ, સારા લીડર તથા લોકોને પ્રેરણા આપી શકશો.

કેટલીક ટિપ્સ :

• જીવનમાં ફરિયાદ કરવાનું છોડો. નિરાશામાં પણ જો તમે મનનું આવરણ હટાવશો તો

પ્રકાશ દેખાશે. તમે ધાબળો ઓઢીને અંધકારની ફરિયાદ કરશો તો અંધકાર મટવાનો નથી.

- જિંદગીમાં જે સારા બનાવો બન્યા હોય તેને મમળાવી હંમેશાં મનને આનંદિત રાખો. જો તમે આનંદમય રહેશો તો બધું જ સારું લાગશે અને થશે.
- જે લોકો જીવનને આનંદમય રીતે જીવી શકે છે તે બધા મારી દૃષ્ટિએ મહાન માણસ છે, કેમ કે એવા જ માણસોથી જ આ દુનિયા ટકી રહી છે. ઘણા લોકો આનંદમય જીવવાની પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે લોકો તેમને પૂજવા માંડે છે.
- નાની નાની બાબતોથી ખુશ થાવ. દરેક વસ્તુમાં સારી બાજુ જોવાનો પ્રયત્ન કરો. જો તમારી દૃષ્ટિ બદલાશે તો કઠિન બાબતો, પણ તમે હકારાત્મક બાજુ જોઈ શકશો.
- અને છેલ્લે, જિંદગી ફક્ત એક જ વારની છે. હેપ્પી ફીલિંગ્સ રાખી કાયમ માટે ખુશ રહો. જીવનને આનંદમય બનાવી અજમાવી જુઓ. તમને મજા આવશે.



જે વ્યક્તિ સાવ અજાણતાં જ પોતાની કંપનીની પ્રગતિ માટે જોખમ ઉઠાવે,
નવું-નવું શીખવાનો પ્રયત્ન કરે તથા અશક્યને શક્ય બનાવે
તેને ખરા અર્થમાં `ઉદ્યોગ-સાહસિક' કહેવાય.
જહોન ડૉઅર
[વેન્ચર કેપિટાલિસ્ટ]

ભૂલથી ગભરાવું નહીં. ધ્યાન એટલું જ રાખવાનું છે
કે એ ભૂલ ફરીથી ન થાય.
અકિયો મૉરિટા
[`સોની' કંપનીના સ્થાપક]

જેમ જેમ મોટો થતો જાઉં છું એમ માણસો શું `કરે' છે
તેની તરફ વધારે ધ્યાન આપું છું -- શું `કહે' છે તે તરફ ઓછું!
એન્ડ્રુ કાર્નેગી
[બિઝનેસમૅન તથા દાનવીર]

21

કપરા સંજોગોમાં પણ સ્થિતપ્રજ્ઞ રહેવું

જિંદગી જીવનમાં અને સફળતાનું કોઈ રહસ્ય નથી. તે કેવળ કાર્ય અને નિષ્ઠાનું પરિણામ છે. ઘણીવાર વિપરીત સંજોગો આપણા જીવનને થોડુંક કઠિન બનાવે છે. એવા વખતે માનવીનું મન નિરાશામાં ડૂબી જાય છે. વિપરીત સંજોગો માનવીને નબળા બનાવે છે અને નકારાત્મક થિન્કિંગ તરફ વાળી દે છે.

આવા વખતે જો તમે તમારા ઉદ્દેશો પર ભરોસો રાખશો તો પછી તમે નિષ્ફળ જશો કે પ્રતિકૂળ સંજોગોમાં પણ તમારી કીર્તિ ક્યારેય ઝાંખી નહીં પડે. આવા વખતે આપણા વિચારો આપણા વ્યક્તિત્વ પર મોટો પ્રભાવ પાડે છે. કુદરતે આપણું સર્જન શ્રેષ્ઠ કર્યું હોય છે, પરંતુ ધીરે ધીરે આપણે આપણું શ્રેષ્ઠત્વ ભૂલી જઈએ છીએ. જેનું પરિણામ નિરાશા અને નિષ્ફળતામાં પરિણમે છે.

આવા વખતે એટલું જ કરવું માનવજીવનનું મૂલ્ય સમજવું. કઠિન પરિસ્થિતિમાં પણ જો તમે મનને શાંત રાખી શકતા હો તો તમે આખા જગતને જીતી શકો છો.

એક નાનકડું પણ ઉદાહરણ નીચે પ્રસ્તુત છે. એક પ્રખ્યાત વક્તાએ હાથમાં 2000ની નોટ બતાવતાં પૂછ્યું, ``કોને જોઈએ છે આ 2000 રૂપિયાની નોટ?" ધીમે ધીમે એક પછી એક હાથ ઉપર થવા લાગ્યા.

એમણે કહ્યું, ``ભલે, જેટલાએ હાથ ઉપર કર્યા છે તે બધાને હું આ 2000 રૂપિયાની નોટ આપીશ, પણ એ પહેલાં મારે કંઈક કહેવું છે." એમ કહીને તેમણે રૂ. 2000ની નોટનો ડૂચો વાળી દીધો.

ખંડમાં સન્નાટો છવાઈ ગયો. ચૂંથાયેલી નોટને તેમણે ખોલીને ફરી પૂછ્યું ‘હજુ પણ આ 2000 રૂપિયાની નોટ કોને જોઈએ છીએ?’ ફરી હાથ ઉપર થવા લાગ્યા.

ભલે, કહીને એમણે 2000 રૂપિયાની નોટને જમીન પર ફેંકી દીધી અને ધૂળમાં રગદોળી. ફરી તેમણે ચગદાયેલી નોટને હાથમાં લઈ લોકોને પૂછ્યું,

‘હજુય આવી ખરાબ અને ધૂળવાળી નોટ કોને જોઈએ છે?’ છતાંય બધાના હાથ ઉપર થવા લાગ્યા. પછી એમણે કહ્યું ``મિત્રો, આજે આપણે ખૂબ જ મહત્ત્વની વાત શીખ્યા છીએ. નોટનો મેં ડૂચો કરી, રગદોળી છતાંય તમારે તે જોઈએ છે, કારણ કે તમને ખબર છે કે આનાથી એની કિંમત ઘટશે નહીં. અત્યારે પણ તેની કિંમત રૂ. 2000 જ છે."

આવી જ રીતે જીવનમાં વિપરીત સંજોગોને લીધે આપણે નીચે પડીએ છીએ, ખોટા નિર્ણયો કે ભૂલને લીધે હતાશા, નિરાશ થઈને નકારાત્મકતાવાળું જીવન જીવીએ છીએ. આ નોટની જેમ જ આપણે સાવ નકામા થઈ ગયા છીએ તેવું લાગે છે, પરંતુ હકીકતમાં તેવું નથી. કંઈ પણ થાય માનવીના જીવનનું મૂલ્ય ઘટતું નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે નાણાંનું જે રીતે એક ચોક્કસ મૂલ્ય છે. એવું જ માનવજીવનનું પણ છે. વિપરીત સંજોગોમાં તે પછડાય, કચડાય, નિરાશામાં રહે, ગમે તે થાય, પણ માણસનું મૂલ્ય તેટલું ને તેટલું જ રહે છે. તમારા વિચારો તમારા જીવનનું નિર્માણ કરે છે. જો હંમેશાં તમે હકારાત્મકતાથી જીવશો તો તમે તમારી જિંદગીને ચોક્કસ નવી દિશા આપી શકશો.

કેટલીક ટિપ્સઃ

- કોઈપણ વિપરીત અથવા તો પ્રતિકૂળ સંજોગોમાં મનને શાંત રાખવું. જો તમે સ્થિતપ્રજ્ઞ રહેશો તો આ પળ આવશે અને જતી રહેશે. તમને કોઈ હલાવી શકશે નહીં.
- માનવીનું મન હંમેશાં ભૂતકાળમાં અને ભવિષ્યકાળમાં જ જીવે છે, તેમાંથી બહાર આવો. ભૂતકાળ તમે બદલી શકતા નથી અને ભવિષ્ય તમારા હાથમાં નથી. તમારા હાથમાં છે વર્તમાનકાળ, માટે તેનો મહત્તમ ઉપયોગ હકારાત્મકવાળી જિંદગી જીવી શકો.
- પ્રતિકૂળ સંજોગોમાં જે વ્યક્તિ હકારાત્મક રીતે જીવી શકે છે. તે સારી વ્યક્તિ ને સારો લીડર બની શકે છે.
- મનમાં ગમે તેટલી હતાશા હોય, પરંતુ જો 'પૉઝિટિવ' એનર્જી જાળવી રાખશો તો તમારી જિંદગી બહુ સરળ રહેશે.
- કોઈપણ સંજોગોમાં હંમેશાં સારું જ વિચારવું. સારો વિચાર જ તમને તમારી જિંદગી ફળદ્રુપ બનાવી શકશે.



મેં જે પણ મેળવ્યું છે તેનો મને આનંદ છે... પૈસા મેળવ્યાનો નહીં.
આર્થર ક્રોક
[`મેકડોનાલ્ડ' કૉર્પોરેશનના સ્થાપક]

આત્મવંચનાથી લાખો રૂપિયા કમાયા છો? જાતને છેતરી છે?
તો એ લાખ નહીં પણ રાખ છે.
બી. સી. ફોર્બસ
[`ફોર્બસ' મૅગેઝિનના સ્થાપક]

રોકાણકારનો સૌથી મોટો મિત્ર અને શત્રુ એક જ છે -- એ પોતે જ.
બૅન ગ્રેહામ
[સ્ટોક માર્કેટ ઇન્વેસ્ટર તથા અર્થશાસ્ત્ર નિષ્ણાત]

22

સાહસ વગર સિદ્ધિ નથી

સાહસ વગર જીવન નથી. જો તમે સાહસમાંથી મુક્તિ મેળવશો તો જીવનમાંથી પણ મુક્ત થવું પડશે.

જીવનમાં ડગલે ને પગલે આપણે એવી પરિસ્થિતિમાં આવીએ છીએ કે કંઈક સાહસ કરવાની ઇચ્છા આપણને થઈ જાય છે. પરંતુ દર વખતે મન પાછું પડતું હોય છે. માનવીને નબળા વિચારો નવું સાહસ કરતાં રોકે છે. આને લીધે આવી પડતી ઘણી તકો માનવી ગુમાવી બેસે છે. એટલું ચોક્કસ છે કે, 'આ દુનિયામાં બધી જ વસ્તુઓ તમારા સાહસ અને સંકલ્પશક્તિ પર નિર્ભર હોય છે.'

સાહસથી નવી તકો મળે છે, જીવનમાં કામ કરવાની નવી ઊર્જા મળે છે અને જીવન અચાનક તાજગીભર્યું અને સુંદર લાગે છે. જે વ્યક્તિમાં સાહસની કમી હોય તે વ્યક્તિ સારો લીડર કે બિઝનેસમેન બની શકતો નથી. સાહસને જીવનના એક ભાગ રૂપે સ્વીકારવું રહ્યું.

સાહસ વિશે એક સરસ ઉદાહરણ જોઈએ.

બોઇંગ વિશ્વની સહુથી મોટી વિમાન કંપની છે. જેટ બજારમાં તેનો હિસ્સો લગભગ 75% જેટલો છે. અમેરિકાની આ સહુથી મોટી અને સહુથી વધારે નિકાસ કરતી કંપની છે. તેનો કારોબાર 150થી વધારે દેશોમાં ફેલાયેલો છે. આજે 1200થી વધારે કૉમર્શિયલ જેટ આકાશમાં ઊડી રહ્યાં છે.

બોઇંગ કંપનીનું એક જ સૂત્ર છે : નવું સાહસ કરવું. આ દિગ્ગજ કંપનીની સ્થાપના કોઈ એન્જિનિયરે નહીં પરંતુ લાકડાના એક વેપારીએ કરી હતી. આ વેપારી વિલિયમ બોઇંગ હંમેશાં સાહસિક વૃત્તિ ધરાવનાર વ્યક્તિ હતી. એક દિવસ તેણે વિમાનને ઊડતું જોયું. એ જ ક્ષણે તેના મગજમાં વિમાન બનાવવાની અને ઉડાડવાની ધૂન સવાર થઈ ગઈ. તેની પાસે કોઈ હવાઈ અનુભવ કે લાઇસન્સ ન હતું. તેમ છતાં 1916માં તેણે 'પેસેફિક એરો પ્રોડક્ટ્સ' કંપનીની સ્થાપના કરી. જ્યારે અમેરિકાની નૌ સેનાએ તેમના બનાવેલાં બ્લૂબિલ અને મેલાર્ડ નામનાં બે પ્રોટોટાઇટ્સ લેવાનો અસ્વીકારી કર્યો ત્યારે બોઇંગ હિંમત ન હાર્યો. તેમણે એક નવું મૉડલ 'સી પ્લેન' બનાવ્યું. ઘણી મહેનત અને અથાગ પ્રયત્નો પછી સેનાએ બોઇંગને 50 વિમાનનો ઑર્ડર આપ્યો. એ બોઇંગને મળેલો એ પ્રથમ ઑર્ડર હતો.

છતાં પણ બોઇંગને નવું નવું સાહસ કરવાની ઇચ્છા જોર કરતી હતી. તેમણે મુસાફરો માટેના વિમાન બનાવવાનું ચાલુ કર્યું. તેમણે પ્રથમ મૉડલ 80 બાઇટલેન બોઇંગનું પહેલું પાણી વિમાન ચાલુ કર્યું. જેમાં દસ મુસાફરો બેસી શકતા હતા. પહેલે જ વર્ષ બોઇંગ એર ટ્રાન્સપોર્ટ કંપનીએ 1300 ટન ટપાલ અને 1863 મુસાફરોને એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડ્યા.

બોઇંગ કંપની એટલી બધી સાહસિક હતી કે તેમણે 1965માં ચોથા ભાગની મૂડી રોકીને અબજો ડૉલરનું રોકાણ કરી 747 જમ્બો જેટ બનાવવાનો નિર્ણય લીધો. જે બહુ જોખમી કામ હતું. એટલે સુધી જોખમ હતું કે તે વખતના અમેરિકાના રાષ્ટ્રપતિ લિંકન જોન્સન અને સુરક્ષા મંત્રી મેકનમારા પણ આ નવા સાહસ અને જોખમથી ડરતા, કારણકે જો આ પ્રયોગ નિષ્ફળ જાય અને જો કંપની નાદાર થઈ જાય તો અમેરિકાની સેનાનું શું થશે કારણ કે સેનાનો

બધો આધાર બોઇંગ ઉપર રાખતી હતી. બોઇંગના નવા સાહસથી દેવાળું ન ફૂકવું પડ્યું, પરંતુ તેનું જમ્બો જેટ ખૂબ સફળ થયું અને ત્યારબાદનો ઇતિહાસ સુવિદિત છે.

બોઇંગ 747એ લાંબા અંતરની સફરના અર્થશાસ્ત્રને બદલાવી નાખ્યું અને બોઇંગ કંપની ટોચ પર પહોંચાડી દીધી. કહેવાનું તાત્પર્ય એ છે કે જીવનમાં બધા કરતાં કંઈક અલગ કરવું હોય તો સાહસ જ એકમાત્ર લક્ષ્ય રાખવું જોઈએ.

કેટલીક ટિપ્સ:

- જો તમારે સામાન્ય જિંદગી ન જીવવી હોય અને બધા કરતાં કંઈ જુદો ચિતાર તારવવો હોય તો નવું સાહસ કરવું પડે.
- તમારા સ્વભાવમાં સાહસિકતાપણું ન હોય તો ક્યારેય તમે સારા લીડર બની શકવાના નથી.
- જો તમે નવાં જોખમો લેવાની ક્ષમતા ધરાવતા હશો તો જ જીવનમાં કંઈક કરી શકશો અને સફળતા મળશે.
- જે લોકો સાહસિક હોય તેમને આજે નહીં તો કાલે પણ સફળતા મળશે જ.
- જીવનમાં સાહસિકતાનો અભાવ હોય તો સમજવું કે તમારું જીવન નિરર્થક છે. ગણતરીપૂર્વકની સાહસિકતા તમને ટોચ પર લાવી શકે છે.



જેટલું વધુ કામ કરશો, નસીબ એટલી જ યારી આપશે.
ડૅવ થોમસ
[બિઝનેસમૅન તથા દાનવીર]

સ્ટાફને કામ કરવા માટે મોકળાશભર્યું વાતાવરણ મળે,
તે જોવાની ફરજ ટોપ મૅનેજમૅન્ટની છે.
ડૅવિડ ઑગિલ્વી
[જાહેરખબરના માંધાતા]

સ્ટાફને ગમે ત્યારે આવવા-જવાની છૂટ - ફ્લેક્સીટાઇપ - એટલે
સ્ટાફ પ્રત્યે આદર તથા તેમનામાં અખૂટ વિશ્વાસ.
ડૅવિડ પેકાર્ડ
[હ્યુલેટ-પેકાર્ડ કંપનીના સહસ્થાપક]

23

અજાણ્યા-અજ્ઞાત ડરને તમારા મનમાંથી ભગાડો

ઘણા કર્મચારીઓને મેં જોયા છે કે તેઓ એક અજાણ્યા ભયના ઓથાર હેઠળ જીવે છે. સવારે ઑફિસમાં કામ કરવા આવે અને છેક પાછા જાય ત્યાં સુધીમાં હમણાં કંઈક ખોટું થશે તેવો છાનો ભય તેમને હંમેશાં સતાવતો હોય છે. ઘણાં કર્મચારીઓ એવા પણ હોય છે કે કામની શરૂઆતમાં કામમાં સફળતા મળશે કે કેમ તેની શંકામાં જ મોટા ભાગનો સમય ગુમાવી દે છે. તેમને સફળતા કેવી રીતે મળશે અને તે અંગે શું પગલાં લેવાં તેના કરતાં નિષ્ફળતા મળશે તો શું થશે તેના વિચારોમાં જ વ્યસ્ત હોય છે.

આવા અજાણ્યા ભયનાં શું કારણો હોઈ શકે. આત્મવિશ્વાસનો અભાવ કે બીજાને ખુશ રાખવાની વૃત્તિ? મેં એ પણ અનુભવ્યું છે કે મહદ્અંશે કર્મચારીઓ પોતાની સંસ્થા કે ઑર્ગેનાઇઝેશન માટે ઓછું કામ કરે છે. મોટાભાગનો સમય બૉસે આપેલું કામ પૂરું કરવામાં અથવા તો બૉસને કેવી રીતે ખુશ કરી શકાય તેના પ્રયત્નોમાં જ તેમનો મોટો ભાગનો સમય જાય છે. આવા લોકો સ્વભાવે ગભરું હોય છે.

જેઓ પોતાની વાતને ક્યારેય આત્મવિશ્વાસથી કરી શકતા નથી. તેઓ બીજાના વિચારો ઉપર ચાલે છે. આવી વ્યક્તિઓનું મન હંમેશાં નબળું પડતું જાય છે. તેઓમાં હંમેશાં એક છૂપો ડર હોય છે. તેઓ નિર્ભય રીતે ક્યારેય કામ કરી શકતા નથી. આ પ્રકારની વ્યક્તિઓ લાંબા ગાળે ડાયાબિટીસ અને બ્લડપ્રેશર જેવી અનેક બીમારીઓનો ભોગ બને છે. તેનું મન હંમેશાં ચિંતાગ્રસ્ત હોય છે. તેઓ ક્યારેય ખુલ્લા દિલથી હસી પણ શકતા નથી. ક્યારેક તો ખુશીના વાતાવરણનો પણ તેમને ડર લાગે છે કે ક્યાંક ફરીથી કંઈક ખોટું થઈ જશે.

આવી વ્યક્તિઓમાં મોટેભાગે આત્મવિશ્વસનો અભાવ હોય છે. તેઓ પોતાના સંતોષ કે જાત માટે કામ કરતાં નથી. તેઓ બીજાને ખુશ રાખવાના પ્રયત્નોમાં એટલા વ્યસ્ત હોય છે કે પોતાની વૈચારિક ક્ષમતા પણ ક્યારેક ખોઈ બેસે છે.

એકવાર આર્મીમેન પોતાની પત્ની સાથે જહાજમાં સફર કરી રહ્યાં હતાં. તેમની પત્નીનો દરિયાઈ મુસાફરીનો આ પહેલો અનુભવ હતો. બધું બરાબર ચાલી રહ્યું હતું, પરંતુ અચાનક દરિયામાં તોફાન આવ્યું . જહાજમાં બેઠેલા સૌ ડરી ગયા. પેલા આર્મીમેનની પત્ની વધારે ડરી ગઈ કેમ કે તેણે જિંદગીમાં પહેલી વખત આવું તોફાન જોયું.

પરંતુ પત્નીએ જોયું કે તેના પતિને જરા પણ ડર નથી લાગતો અને આવી પરિસ્થિતિમાં પણ તે હસતા હતા અને આનંદ કરતા હતા. આથી પત્નીએ પોતાના પતિને કહ્યું : ``તમને જરાય ડર નથી લાગતો?" ત્યારે આર્મીમેને પિસ્તોલ કાઢીને પત્નીના માથે ધરી દીધી. પત્નીને મજાક જેવું લાગ્યું ને તે હસવા લાગી.

આ જોઈ પતિએ કહ્યું : ``તને મારી બીક નથી લાગતી?" પત્નીએ કહ્યું : ``ના તમારી શેની બીક? તમે તો મારા પતિ છો. તમારા પર મને સંપૂર્ણ વિશ્વાસ છે. તમે મને નહીં મારો." આર્મીમેને પત્નીને કહ્યું : ``ગાંડી, મને પણ ભગવાન પર વિશ્વાસ છે. તે જે કંઈ કરશે તે મારા હિતમાં જ હશે. આપણે સલામત રહીશું કે નહીં રહીએ તેની મને જરાય ચિંતા નથી, કારણ કે મને મારામાં આત્મવિશ્વાસ છે. હું કોઈનાથી કે કશાથી ડરતો નથી."

કહેવાનું તાત્પર્ય એ છે કે જીવનમાં કોઈપણ પરિસ્થિતિમાં મનને વિચલિત થવા દેવું નહીં. પોતાનામાં વિશ્વાસ જગાવો અને રાખો. પોતાનામાં વિશ્વાસ રાખવો તે નિર્ભયતા છે. વિશ્વાસ અને ઊંડી શ્રદ્ધા રાખવાથી જીવનમાં કદી ક્યારેય ખોટું થશે નહીં.

- અજાણ્યા ડરને દૂર ભગાવો. જેની અંદર ભરપૂર આત્મવિશ્વાસ હોય છે તેનો બધે ડંકો વાગે છે.
- પોતાના માટે કામ કરો. આજથી જ બીજા માટે કામ કરવાનું બંધ કરી દો. આત્મસંતોષ માટે જ કામ કરો. કંઈક નવું કરવાની લાગણી ઊભી કરો. બીજાને ખુશ રાખવાના પ્રયત્નો બંધ કરો.
- તમારા પર ભરોસો રાખો. તમારા આત્મવિશ્વાસની ખરી કિંમત તો તેનાથી વિરુદ્ધ પ્રવાહમાં આપણને તનાવનો પ્રસંગ આવે ત્યારે જ થતી હોય છે.
- આ હંમેશાં હકારાત્મક વિચારો. દરેક વસ્તુની સારી બાજુ જ જુઓ. આનાથી તમારો છૂપો ડર ભાગી જશે.



જોખમને ખાળી ન શકાય, ભયને જરૂર ખાળી શકાય.
મૃત્યુના ભયથી જીવવાનું થોડું બંધ કરાય?
ડૅવિડ સારનોફ
[એન.બી.સી. તથા આર.સી.એ.ના સ્થાપક]

તમે અને તમારી ટીમ અલગ નથી,
એકમેકને મદદરૂપ થાઓ. બેસી ન રહેશો.
ધીરુભાઈ અંબાણી
[રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના સ્થાપક]

તમારા ગ્રાહકને મળવાથી જ અર્ધી મજલ કપાઈ જશે.
ઍસ્ટી લૉડર
[કૉસ્મેટિક વિશ્વની સામ્રાજ્ઞી]

24

જીવનમાં સંદેહ રાખશો નહીં

ઘણા માણસોને દરેક બાબતમાં સંદેહ કરવાની ટેવ હોય છે. સીધી અને સરળ લગતી બાબતોમાં પણ શંકા થતી હોય છે. આવા સંદેહવાદીઓ માટે જીવન જીવવું ખરેખર મુશ્કેલ હોય છે.

તેમની જિંદગી અવિશ્વાસ અને શંકાનાં જાળાંમાં ટકી રહેલી હોય છે અને જાળાં ક્યારે તૂટે તે કહી ન શકાય તેવી અવસ્થામાં આવા માણસ જીવતા હોય છે. તેમને પોતાના પર સંદેહ હોય છે. તેમને પોતાના ઘરના સભ્યો, મિત્રો કે ઑફિસમાં સાથે કામ કરતા કર્મચારીઓ બધા ઉપર સંદેહ કરવાની આદત હોય છે. તેમની આ આદતને લીધે તેમના કુટુંબના માણસો અથવા સાથી કર્મચારીઓ ક્યારેય તેમના પર ભરોસો કરતા નથી. જીવનમાં જે સંદેહ કરે છે તે કંઈ કરી શકતો નથી. તે એક હાથે મૂકે છે અને બીજા હાથે હટાવે છે. જ્યારે તમે સંદેહ કરો છો ત્યારે એટલું સમજવું કે તમે તમારા જીવનમાં વિનાશ નોતરી રહ્યા છો. તમારી આવી ટેવ તમને સારા કર્મચારી, સારા મૅનેજર કે સારા લીડર નહીં બનાવી શકે. જીવનમાં જો સારી વ્યક્તિ અથવા તો સારા લીડર બનવું હોય તો તમારે તમારી ટીમ ઉપર વિશ્વાસ મૂકવો જ રહ્યો. વધુ સરળતા માટે ચાલો એક નાનકડું ઉદાહરણ જોઈએ.

એક મોટો વિચારક વિશ્વયુદ્ધમાં ભરતી થઈ ગયો. આ અનિવાર્ય ભરતી હતી. તમામે યુદ્ધ પર જવાનું હતું. તે પણ ગયો. પરંતુ ભારે મુસીબત ઊભી થઈ, કેમકે તે સંદેહવાદી હતો. વિચારક, દાર્શનિક અને ચિંતક જ્યારે તેનો કમાન્ડર કહે, `બાયેં ઘૂમ, તો આખી દુનિયા ઘૂમી જાય, પરંતુ પેલા તો ત્યાંનો ત્યાં જ ઊભો રહે છે. તે વિચારી રહ્યો છે કે ઘૂમવું કે ન ઘૂમવું!'

છેવટે જ્યારે તેના કમાન્ડરે કંટાળીને તેને કહ્યું કે, ``તને આટલી વાર કેમ લાગે છે? તું બહેરો છે? આખી કતાર ઘૂમી ગઈ. તું ત્યાં જ ઊભો છે! પેલાએ કહ્યું કે માફ કરજો, હું સમજ્યા-વિચાર્યા વિના કંઈ પણ કરતો નથી અને સમજવા વિચારવામાં સમય લાગે છે. પહેલા તો પ્રશ્ન એ થાય છે કે ડાબે ઘૂમું જ કેમ? શી જરૂર છે ઘૂમવાની? પાછું પ્રશ્ન એ કે કેમ ઘૂમવું? તમે કહી દીધું, 'બાયેં ઘૂમ' બસ, એટલા માટે ઘૂમી જવું? કોઈ પ્રયોજન સમજાતું નથી.

આ પ્રસિદ્ધ વિચારકની આ પ્રકારની વિચારસરણી અને વલણથી કમાન્ડરને પણ દયા આવી કે જૂની આદત છે, આ મિલિટરીના કામના નથી. તેથી તેણે આ વિચારકને મિલિટરીનો જે કૅમ્પ હતો ત્યાં બીજા કોઈ કામમાં મૂકવાનું વિચાર્યું.

પહેલા દિવસે એણે વટાણાના દાણા આપ્યા અને કામ આપવામાં આવ્યું કે મોટા દાણા અને નાના દાણા છૂટા પાડો. મોટા દાણાને એક બાજુ મૂકી દો અને નાના દાણાને એક બાજુ મૂકો દો. કલાક પછી કમાન્ડર ચેક કરવા આવ્યો તો જોયું તો ફરીથી આ વિચારક ઊંડા વિચારની મુદ્રામાં બેઠા હતા. દાણા જેમના તેમ! કમાન્ડરે પૂછ્યું : ``શું તમે આ પણ ન કરી શક્યા?" વિચારકે કહ્યું : ``એક ભારે મૂંઝવણ થઈ ગઈ છે. મોટા દાણા આ તરફ, નાના દાણા આ તરફ, પરંતુ થોડા નહીં મોટા નહીં નાના એવા વચલા દાણા છે. તેને ક્યાં મૂકવા?" કમાન્ડરે કપાળ કૂટ્યું અને વિચારકને હાથ જોડીને ત્યાંથી જતા રહેવાનું કીધું.

કહેવાનું તાત્પર્ય એ છે કે જે લોકોમાં સંદેહ કરવાનું વ્યક્તિત્વ છે તે કદી કશું જ નથી કરી શકતા. તેમનાથી કોઈ કૃત્ય ન થઈ શકે. સંદેહ ઝેરની જેમ કૃત્યને ઘેરી લે છે. જીવનમાં જો

સારી માનવતાવાદી વ્યક્તિ કે સંસ્થામાં પણ જો સારા મૅનેજર બનવું હોય તો સંદેહ રાખવાની પ્રવૃતિઓને છોડી દો.

- જ્યારે તમે તમારા સહકર્મચારીઓને કંઈ પણ કામ સોંપો ત્યારે તેઓ આ કામ કરી શકે છે તેવો વિશ્વાસ રાખો.
- કોઈને કામ સોંપતી વેળા જરા પણ સંદેહ રાખશો તો સામે વાળી વ્યક્તિ ગમે તેટલું સારું કામ કરે, પરંતુ તેમાં તમને કંઈક ખોટ જ દેખાશે.
- જીવનમાં બધું બરાબર જ બને અને બરાબર જ થાય તેવો આગ્રહ કદાપિ ન રાખો.
- લોકો પર વિશ્વાસ રાખો અને સારું કામ થાય તેવું વાતાવરણ બનાવો.
- હંમેશાં હકારાત્મકતાથી જીવો. જો તમે કરશો તો અશક્ય લાગતાં કામ પણ સરળતાથી થશે.



કંપનીને સફળ બનાવવી હોય તો સ્ટાફને સંતોષ આપો,
રિવોર્ડ્ઝ પણ આપો.
ગોર્ડન મૂર
[`ઇન્ટેલ' કૉર્પોરેશનના સહસ્થાપક તથા ચૅરમૅન]

તમારે તમારા કામને ચાહવું જ રહ્યું અને ચાહવા માટે
કંઈક અનોખું કરી છૂટવું રહ્યું, તમારી ચાહત જ રંગ લાવશે.
હાર્લેન્ડ સેન્ડર્સ
[`કેન્ટકી ફ્રાઇડ ચિકન'ના સ્થાપક]

25

જીતવાની ઝંખના જેને હોય તેને જ નસીબની યારી

અભી તો ઈસ બાઝ કી અસલી ઊડાન બાકી હૈ,
અભી તો ઈસ પરિન્દે કા ઈમ્તિહાન બાકી હૈ,
અભી અભી લાંઘા હૈ સમંદરકો
અભી તો પૂરા આસમાન બાકી હૈ.

આ શબ્દો છે અરુણિમા સિંહા, ભારતના એક વખતના રાષ્ટ્રીય વૉલીબૉલ ચૅમ્પિયન અને જેમના બંને પગ કપાયેલા છે. છતાં ફકત 25 વર્ષની ઉંમરે જેમણે 'માઉન્ટ એવરેસ્ટ'નું શિખર સર કર્યું હતું.

12 એપ્રિલ, 2011માં જ્યારે અરુણિમા 'પદ્માવતી એક્સપ્રેસ' ટ્રેન દ્વારા લખનૌથી દિલ્હી જઈ રહ્યા હતાં ત્યારે કેટલાક બદમાશોએ તેમની સોનાની ચેઇન ખેંચવાનો પ્રયાસ કર્યો અને તેનો પ્રતિકાર કરતા બદમાશોએ તેમને ટ્રેનથી ધક્કો મારીને નીચે પાડી દીધાં હતાં અને એ જ સમયે બીજી રેલવે ટ્રેક પર આવતી બીજી કોઈ ટ્રેને અરુણિમાના બંને પગ એક ઝાટકામાં કાપી નાખ્યા હતા.

જ્યારે અરુણિમાના બંને પગ કપાઈ ગયા અને આખી રાત મદદ માટે બૂમો પાડતાં રહ્યાં, પરંતુ રાતના અંધારામાં તેમની વેદના સાંભળનાર કોઈ હતું નહીં, ફક્ત પોતાના મજબૂત મક્કમ મનોબળને આધારે પૂરી રાત કપાયેલા પગે પસાર કરનારા અરુણિમાને વહેલી સવારે નજીકના ગામડાના માણસોએ જોયા અને તેમને મહામુસીબતે નજીકની હૉસ્પિટલે પહોંચાડવામાં આવ્યાં. એ આધુનિક સાધનોવાળી હૉસ્પિટલ ન હતી, પરંતુ નાનું આરોગ્ય કેન્દ્ર હતું અને તેમાં થોડી નાની-મોટી સારવાર થતી હતી. ત્યાંના સ્થાનિક તબીબે જોયું કે અરુણિમાના પગમાંથી ખૂબ જ લોહી નીકળી ગયું છે અને તે ઉપરાંત આખી રાત રેલવે ટ્રેકની ફરતે રહેલા ઉંદરોએ તેમની ત્વચાને ભારે નુકસાન પહોંચાડ્યું છે. આ સમયે તેના બંને પગને કાપીને ઑપરેશન કરવા સિવાય બીજો કોઈ ઉપાય ન હતો. સ્થાનિક તબીબે તુરંત જ નજીકના શહેરમાંથી બીજા ડૉક્ટરને બોલાવ્યા, પોતે લોહી આપ્યું અને ઑપરેશન કરવામાં આવ્યું અને આખરે અરુણિમાનો જીવ બચાવવામાં આવ્યો.

અરુણિમા છે એક સમયના રાષ્ટ્રીય વૉલીબૉલ પ્લેયર. પોતાના બંને પગ કપાયેલા જોઈને તેમને પારાવાર વેદના થઈ. ત્યાંથી તેમને દિલ્હીની એઇમ્સ હૉસ્પિટલમાં લાંબો સમય સુધી સારવાર આપવામાં આવી અને તેમના એક પગે લોખંડનો સળિયો અને બીજો 'આર્ટિફિશયલ' પગ લગાવામાં આવ્યો. તેમના કમરના મણકાઓમાં ભારે નુકસાન થયું હતું, તેની સારવાર કરવામાં આવી.

જ્યારે હૉસ્પિટલમાંથી રજા આપતી વખતે તેમને પૂછવામાં આવ્યું કે હવે કપાયેલા બંને પગે તે શું કરવા માંગે છે. ત્યારે તેમણે કહ્યું, ''હું એવરેસ્ટ શિખર સર કરવા માંગું છું.'' આ સાંભળીને આજુબાજુના લોકોને ભારે આંચકો લાગ્યો. પરિવારવાળા પણ ચિંતામાં પડ્યા, પરંતુ અરુણિમા તેમના નિર્ણયમાં અડગ હતાં.

અથાગ પ્રયત્ન પછી તેમની આ જટિલ યાત્રા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરવા માટે તૈયાર થઈ અને અરુણિમાએ માઉન્ટ ઍવરેસ્ટની યાત્રા ચાલુ કરી. ભારે દબાણ, ઓછા ઑક્સિજન

અને આર્ટિફિશિયલ પગ છતાં પણ મક્કમ મનોબળે તેમને આખરે એવરેસ્ટના શિખર પર પહોંચાડી દીધાં.

જ્યારે તેઓ પાછાં આવ્યાં ત્યારે તેમના બંને પગ વિખૂટા પડી ગયા હતા. તેમની આંગળીઓ લોહીના દબાણથી થીજી ગઈ હતી અને તેઓ જીવન જીવવા માટે ફરી સંઘર્ષ કરવા માંડ્યાં. આખરે થોડી વાર પછી તેઓ ફરીથી નવજીવન પામ્યાં અને દુનિયાના બીજા શિખર સર કરવાના તેમનાં સપનાંઓને સાકર કરવાના પ્રયત્નોમાં લાગી પડ્યાં.

જ્યારે તેમને તેમની સફળતાનું રહસ્ય પૂછવામાં આવ્યું ત્યારે તેમણે એટલું જ કહ્યું, 'સેલ્ફ મોટિવેશન જેવું મોટિવેશન જીવનમાં બીજું કોઈ નથી.' જ્યારે હું ખૂબ મુશ્કેલીમાં હતી ત્યારે મને પ્રોત્સાહિત કરનારી ખાલી હું જ હતી. મેં નક્કી કર્યું હતું કે પારાવાર મુશ્કેલી પડશે, પરંતુ હું સફળતા મેળવીને જ રહીશ. નસીબની યારી વિશે પૂછતાં અરુણિમાએ કહ્યું, "જે લોકોમાં જીતવાની ઝંખના હોય તેમને જ નસીબની યારી મળી રહે છે." અથાગ પ્રયત્ન જ તમને નવું જીવન જીવવા માટેનું બળ પૂરું પાડે છે.

જીવનમાં આ ઉદાહરણ પરથી શીખવાની કેટલીક ટિપ્સ :

- જ્યારે પણ કોઈ અનિચ્છનીય બનાવ બને ત્યારે હતાશામાં ન ગરકાવ થઈ જાવ, મક્કમ મનોબળથી ફરી પાછા ઊભા થાવ અને દુનિયાને બતાવી દો કે તમે બીજાથી અલગ છો.
- હંમેશાં પોતાની જાત પર વિશ્વાસ રાખો. તમે જ તમારા જીવનના શિલ્પકાર બની શકશો. કોઈ બહારની તાકાત તમને એટલી બધી પ્રોત્સાહિત નહીં કરી શકે જેટલી તમે તમારી જાતને પ્રોત્સાહિત કરી શકશો.
- કોઈપણ પરિસ્થિતિમાં શાંત રહો. મક્કમ મનોબળ અને દૃઢતા તમને એક અનોખા સ્થાને પહોંચાડશે.
- તમારા પ્રત્યે વિશ્વાસ રાખો. એ હકીકત છે કે જિંદગીમાં તમે એકલા જ આવ્યાં છો અને તમારે એકલા જ મુસાફરી કરવાની છે. આથી પોતાની જાત પ્રત્યે શ્રદ્ધા રાખો.



અંતરઆત્માનો અવાજ સાંભળવામાં સફળતાની ચાવી છે.
જે. વિલાર્ડ મેરિએટ
[જગપ્રસિદ્ધ 'મેરિએટ' હોટેલ્સના સ્થાપક]

બિઝનેસનો વ્યાપ વધારવાનો મતલબ એ પણ છે,
કે જે જૂનું છે તેના પર ધ્યાન રાખવું.
જૅક વૅલ્શ
[જનરલ ઇલેક્ટ્રિકના ચૅરમૅન, સી.ઈ.ઓ.]

સો વર્ષથી અમે આ કંપનીમાં એક જ ધ્યેયથી કામ કર્યું છે --
ઉચ્ચ કક્ષાની મૂલ્યનિષ્ઠા -- આ મૂલ્યોને વળગી રહેવાથી
હરીફો અમને હંફાવી શક્યા નથી.
જેમ્સ બર્ક
[જહોન્સન ઍન્ડ જહોસનના સી.ઈ.ઓ.]

26

ટાઇમ મૅનેજમૅન્ટ - તમારું ભવિષ્ય બદલી શકે છે

તમે એવા ઘણા માણસોને ઓળખતા હશો કે જેઓ હંમેશાં તમને ઉતાવળમાં જ દેખાશે. તેઓ તેમના અંદાજિત કામ કરવાના સમયપત્રકમાં પાછળ જ હોય અને મોટેભાગે તેઓ દોષનો ટોપલો બીજા ઉપર ઢોળતા હોય છે. મેં ઘણા આંત્રપ્રિન્યોર્સ – લીડર્સ જોયા છે કે જેઓ કામની શરૂઆત મોડેથી કરે છે. આને લીધે તેમને મોડે સુધી કામ કરવું પડે છે અને તેમની જોડે જોડે તેમની સાથે કામ કરતી ટીમને મોડે સુધી કામ કરવું પડે છે. કમનસીબી એ છે કે ટીમ મેમ્બર્સે મોડે સુધી કામ કર્યું હોય છતાં પણ બીજા દિવસે તેમને ઑફિસે તો ટાઇમસર જ આવવું પડે છે, જ્યારે આંત્રપ્રિન્યોર પોતે માલિક હોવાને લીધે મોડા આવી શકે છે. આવા વ્યવહારને લીધે સંસ્થાનું વાતાવરણ બગડે છે અને આખરે તો તેનું નુકસાન છેલ્લે કંપનીએ જ ભોગવવું પડે છે.

જો લીડર કામની શરૂઆત સમયસર અને વહેલી કરે તો જાતે ઊભો કરેલો સ્ટ્રેસ આપોઆપ દૂર થાય છે. એટલું જ નહીં કામ પણ સમયસર પૂરું થાય છે અને લીડર અને ટીમ મેમ્બર્સ તેમના સમયનું સુચારું આયોજન કરી તેમનું જીવન આનંદિત રીતે પસાર કરી શકે છે. ટાઇમ મૅનેજમૅન્ટનું યોગ્ય આયોજન કરવું હોય તો એક જ ઉપાય છે, Be a Master of your time. એટલે કે તમે જ તમારા સમયના અને જીવનના કર્તાહર્તા બનો. તમારે માત્ર એટલું જ કરવાનું છે કે તમે નક્કી કરો કે તમારી પ્રાયોરિટીઝ શું છે. જો તમે તમારા પ્રાયોરિટીઝ નક્કી કરો અને બાકીનાં કામો જે બહુ મહત્ત્વના નથી તેમને બીજા સહકર્મચારી કે તમારા ટીમ મેમ્બર્સને કરવા દો. તમે તમારી સગવડતા મુજબ 70 ટકા સુધીનો ટાઇમ ફાળવો અને 30 ટકાનો ટાઇમ નક્કી કરેલા અથવા અણધારી રીતે કરવા પડતા હોય તે માટે રાખો. જો તમે આ સાદો નિયમ અપનાવી શકતા હો તો જીવનમાં તમે ઘણી પરેશાનીઓને દૂર કરી શકશો.

આ મુદ્દા વિશે એક કંપનીના મૅનેજિંગ ડિરેક્ટર સાથે વાત થઈ. તદ્અનુસાર એક નાના ઑર્ગેનાઇઝેશનમાંથી મિડસાઇઝ કંપની બને એની પાછળ ટાઇમ મૅનેજમૅન્ટનું સુચારું આયોજન જવાબદાર રહેલું છે. ચોક્કસપણે કર્મચારીઓમાં જો યોગ્ય સમય સંચાલનની ટેવ કેળવવામાં આવે તો ઑર્ગેનાઇઝેશનને સરસ રીતે ચલાવી શકાય.

જ્યારે તમે દર વર્ષે રેપિડ ગ્રોથ કરતાં હો તો તમારે સમય અને સ્પીડના સમન્વયથી કામ કરવું પડે છે. કંપનીના લીડર્સ યોગ્ય સમયે ત્વરિત નિર્ણય લે એ જરૂરી છે. જો તમે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય નહીં લો તો તમે તમારી જાતને અને ઑર્ગેનાઇઝેશનને મોટું નુકસાન કરી રહ્યા છો. જો તમે મોડે સુધી કામ કરો અને બીજા દિવસે મોડા આવીને કામ શરૂ કરો તો કામની શરૂઆત જ કંટાળાજનક વાતાવરણમાં થાય છે અને આખરે તેની અસર ઉત્પાદકતા પર થાય છે.

બિઝનેસની સફળતાનો એક જ મંત્ર છે – યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ નક્કી કરેલા સમયગાળામાં કામ આટોપવું. આ જ મંત્ર કોઈપણ કંપનીના કર્મચારીઓએ સમજવા જેવો છે.

તમે જ તમારા સમયના કર્તાહર્તા કેવી રીતે બની શકો તે માટે કેટલીક ટિપ્સ :

- તમે તમારા એજન્ડા પ્રમાણે કામ કરવાની આદત પાડો. બીજાનાં એજન્ડા એ તમારી

પ્રાયોરિટીઝ ન હોઈ શકે. તમારે થોડું ઍડજસ્ટ કરવું પડે પરંતુ તમારું મુખ્ય ફૉક્સ તમારા કામના નક્કી કરેલા મુદ્દાઓને આટોપવાનું હોવું જોઈએ.

- તમારા ટીમ મેમ્બર્સ જોડે કામ વહેંચવાની ટેવ પાડો. જાતે કામ કરવું અને લોકો જોડે કામ કરાવવું તેમાં બહુ મોટો ફરક છે. સાચો લીડર એ છે કે લોકો જોડે યોગ્ય અને સાચી દિશામાં નક્કી કરેલી સમયમર્યાદામાં કામ પતાવે.
- ઘણા લીડર્સને વધુ પડતા ઊંડાણમાં જવાની આદત હોય છે. આદત સારી છે, પણ આનાથી તેઓ એક જ કામ સારી રીતે કરી શકે છે. જ્યારે બીજાં ઘણાં કામ સમયના અભાવે પડતા મૂકવામાં આવે છે.
- નિર્ણય લેવાની ટેવ પાડો. જે લોકો નિર્ણય લેવાની તાકાત ધરાવે છે તેઓ જ સાચા લીડર બની શકે છે. જે લોકોની નિર્ણયશક્તિ સારી હોય છે, તેમને ટાઇમ મૅનેજમૅન્ટનો પ્રૉબ્લેમ બહુ થતો નથી.
- આત્મવિશ્વાસથી કામ કરો. જેનાથી તમને તમે લીધેલા નિર્ણયો સાચા લાગશે અને સમયની બચત થશે.



આજે જે નમ્રતાપૂર્વક શાંતિથી પોતપોતાનું કાર્ય કરી રહ્યા છે,
તે જ આપણા ભાવિ નેતા છે.
જેમ્સ કેસી
[યુનાઇટેડ પાર્સલ સર્વિસના સહસ્થાપક]

મારા મતે મુક્ત ઉદ્યોગ નીતિમાં પ્રજા ફક્ત શેરહોલ્ડર નથી,
ઉદ્યોગ કરવા માટેનું મુખ્ય કારણ છે.
(અર્થાત્ કોઈપણ ધંધાનો મુખ્ય ઉદ્દેશ સમાજ ઉત્થાન જ હોવો જોઇએ.)
જમશેદજી તાતા
[ભારતના ઉદ્યોગ-સામ્રાજ્યના પ્રપિતામહ]

બજારને એક જ દિશા હોય છે. સાચી દિશા, તેજી કે મંદીની દિશા નહીં.
જેસી લિવમૉર
[વૉલ સ્ટ્રીટ ઇન્વેસ્ટર]

27

ભવિષ્યના કે ભૂતકાળના વિચારોમાં સમય નષ્ટ ન કરો

ઘ ણી વખત તમે અનુભવ્યું હશે કે તમે તમારા વાહનમાં ઘરેથી નીકળ્યા અને થોડા વખતમાં તમે તમારી ઑફિસમાં પહોંચી જશો, પણ આ સમય દરમિયાન તમારું ધ્યાન વાહન ચલાવવામાં ઓછું પણ વિચારોમાં વધારે હોય છે. ઘણી વખત તો તમને પણ ખબર ન પડે અને વિચારોમાં તમે ઑફિસે પહોંચી જાવ છો અથવા તો એવી જ રીતે ઑફિસથી ઘરે પહોંચી જાવ છો. આવું કેમ બને છે, આનું મુખ્ય કારણ આપણા વિચારો છે. એક રિસર્ચ પ્રમાણે 100માંથી 90 ટકા માણસો તેમના વર્તમાનકાળમાં નથી હતા. કાં તો તેઓ ભવિષ્યની ચિંતાઓ કે આવતીકાલના પ્લાનિંગ અથવા તો ભૂતકાળની કોઈ ઘટનાને વાગોળવામાં સમયનો બરબાદ કરે છે. એટલું જ નહીં આખા દિવસ દરમિયાન એક માણસને 25 હજારથી 30 હજાર જેટલા વિચારો આવે છે. આપણા મગજની ગતિ વધતી જાય છે.

માણસ એ ભૂલી ગયો છે કે ગયેલો સમય પાછો આવતો નથી અને ભવિષ્યના કે ભૂતકાળના વિચારોમાં સમય નષ્ટ ન કરવાને બદલે આજની વાતમાં અને અત્યારના સમયમાં હું કેવી રીતે આનંદમય મારું જીવન જીવી શકું તેના ઉપર વધારે ધ્યાન આપવાની જરૂરિયાત છે. અહીં એક પ્રશ્ન એ થાય છે કે માનવી પોતાના વર્તમાનને કેમ આનંદમય રીતે કે ખુશીથી પસાર કરી શકતો નથી? જો તમે થોડું ગહન વિચારો તો ખ્યાલ આવશે કે આપણે આપણા જીવન જીવવાના મુખ્ય ધ્યેયને ભૂલી ગયા છીએ. રોજની ભાગદોડમાં આપણે એ પણ ભૂલી ગયા છીએ કે આપણે શા માટે આટલું દોડાદોડી કરીએ છીએ. આખરે આપણું જીવન ફક્ત એક જ વારનું છે. કેટલું જીવ્યા તેના કરતાં કેવું જીવન જીવવું તે ખૂબ મહત્ત્વનું છે Live-for today and for now મંત્રને અપનાવી જીવને આનંદમય પસાર કરવું જોઈએ.

વર્તમાનમાં જીવન આનંદમય પસાર કરવાની **10** ટિપ્સ :

- તમારા કરતાં પણ તમારા મગજની ગતિ વધતી જાય ત્યારે સમજવું કે થોડો થોભી જવાનો સમય આવી ગયો છે. તમારા મગજની ગતિને ધીમી કરો, અણગમતા અને નકામા વિચારો કરવાનું તુરત જ બંધ કરો. આંખો થોડી વાર બંધ કરી ટૂંકો બ્રેક લો અને વર્તમાનમાં પાછા ફરો.
- જે લોકોનું મગજ શાંત ન હોય તેવા લોકો પોતાના વર્તમાનકાળને સારી રીતે જીવી શકતા નથી. તેઓ હંમેશાં અશાંત અણજોઈતી ચિંતાઓમાં ખોવાયેલા રહેતા હોય છે. આવા લોકોએ મગજને શાંત કરવાની પ્રૅક્ટિસ 'મેડિટેશન'થી હાંસલ કરી શકે છે. આમ કરવાથી તેઓ અણગમતા વિચારોને દૂર રાખી શકવામાં સફળતા મેળવી શકે છે.
- લાંબાગાળાનાં આયોજનો બહુ અગત્યનાં હોય છે, પરંતુ એક વખત સુંદર આયોજન કર્યા પછી થોડા સમય સુધી લાંબાગાળાની ચિંતાને છોડી દો. આજની વાત કરો. આજનો દિવસ કેવી રીતે ખુશીથી અને આનંદમય પસાર થઈ શકે તેવા વિચારો અને આયોજન કરો.
- ભૂતકાળના વિચારો છોડી દો. તેમાં સમય બરબાદ ન કરો. તમે તમારો ભૂતકાળ બદલી શકવાના નથી. જે વસ્તુ પર તમારો કોઈ કંટ્રોલ હોય તે બાબતોમાં નાહકનો સમય ન

બગાડો.

- ઘણી વખત એવું બને છે કે આપણે મોટા ભાગનો સમયે નકારાત્મક વિચારોમાં સમય વેડફી નાખીએ છીએ અને જેવું વિચારો તેવું જ મોટાભાગે બનતું હોય છે. આથી નકારાત્મકતા છોડો અને બધું સારું જ બનવાનું છે તેવો ખ્યાલ કેળવો.
- બીજાઓની ચિંતા છોડી દો. ફક્ત આપણી અને આપણી જાત વિશે વિચારો. બીજાના કામમાં દખલગીરી ન કરો. તમે ખુશીથી જીવો અને બીજાઓને ખુશીથી જીવવા દો. જો આમ કરશો તો જ તમે આજે શાંતિથી અને ખુશીથી જીવન પસાર કરી શકશો.
- આવતીકાલની ચિંતા છોડી દો. આજની વાત કરો. આજનો દિવસ અને અત્યારનો સમય આનંદથી પસાર કરો.
- તમારા જીવનને થોડું વ્યવસ્થિત બનાવો. તમારી પ્રાયોરિટીઝ નક્કી કરો. બીજાના એજન્ટો ઉપર વધુ કામ કરવાને બદલે તમારા કામ પર વધુ ધ્યાન આપો. આનાથી તમે તમારા દિવસનું આયોજન કરી શકશો.
- ટાઇમ અને વિચારો બંનેનું સરસ સંકલન કરો. જો તમે આવું કરવામાં સફળ થશો તો તમારો આખો દિવસ સુખમય અને આનંદમય પસાર થશે. યોગ્ય સમયે યોગ્ય કામ કરો અને જે કંઈ કરો તે ખુશ દિલથી કરો. આથી તમે જે કામ કરતાં હશો તેને આનંદમય માણી શકશો.
- આપણું જીવન ફક્ત એક જ વારનું છે. તે વારંવાર યાદ રાખીને દરેક પળને આનંદમય રીતે જીવો.



સામાન્ય ગુણવત્તા ધરાવતા સ્ટાફ પાસે
અસામાન્ય કક્ષાનું કામ કઢાવી શકે, તે જ સાચું મૅનેજમૅન્ટ.
જ્હોન રોકફેલર
[ઉદ્યોગ માંધાતા તથા મહાન દાનવીર]

કામચોર કર્મચારી સાથે માથાં ફોડવા કરતાં,
કામગરા કર્મચારી સાથે વધુ સમય ગાળશો
તો કંપનીની ઉત્પાદકતા વધશે.
લી આયોકોકા
[કાઇસલર મોટર કંપનીના ચૅરમૅન]

ઈશ્વરમાં અમાપ શ્રદ્ધા ન હોય તો લાંબેગાળે નિષ્ફળ જ જવાય.
સાથે સાથે આપણા કામમાં તથા શક્તિમાં પણ વિશ્વાસ હોવો જોઈએ.
મિલ્ટન હર્શી
[ઉદ્યોગપતિ તથા દાનવીર]

28

જીવનની લડાઈ જાતે જીતવી પડશે

હું સ્પષ્ટપણે માનું છું કે પ્રગતિ જ જીવન છે. દરેક વ્યક્તિએ સતત પ્રગતિશીલ રહેવાનો પ્રયત્ન કરવો પડે. જીવનમાં પ્રત્યેક ક્ષણે નાના-મોટા સંદર્ભ તો આવતા જશે જ. ઘણી વખત માનવી પોતાની સમસ્યાઓના ઉકેલ માટે બહારથી કોઈની મદદની આશા રાખે છે. ઘણી વખત બાહ્ય મદદ મળતી પણ હોય છે, પરંતુ જીવનમાં કોઈ મદદ લાંબાગાળાની હોતી નથી. જો કોઈ વ્યક્તિ તમને કાયમ માટે મદદ કરી શકે તેમ હોય તો તે તમે જ છો, બીજું કોઈ નહીં.

ઓરેકલના સ્થાપક લેરી એલિસન એક બાબત હંમેશાં કહેતા, 'મારા સ્વભાવનું સૌથી અગત્યનુ પાસું – જેને કારણે મને સફળતા મળી છે તે છે, મારી પોતાની હિંમત. હું નાનપણથી જ પરંપરાગત ડહાપણ તથા માન્યતા સામે અવાજ ઉઠાવતો હતો. મારો શિક્ષક હું જ છું. જીવન ખૂબ ક્ષણભંગુર છે તેની પ્રતીતિ મને વારેઘડીએ થાય છે. હું વારંવાર વિચારું છું. મારી ભૂલો સુધારવા માટે પ્રયત્નશીલ રહું છું. મારા નિર્ણયો ભલે કોઈ વખત ખોટા પડ્યા હોય, પરંતુ છેલ્લો નિર્ણય તો હું જ લઉં છું. નિર્ણયો લેતા પહેલાં અનેકવાર વિચારું છું ને મારા પોતાના પર વિશ્વાસ રાખું છું.'

આવું એક બીજું નાનકડું ઉદાહરણ જણાવું. એક વખત એક પિતાનો એકનો એક પુત્ર બારમા ધોરણમાં સારા માર્ક્સ લાવી આગળ ભણવા માટે મોટા શહેરમાં ભણવા ગયો. હંમેશાં સુરક્ષિત વાતવારણમાં રહેવા ટેવાયેલા તથા પિતાની છત્રછાયામાં જ રહેલા પુત્રને મોટા શહેરમાં પગ મૂકતાં જ ભારે ગભરામણ થવા લાગી. નવું વાતાવરણ, નવા લોકો અને નવાં કાર્યોની મૂંઝવણમાં પુત્ર ભારે માનસિક તાણ અનુભવવા લાગ્યો. પરંતુ ત્રીજા જ દિવસે તેના પિતાનો સુંદર પત્ર તેને મળ્યો જેનાથી તેના જીવનમાં નવું જોશ મળ્યું. પત્ર આ મુજબ હતો :

'પ્રિય પુત્ર, આ પત્ર હું તને ત્રણ કારણસર લખું છું. લગ્ન, નસીબ અને મૃત્યુ આ ત્રણ બાબતો વિશે બહુ જાણી શકાયું નથી તો મારી ફરજમાં આવે છે કે વહેલામાં વહેલી તકે તને જાણ કરું અને મારા વિચારો વ્યક્ત કરું. હું તારો પિતા છું અને આ વાત જો હું નહીં કહું તો બીજું કોઈ સારી રીતે નહીં કરી શકે. આ બધી વાત હું મારા અનુભવથી કહું છું. જો હું નહીં કહું તો પણ તારા જીવનથી તું શીખીશ પણ તને ત્યારે વધુ તકલીફ પડશે અને કદાચ સમય પણ નહીં હોય.

જો કોઈ તારી સાથે સારો વ્યવહાર ન કરે તો મનમાં ન લાવીશ. તારી સાથે સારી રીતે વર્તવાની ફરજ ફક્ત તારી મમ્મીની અને મારી જ છે. દુનિયાની કોઈપણ વ્યક્તિ તને દુઃખ આપી શકે છે અને તેના માટે તારે હંમેશાં માનસિક રીતે તૈયાર રહેવું. કોઈપણ તારી સાથે સારું વર્તન કરે તો તારે એના પ્રત્યે આભાર વ્યક્ત કરવો. આ દુનિયામાં મારી અને તારી મમ્મી સિવાય બધાનો સારા વ્યવહાર પાછળ કોઈ હેતુ અથવા સ્વાર્થ હોઈ શકે. ઉતાવળમાં કોઈને સારા મિત્રો ન માની લેવા.

દુનિયામાં કોઈપણ એવી વસ્તુ નથી કે જેના વગર જીવી ન શકાય. આ વાત તને ખાસ કામ લાગશે જ્યારે તને કોઈ તરછોડી દેશે. તારી પસંદગીની વ્યક્તિ કે વસ્તુ તને નહીં મળે. જિંદગી ચાલ્યા જ કરે છે અને બધી વસ્તુ કે વ્યક્તિ વગર ખુશ રહેતા શીખજે. જિંદગી ટૂંકી છે.

જો તું આજનો દિવસ વેડફી નાખીશ તો કાલે તને જિંદગી પૂરી થતી લાગશે. કોઈની સુંદરતા કે પ્રેમમાં જરૂર કરતાં વધારે ડૂબી ન જવું અને એવી જ રીતે કોઈના દુ:ખમાં પણ જરૂર કરતાં વધારે પરેશાન ન થવું.

પુત્ર, આ જિંદગી તારી જ છે. તારે જ જીવવાની છે. તું જ તેનો ભવિષ્યવેતા બની શકીશ. તારી જિંદગીની સફળતા કે નિષ્ફળતાનો આધાર ફક્ત તારા ઉપર જ છે. જીવનમાં કોઈની મદદની આશા ન રાખીશ. જો કોઈની મદદ મળશે તો તું નસીબદાર હોઈશ. તારે ફક્ત તારા ઉપર જ વિશ્વાસ રાખીને જિંદગીની લડાઈ જાતે જ જીતવી પડશે.' પિતાનો આ લાગણીસભર પત્ર વાંચી પુત્ર ગદ્ગદિત થઈ ગયો.

જિંદગીને પોતાના સંઘર્ષની લડાઈ માટે ખુમારીથી જીવવા લાયક કેટલીક ટિપ્સ :

- કોઈના પર વધારે પડતું આધારિત થઈ ન જવું. જો તમે દરેક ક્ષણે બીજાની મદદની આશા રાખશો તો તમારામાં આત્મવિશ્વાસ નહીં આવે.
- પોતાના પ્રત્યે ભરોસો, આત્મવિશ્વાસ રાખવો. જો તમે આત્મવિશ્વાસથી કામ કરશો તો જિંદગીની મોટાભાગની બાજી તમે જીતી ગયા સમજો.
- એટલું યાદ રાખો, તાણ વગર સુંદર જીવન જીવવું એ જ તમારો મુખ્ય ઉદ્દેશ હોઈ શકે. જીવનને સરસ રીતે આનંદિત જીવવું.
- સફળતા કે નિષ્ફળતા વચ્ચે મનને શાંત રાખવું અને આગળ વધવું.



મને ધંધામાં બે રોકાણકારોએ ખૂબ જ મળતર રળી આપ્યુ છે,
નમ્રતા અને માનવતા.
પી. ટી. બર્નમ
[રિં ગલિંગ બ્રધર્સ સર્કસના સ્થાપક, ધ ગ્રેટેસ્ટ શૉ-મેન]

તમારા સપ્લાયર્સની સાથે ભાઈચારો કેળવશો તો તે
તમારા હરીફ સાથે ભાઈબંધી કરતાં સો વાર વિચાર કરશે.
સૅમ વૉલ્ટન
[વૉલ્માર્ટ સુપરસ્ટોર્સના સ્થાપક]

થાક ખાતી વખતે પણ પગ વાળીને બેસે નહીં, તે લક્ષ્ય સિદ્ધ કરે.
થોમસ એડિસન
[લાઇટ બલ્બના શોધક]

29

માનસિક પારદર્શિતા: જીવન જીવવાનો અનેરો આનંદ

માનવ એક લાગણીશીલ પ્રાણી છે. તે એકબીજા પ્રત્યે પ્રેમ, ક્રોધ, તિરસ્કાર વગેરે લાગણીઓ પ્રદર્શિત કરી શકે છે. પરંતુ ઘણી વાર અને સાચું કહું તો મોટાભાગે એવું બને છે કે, માનવી લાગણીના વહેણમાં એવો જોડાઈ જાય છે કે, બીજાનું દુઃખ, યાતનાઓ વગેરેને પોતાનામાં હાવી થવા દે છે અને પરિણામે જે માનવી શાંતિ અને સુખનો હકદાર હોય છે, તે આખો દિવસ નકારાત્મકતા અને તણાવવાળી જિંદગી જીવવા મજબૂર થઈ જાય છે. તમે જોતા હશો કે ઘણા મનુષ્યો હંમેશાં ક્રોધમાં ને તાણમાં જ દેખાય. તેઓ પોતાનું સુંદર જીવન જીવી શકતા નથી. આનું કારણ એ છે કે, આખો દિવસ તેઓ નકારાત્મક ઊર્જાઓ ગ્રહણ કરે છે. પોતે નૅગેટિવ બને છે. બીજાંઓને નૅગેટિવ એનર્જી આપે છે અને એકંદરે આખા વાતાવરણને તનાવવાળું બનાવીને જ મૂકે છે. તેમના મનમાં કોઈ દિવસ કાચ જેવી સ્થિરતા કે પારદર્શિતા હોતી નથી. આખી વાતને વધુ સારી રીતે સમજવા એક નાનકડું ઉદાહરણ જોઈએ.

એક યુવક સરસ, મિલનસાર સ્વભાવવાળો અને આનંદિત જીવન જીવતો હતો. તેનાં લગ્ન થયાં. સારી પત્ની મળી, થોડાં વર્ષો પછી બાળકો થયાં અને પરિવાર સુખથી અને આનંદથી જીવન જીવતો હતો. યુવક એક સારી કંપનીમાં મૅનેજરનું પદ ધરાવતો અને સારી આવકથી જીવન સરસ ચાલતું હતું. યુવકના આનંદી સ્વભાવને લઈને સૌનો પ્રિય હતો. એક દિવસ યુવકને વિચાર આવ્યો કે, હું આટલું બધું કામ કરું છું. પરંતુ મને વળતર વધુ મળતું નથી. મારામાં યોગ્ય લાયકાત અને અનુભવ છે. મારે મારો પોતાનો બિઝનેસ ચાલુ કરવો જોઈએ. ઘરે જઈને પત્નીને વાત કરી ને તેણે પણ સંમતિ આપી.

યુવકે ટ્રાન્સપોર્ટ બિઝનેસમાં ઝંપલાવ્યું. પોતાની કુનેહ અને વહીવટી કુશળતાને લઈને યુવક થોડાંક જ વર્ષોમાં 35 ટ્રકનો માલિક બની ગયો. પરંતુ તેનો સ્વભાવ જે ભૂતકાળના દિવસોમાં આનંદી અને હસમુખો હતો તેમાં ભારે પરિવર્તન આવ્યું . થયું એવું કે આખો દિવસ ટ્રક ડ્રાઇવર્સ જોડે માથાઝીંક કરીને પોતાનો સ્વભાવ તેણે ગુસ્સાવાળો અને ચીડિયો બનાવી દીધો. થોડાક વખતમાં તો તેણે ધારણા બાંધી દીધી કે જો હું ગુસ્સાથી વાત નહીં કરું તો આ બધા ટ્રક ડ્રાઇવર્સ મારું સાંભળશે નહીં. આખા દિવસની નૅગેટિવ ઊર્જા અને તનાવવાળા વાતાવરણમાંથી જ્યારે તે રોજ ઘરે પહોંચતો ત્યારે ઘરે પહોંચીને તે પોતાનાં બાળકો અને પત્ની સાથે ગુસ્સાથી વ્યવહાર કરવા લાગ્યો.

શરૂઆતમાં પત્ની અને બાળકોએ તેને સમજવાનું ચાલુ કર્યું પરંતુ થોડા દિવસમાં તો આ નૅગેટિવ ઊર્જાનાં વાતાવરણને કારણે પત્ની અને બાળકો પણ ગુસ્સો કરવા લાગ્યાં. એકંદરે જે પરિવાર સુંદર વાતાવરણમાં આનંદથી જીવન પસાર કરી રહ્યો હતો તેની જગ્યા કલહ અને ક્લેશે લઈ લીધી.

કહેવાનું તાત્પર્ય એ છે કે, ઑફિસના નૅગેટિવ ઊર્જાવાળા વાતાવરણને યુવકે પોતાનો સ્વભાવ બનાવી દીધો. ટ્રક ડ્રાઇવર્સ સાથેની વાતચીતને ત્યાં જ ટૂંકાવી ન દેતાં તેણે રોજિંદી ઘટનાઓથી પોતાની જાતથી અલગ રાખવાના બદલે, તેણે ગુસ્સાવાળા સ્વભાવને પોતાના સંસ્કાર બનાવી દીધા. આનું પરિણામ એ આવ્યું કે, સારી આર્થિક સ્થિતિમાં હોવા છતાં યુવકે

પોતાની અને પોતાનાં કુટુંબની સુખશાંતિ ગુમાવી દીધાં.

માનસિક પારદર્શિતા અને સ્વભાવે શાંત રહેવા માટેની કેટલીક ઉપયોગી ટિપ્સઃ

- બીજાઓની લાગણીઓ સમજો, પરંતુ તેને તમારા ઉપર હાવિ ન થવા દો. તમે તમારી જાતને ઓળખો. જે તમારો સ્વભાવ અને સંસ્કાર છે તેમાં બીજાને કારણે બદલાવ ન લાવો.
- પ્રેમ, લાગણી વગેરે પ્રદર્શિત કરો, પરંતુ લોકો જોડે ડિટેચ થવાનું શીખો. જો તમે આ શીખશો તો તમારી માનસિક સ્થિરતાને કોઈ ડગાવી શકશે નહીં.
- કોઈપણ વસ્તુ કે માનવી પ્રત્યે એટલો બધો લગાવ ન રાખવો કે તમે તેના સુખે સુખી અને તેના દુઃખે દુઃખી થાવ. તમારો જે શાંત સ્વભાવ છે તેને લગાવથી દૂર રાખી શાંતિની જિંદગી જીવો.
- તમે એકલા જ આવ્યા છો અને એકલા જ જવાના છો. તમારા આત્માને ઓળખો. તમારા સ્વભાવને ઓળખો અને તમારી લાઇફ સુંદર અને શાંત બનાવો.
- ભૂલી જવાની કળાને વિકસાવો. કોઈપણ અણગમતા બનાવને જલદી ભૂલી જવો જેથી તેની અસર આપણા મન ઉપર લાંબો સમય ન રહે.



આપણી કંપની જે ઝડપથી પ્રગતિ કરી રહી છે,
તે જોતાં આપણે એ ધ્યાન રાખવું જ રહ્યું
કે આપણા સ્નાયુ સુદૃઢ થાય, શરીરનું બિનજરૂરી વજન ન વધે.
થોમસ વૉટસન (જુ.)
[આઈ.બી.એમ.ના પ્રૅસિડેન્ટ]

બીજાની ચોકી કરવાને બદલે પોતાની જાતની ચોકીદારી કરો.
થોમસ વૉટસન
[આઈ.બી.એમ.ના સ્થાપક]

આશાવાદી થવું મને ગમે છે, પરંતુ જીવનની જટિલતા સમજી
ન શકું તેવો મૂર્ખો હું નથી!
વૉલ્ટ ડિઝની
[બાળકોના પ્યારા મિકીમાઉસના સર્જક]

30

તમારા વિચારો તમારા જીવનનું નિર્માણ કરશે

જીવનનો આનંદ તમારા વિચારો પર આધારિત છે. તમે કેવું વિચારો છો તેના પરથી તમારું ભાગ્ય અને પરિસ્થિતિનું નિર્માણ થાય છે. જેમ પહેરવાનાં કપડાં અને તમારી પસંદગીની વસ્તુઓ માટે તમે જેવી કાળજી રાખો છો તેવી જ કાળજી તમારે વિચારોની રાખવાની છે. તમારા વિચારોની પસંદગી તમારી જીવનશૈલી નક્કી કરે છે. આપણે આપણા બાહ્ય દેખાવ માટે જેટલી કાળજી રાખીએ છીએ તેટલી કાળજી આપણા મન કે વિચારોની નથી રાખી શકતા. આથી મનથી મોટેભાગે લોકો તાણગ્રસ્ત અને અજીબ પ્રકારના ભયમાં જીવન બરબાદ કરી નાખે છે. જેવું વિચારો તેવું પામશો. જો તમે સારું અને હકારાત્મક વિચારશો તો બધું બરાબર જ થશે. જો તમે નૅગેટિવ વિચારસરણી ધરાવતા હશો તો તમારા જીવનમાં કોઈ દિવસ બરકત નહીં આવે.

હાર્વર્ડ સુલ્ઝ જે 'સ્ટારબક્સ' કૉફીના ચૅરમૅન છે. તેમના કહેવા પ્રમાણે સફળતાની કોઈ છૂપી રેસિપી નથી. હું તો ખભે કોથળો લઈને નીકળ્યો હતો. ફક્ત મારી સાથે હતા સારા અને મજબૂત વિચારો.

મારા વિચારોએ જ મને આજે અહીં પહોંચાડ્યો છે. નાનપણથી જ મારા વિચારો બહુ સ્પષ્ટ હતા. મને હંમેશાં પૉઝિટિવ વિચારો જ આવતા. શરૂ શરૂમાં મને નિષ્ફળતાનો ડર લાગતો પણ જેમ જેમ હું મજબૂત ઇરાદાથી કામ કરવા લાગ્યો તેમ તેમ મારી આશાઓ વધતી ગઈ. મોટા પહાડ ઓળંગી જઈએ. પછી નાની નાની ટેકરીઓનો ભયના લાગે. હું તો સ્વાનુભવે જ સમજ્યો છું કે તમારી જીવાદોરી અને જીવનશૈલી તમારા જ હાથમાં છે. હંમેશાં સારું વિચારો, પાયાનું ચણતર મજબૂત કરો, નિશાન ઊંચું રાખો અને ઝંપલાવ. સારા વિચારો જ તમારું કર્મ નક્કી કરે છે. સવારે ચાલવા જતા મારા એક મિત્રએ એક સરસ વાત કરી.

એક વખત એક રાજા જંગલમાં શિકારે નીકળ્યો. રાજા સાથે સારો એવો મોટો કાફલો હતો, પણ રાજા એક શિકારની પાછળ ઘણો દૂર પહોંચી ગયો અને તે રસાલાથી દૂર ભટકી ગયો. વનમાં ભટક્યા પછી પણ રસાલાનો ભેટો ન થયો.

આખરે રાજાને પાણીની ખૂબ તરસ લાગી. પાણીની શોધમાં એક ખેતરની બાજુમાં આવી પહોંચ્યો. રાજાએ ત્યાં ઊભેલા ખેડૂત પાસે શેરડીની માંગણી કરી. ખેડૂત રાજાને ઓળખતો ન હતો પણ માનવતાની દૃષ્ટિએ તેણે સારી શેરડીનો સાંઠો કાઢી રાજાને રસ કાઢી આપ્યો. રાજાને રસ ખૂબ જ ભાવ્યો. પરંતુ રસ પીતાં પીતાં રાજાને વિચાર આવ્યો કે શેરડીનો સરસ પાક લાગ્યો છે. ખેડૂતો સારું એવું કમાતા હશે, પણ રાજ્યને કર બહુ ઓછો આપે છે. મને એવું લાગે છે ખેડૂતો પર કર વધારવો જોઈએ. આવો વિચાર કરતાં કરતાં તેણે ખેડૂતને બીજો એક ગ્લાસ રસ આપવાનું કહ્યું.

ખેડૂતે શેરડીનો બીજો સાંઠો કાપીને રસ કાઢવાનું ચાલુ કર્યું. પરંતુ રાજા અને ખેડૂતનાં આશ્ચર્ય વચ્ચે એ શેરડીમાંથી રસ જ ન નીકળ્યો. ફરીથી શેરડી પિલાવી પણ એ શેરડીમાં રસ બહુ જ ઓછો નીકળ્યો. રાજા મનોમન વિચારવા લાગ્યો કે મેં સારો વિચાર ન કર્યો એટલે શેરડીના ટુકડાએ પણ રસ આપવાનો બંધ કર્યો. રાજાએ નકારાત્મક વિચાર ખંખેરીને ખેડૂતને

યોગ્ય ઇનામ આપી ત્યાંથી વિદાય થયો.

કહેવાનું તાત્પર્ય એ છે કે તમે જેવું વિચારશો તેવું પામશો. જીવનમાં ઘણા બનાવો બનતા હોય છે અને દરેક બનાવને સારી દૃષ્ટિથી જોવો જોઈએ. દરેક બાબતમાં નૅગેટિવ થિન્કિંગ ન કરવું જોઈએ. સારી વસ્તુ જોવાની ટેવ પાડવાની જરૂર છે.

કેટલીક ટિપ્સ :

- બીજા લોકો તમારા માટે શું વિચારે છે એમાં ટાઇમ ન બગાડશો. તમે તમારા માટે શું વિચારો છે તે મહત્ત્વનું છે.
- હંમેશાં સારો વિચાર કરવો. સારો વિચાર તમારી પર્સનાલિટી સુંદર બનાવે છે અને તમને સારા માનવી અને લીડર બનાવે છે. જે પણ થાય એ સારા માટે જ થાય તે વિચારવું.
- તમારી જિંદગી તમારી પોતાની જ છે, બીજા કોઈને તેનું સુકાન ન સોંપો. તમે જ તમારા ભાગ્યવિધાતા બનો.
- હસતા રહો. દુનિયાની બધી સમસ્યાઓ માટે તમે જવાબદાર નથી. હસો અને સારું વાતાવરણ ઊભું કરો.
- જીવનમાં પૉઝિટિવિટી જરૂરી છે. તમે જો સારું વિચારશો તો તમારા જીવનમાં બધું સારું જ થશે. તમે જેવું વિચારો છો એવું જ તમારી સાથે બને છે. તમારી લાઇફમાં ફેરફાર લાવવા માટે સૌથી પહેલાં તમે મક્કમ બનો. એ પછી ક્લેરિટી રાખો અને એનો અમલ કરવા માટે ઍક્શન પ્લાન બનાવો. આ રીતે તમે પૉઝિટિવ થોટ્સથી તમારી લાઇફમાં બદલાવ લાવી શકો છો.



પૈસાને યોગ્ય રીતે વાપરવાનું કામ પૈસા કમાવા કરતાં
મને હંમેશાં વધુ મુશ્કેલ લાગ્યું છે.
વિલ કેલૉગ
[કેલૉગ કંપનીના સ્થાપક]

ધંધો ધારણા ઉપર જ ચાલે છે. નિશ્ચિતતા ક્યાંય નથી.
વિલિયમ હ્યુલેટ
[હ્યુલેટ પેકાર્ડ કંપનીના સહસ્થાપક]

સફળતા મેળવવામાં ગણિતની જેમ એક + એક = બે જેવું ન હોય.
એની કોઈ વ્યાખ્યા નથી. બસ, કામ કરતા જાઓ... સફળતા મળતી જશે.
અનીતા રોડીક
[ઉધોગ સાહસિક અને સમાજ સુધારક]

31

નૈતિક મૂલ્યો : જીવનને બનાવે સપ્તરંગી

થોડા દિવસ પહેલા એક નવયુવન પાસેથી જાણવા મળ્યું કે તેણે IT ફિલ્ડમાં ખૂબ જ સારો અભ્યાસ કર્યો અને અમદાવાદની જાણીતી સૉફ્ટવૅર કંપનીમાં સરસ નોકરી મળી. નોકરી મળવાથી યુવાન ખૂબ જ ઉત્સાહી હતો. હવે તેની સમસ્યા જાણવા જેવી છે. તે જણાવે છે કે તેણે કંપનીમાં દિલ લગાવીને ખૂબ જ મહેનતથી કામ કર્યું. શરૂઆતમાં તેના સિનિયર્સે તેના કામની પ્રશંસા પણ કરી. તે અતિ ઉત્સાહિત થઈ રસપૂર્વક, મન દઈને કામ કરવા લાગ્યો. પરંતુ ખરી સમસ્યા હવે શરૂ થઈ. થોડા વખત કામ કર્યા પછી અનુભવ્યું કે કંપનીમાં જોરદાર પૉલિટિક્સ છે. લોકો એકબીજાની હરીફાઈમાં એટલા વ્યસ્ત છે કે કંપનીના ભલાંની વાત તો એક બાજુ ગઈ પરંતુ એકબીજાને કેવી રીતે નીચે પાડવા તેમાં જ વ્યસ્ત રહે છે. યુવાને આ વાત કંપનીના ઉચ્ચ અધિકારીઓને કાગળ લખીને જણાવી. આવો કાગળ લખવાથી કંઈ ઝાઝો ફરક તો ન પડ્યો એટલું જ નહીં પરંતુ તેના સહકાર્યકર્તા અને મૅનેજર બધા તેના દુશ્મન થઈ ગયા.

અત્યારે પરિસ્થિતિ એટલી બધી ખરાબ થઈ છે કે યુવાન માટે નોકરી કરવી દુષ્કર બની ગઈ છે. પોતે ગમે એટલી મહેનત કરે છે, પરંતુ એના કામની પણ ક્રેડિટ તેના ઉપરી મૅનેજર લઈ લે છે. તેને મોડે સુધી પરાણે રોકવામાં આવે છે. પુષ્કળ કામ કરવા છતાં કામની વહેંચણી એવી રીતે કરવામાં આવે છે કે તેના ભાગે સૌથી વધારે કામ આવે અને તે પણ સાંજે તેને આપવામાં આવે છે ને મોડે સુધી કામ કરવા માટે ફરજ પાડવામાં આવે છે. જો રોકાવાની ના પાડવામાં આવે તો કંપનીમાંથી કાઢી મૂકવાની ધમકી સિનિયર્સ આપે છે. એચઆર ડિપાર્ટમેન્ટમાં વાત કરી તો ત્યાંથી પણ કંઈ ખાસ પ્રતિભાવ મળ્યો નહીં.

હવે પોતાની આર્થિક પરિસ્થિતિને જોતાં તે આ નોકરી છોડી પણ શકતો નથી. યુવાને વ્હિકલ અને તેના અભ્યાસ માટેની એજ્યુકેશન લોન લીધી હતી તેના પણ હપ્તા ભરવાના ચાલુ છે. યુવાન માનસિક રીતે સખત ભાંગી પડ્યો છે અને હાલ તે નોકરી છોડી પણ શકતો નથી. સાથે સાથે હવે આવી ખરાબ પરિસ્થિતિમાંથી કેવી રીતે બહાર આવવું તેને સમજાતું નથી. સારો પગાર મળે છે પરંતુ કંપનીમાં ચાલતા પૉલિટિક્સ રોજિંદી સ્ટ્રેસવાળી જિંદગીથી હવે તે ખૂબ જ કંટાળી ગયો છે. આનો છે કોઈ ઉપાય?

હવે આનો ઉકેલ છે અને તે યુવાનના હાથમાં જ છે. અત્યારે મોટા ભાગના લોકો કોઈપણ પરિસ્થિતિ માટે સામાવાળાને દોષ દે છે. કોઈ વખત તે સાચું હોય છે પરંતુ સત્ય એ છે બહારની પરિસ્થિતિ તમારા હાથમાં નથી, તમે આખી પરિસ્થિતિ કે તમારી આજુબાજુના લોકોને જલદી બદલી નહીં શકો. તે બધું તમારા હાથમાં નથી. તમારા હાથમાં ફક્ત તમારો જ કંટ્રોલ છે. તમારે ફક્ત જીવનની ફિલૉસૉફી કે જેને તમે માનો છો તે અનુસાર જ કામ કરવાનું છે. દરેક વ્યક્તિ જોડે પોતાની વેલ્યુસ, પ્રિન્સિપલ્સ અને ઍથિક્સ હોવા જોઈએ. જો તમારી પાસે શ્રેષ્ઠ વેલ્યૂસ હોય તો કોઈપણ પરિસ્થિતિમાં શાંત રહી શકો અને બદલાની ભાવના રહે નહીં. લોકો મને સહકાર આપે કે ન આપે પરંતુ હું પૂરા કમિટમૅન્ટ સાથે મારા કામમાં ધ્યાન રાખીશ. મારા પ્રિન્સિપલ્સ મારી તાકાત બનીને રહેવા જોઈએ. હું મારા કામમાં કામચોરી નહીં

કરું, કે કોઈ શોર્ટકટ નહીં અપનાવું. હું જે કંઈ કરીશ એ શ્રેષ્ઠ રીતે કરીશ અને આ મારા ઍથિક્સ હંમેશાં મારી જોડે રહેશે અને કોઈપણ સંજોગોમાં મારા આ વેલ્યૂસ, પ્રિન્સિપલ્સ અને ઍથિક્સ બાબતે સમાધાન કરીશ નહીં. જો તમે તમારા માનસિક સંતુલન જોડે કામ કરવાનું ચાલુ રાખશો તો નૅગેટિવ પરિસ્થિતિ લાંબું ચાલશે જ નહીં અને તમને કોઈ પ્રકારનો માનસિક તનાવ રહેશે જ નહીં. તમારી જાત પર ભરોસો રાખો. મગજને શાંત રાખી ને ફક્ત પૉઝિટિવ જ વિચારો. નકારાત્મકતાને ખંખેરી નાખો. બીજા તમારી સાથે કેવો વ્યવહાર રાખે છે એની ચિંતા ન કરો. તમે તમારા પ્રત્યે કેવો વ્યવહાર રાખો છો તેનું ફક્ત ધ્યાન રાખો. હંમેશાં સારા વિચારો મનમાં રાખો. વિચારો જ મોટે ભાગે સારી અથવા ખરાબ પરિસ્થિતિનું નિર્માણ કરે છે. સારા વિચારો રાખી, હસતા રહી, કામમાં પૂરતું ધ્યાન આપશો તો થોડા જ વખતમાં જોશો કે પરિસ્થિતિ તુરંત જ બદલાશે. તમે તમારું મન કેટલું શાંત ને સંતુલિત રાખો છો અને તમારા વેલ્યૂસ, પ્રિન્સિપલ્સ અને ઍથિક્સમાં કોઈપણ પ્રકારનું સમાધાન નહીં કરો. તમારા જીવનના તમારા આ સિદ્ધાંતો જ તમને બધાથી અલગ તારવશે.



અસ્તિત્વ જાળવવા માટે થઈ શકે તેટલા બધા જ પ્રયાસ કરવા જ જોઈએ.
કેલ્વિન ક્લાઈન
[કૅલ્વિન ક્લાઇન ફૅશન્સ લિ.ના સ્થાપક]

તમને ગમે તે જ કરશો, તો કામ કરતા હો તેવું નહીં લાગે!
ડૅબી ફિલ્ડ્ઝ
[મિસિસ ફિલ્ડ્ઝ કુકીઝનાં સ્થાપક]

ટર્નઓવર એટલે આભાસ
અને
નફો એટલે વાસ્તવિકતા!
ફેલિક્સ ડૅનિસ
[મૅગેઝિન પ્રકાશક]

32

તમારી માનસિકતાનું પ્રતિબિંબઃ દૃષ્ટિકોણ

ઘણા બનાવો બનતા હોય છે અને દરેક બનાવને જોવાની દૃષ્ટિ દરેકની અલગ હોય છે. કોઈ એક જ બનાવને અલગ અલગ પરિસ્થિતિથી જોવા, મૂલવવા ને તમારું પોતાનું તે વિશે આકલન કરવું તેને દૃષ્ટિકોણ કહે છે. એક જ બનાવ એક વ્યક્તિ અને બીજી વ્યક્તિ માટે અલગ હોય છે. જ્યારે ઑફિસમાં કોઈ કામ અંગે તમારો બૉસ તમને થોડું કહી સંભળાવે ત્યારે બૉસની દૃષ્ટિએ તે વાત યોગ્ય હોય છે, પરંતુ તે જ વાત અને બાબત સાંભળનાર કર્મચારી માટે અયોગ્ય હોય છે. આવી પરિસ્થિતિને દૃષ્ટિકોણ કહેવાય. બૉસ માટે કર્મચારી કામ કરતો નથી અને ટાઇમ પાસ કરે છે તે એને ગમતું નથી. આથી કર્મચારીને ટોકતો જ હોય છે. જ્યારે કર્મચારીના મત મુજબ કામમાંથી થોડો બ્રેક લઈને પાંચ મિનિટ કોઈ જોડે વાત કરીએ તો શું થાય તેવો દૃષ્ટિકોણ છે.

કહેવાનો મતલબ એ છે કે કોઈ વાત સાચી કે ખોટી નથી, તમારા દૃષ્ટિકોણ પ્રમાણે તે વાત સાચી અને ખોટી થઈ જાય છે. ઘણા માણસો એવા હોય છે કે તેમને જીવનની દરેક વસ્તુ ખોટી જ લાગે અને દરેકમાં કંઈક ને કંઈક ખામી કાઢતા જ હોય છે. જ્યારે ઘણી વ્યક્તિઓ એવી પણ હોય છે કે તેઓ દરેક પરિસ્થિતિ અને બાબતને હકારાત્મક દૃષ્ટિકોણથી જુએ છે. તેઓ દરેક બાબતમાં કંઈ સારું જુએ છે અને સારું વિચારે છે.

તમારો દૃષ્ટિકોણ તમારી માનસિકતાનું ખરા અર્થમાં પ્રતિબિંબ છે. જો તમારા વિચારો ખરા અર્થમાં હકારાત્મક હશે તો તમારો દૃષ્ટિકોણ પૉઝિટિવ રાખશો તો તમારા જીવનને એક નવી દિશા આપી શકશો. યોગ્ય દૃષ્ટિકોણ તમારા આખા વ્યક્તિત્વને બદલી શકે છે. જો તમારું વ્યક્તિત્વ પૉઝિટિવ હશે તો લોકો તમને માનની દૃષ્ટિથી જોશે. તમારી કોઈપણ વસ્તુને નવી દૃષ્ટિથી જોવાની રીત હશે. તમને એક સારા લીડરમાં કન્વર્ટ થતા કોઈ રોકી શકે નહીં.

બીજા ફાયદો એ થાય કે તમને કોઈ બાબત કે પરિસ્થિતિથી માનસિક તાણ નહીં અનુભવો. જો કોઈ પરિસ્થિતિ તમારા સંજોગો અનુસાર નહીં હોય તો પણ તમને એમાંથી બહુ ઝાઝો ફરક નહીં પડે અને તમે તમારું માનસિક સંતુલન સારી રીતે જાળવી શકશો.

એક ઉદાહરણ જોઈએ. સ્ટીલના ક્ષેત્રે વિશ્વમાં શ્રેષ્ઠ ઉદ્યોગપતિની ગણનામાં નામ લેવાય એવા ઍન્ડ્રુ કાર્નેલીની બાયૉગ્રાફીમાં એક બાબત તેમણે બહુ સુંદર કહી છે.

ઍન્ડ્રુ કાર્નેલી કહે છે, 'હું સફળ થયો તેનું મુખ્ય કારણ બધા કરતાં પરિસ્થિતિને નવી દૃષ્ટિથી જોવાને આભારી છે.' મેં મારા પિતાજીને નોકરી માટે વલખા મારતા જોયા હતા. ગરીબી અને ગરજ શું કહેવાય એ મેં બહુ નાનપણથી જોયાં છે. આજેય એ દિવસો યાદ આવે ત્યારે મારું મન વિચલિત થઈ જાય છે, પરંતુ આ પરિસ્થિતિને એક ચૅલેન્જ તરીકે સ્વીકારી. નાની વયે મેં નક્કી કર્યું કે હું દુનિયાને હવે મારી નવી દૃષ્ટિથી જોઈશ અને જે પરિસ્થિતિ બનશે તેમાંથી મારા માટે હું તક શોધી કાઢીશ. હું રડવા નહીં બેસું. મેં મારો પોતાનો પણ નાનો બિઝનેસ ચાલુ કર્યો. મેં શરૂઆતથી જ સમજી લીધું હતું જો હરીફાઈમાં તમારે ટકવું હશે તો હું બીજાના દૃષ્ટિકોણને કોઈપણ સંજોગોમાં બદલવો પડે અને એના માટે સૌ પ્રથમ તમારે તમારો દૃષ્ટિકોણ બદલાવો પડે.

મેં મારા વ્યવસાયમાં નવું વિચાર્યું. લોકો ભાગીદારો ખરીદે છે અને હું ભાગીદારોને બનાવું છું. દરેકને મારી પરિસ્થિતિને બીજી રીતે જોવાની કળા શીખવાડું છું. હું ચોક્કસ માનું છું કે તમારી વિચારવાની રીત હકારાત્મક રાખો. મહેનત કરો તો સફળતા મળશે જ. કામના ભાર હેઠળ દબાઈ જવાનો તમારો આનંદનો ભોગ ન લેવાય તેનું ધ્યાન રાખજો. આનંદી સ્વભાવ હશે તો મનની સાથે શરીર પણ સારું રહે છે. મોટા ભાગના માણસો પોતાની આવડતનો ઉપયોગ એટલા માટે નથી કરી શકતા કારણ કે બીજાના નૅગેટિવ વિચારોથી જ તેમનું મન ભરાયેલું રહેતું હોય છે. મારા કહેવાનો મતલબ એ છે કે તમારો દૃષ્ટિકોણ બદલો, તમારી જાતને સિદ્ધિના ઉંબરે પહોંચેલા કલ્પો. એવી કલ્પના કરો કે એક ભવ્ય, સ્પષ્ટ અને અદ્ભુત જીવન તમારી સમક્ષ છે. ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્ત કરો.'

કેટલીક ઉપયોગી ટિપ્સઃ

- કોઈપણ પરિસ્થિતિ કે સંજોગો કેટલાંય વિપરીત કેમ ન હોય, પરંતુ તમે તમારો દૃષ્ટિકોણ પૉઝિટિવ રાખજો જેનાથી મોટી સમસ્યા પણ નાની બની જશે.
- જો તમારે તમારા દૃષ્ટિકોણને બદલવો હશે તો બીજાના દૃષ્ટિકોણને પણ પહેલા સમજવાનો પ્રયત્ન કરવો પડશે.
- જો તમારે દૃષ્ટિકોણ પૉઝિટિવ હશે તો તમે સારા વ્યક્તિ અને લીડર બની શકશો.
- જીવન એક વખતનું છે. આથી કોઈ નૅગેટિવ બાબતોમાં તમારો સમય વ્યર્થ ન કરો.



મેં ભૂતકાળમાં કરેલી અસંખ્ય ભૂલો ફરી ન કરવાનો પાઠ
હું ભણી ચૂક્યો છું. આજ સુધીમાં મેં ઘણી ભૂલો કરી છે.
ગૅરી સ્વાટ્ર્ઝ
[ઑનેક્સ ઇન્વેસ્ટમેન્ટ કંપનીના સહસ્થાપક]

રેસ્ટોરાં શરૂ કરવા માટે શારીરિક અને માનસિક શક્તિ જરૂરી છે.
તમારામાં શક્તિ ન હોય તો પ્રયત્નપૂર્વક પેદા કરવી પડે.
ગૉર્ડન રામ્સે
[રસોઈ કળાના નિષ્ણાત]

તમારા કાર્યથી જો અનેક લોકો ખુશ થાય,
તો માનજો કે તમે ખરેખર કોઈ સત્કાર્ય કર્યું છે.
ગ્રેગ નોર્મન
[ઉદ્યોગપતિ તથા ગોલ્ફ ખેલાડી]

33

Who am I? તમારી જાતને ઓળખો

જિંદગી અનિર્ણાયક છે. ક્યારે શું બને કશું કહેવાય નહીં. લાંબાગાળાની યોજનાઓ પર વિશ્વાસ રાખી શકાય તેમ નથી. અત્યારે તો રોજિંદી ભાગદોડમાં એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે હું શા માટે આટલી બધી દોડાદોડી કરું છું. મારા જીવનનો શું ઉદ્દેશ છે? Who am I? જ્યારે તમને કોઈ તમારી ઓળખ પૂછે, ત્યારે આપણે આપણું નામ, હોદ્દો કે આપણી જાત વિશે વાત કરીએ છીએ. આપણા વ્યવસાય કે ધંધામાં એટલા વ્યસ્ત છીએ કે કોઈક વખત આપણી પોતાની રિયલ ઓળખ ભૂલી ગયા છીએ. પણ શું તે આ જ આપણી સાચી ઓળખ છે.

આપણે જિંદગી જીવવાનો મુખ્ય ધ્યેય ભૂલી ગયા છીએ. જીવનમાં આગળ આવવાની રેસમાં આપણે ભૂલી ગયા છીએ કે જીવન એ કાયમી નથી. તો શા માટે આટલી બધી વધારે પડતી સફળતા માટે દોટ મૂકવી અને આની પાછળ પોતાના ફૅમિલીની પણ અવગણના કરવી. કેટલાક માનવી તો એમના વ્યવસાયમાં એટલા બધા વ્યસ્ત હોય છે કે ઘરે ગયા પછી પણ ઑફિસનું કામ ચાલું કરી દે છે. જ્યારે કેટલાક તો પોતાની મૂળ ઓળખ ભૂલી જઈ કામમાં એટલા ઓતપ્રોત થઈ જાય છે કે તેમને પોતાની હેલ્થ માટે પણ ટાઇમ નથી અને આખા કામનો ભાર પોતાના ખભા ઉપર લઈને ફરતા હોય છે. માણસે સક્સેસફુલ બનવું જોઈએ, એમાં બેમત નથી. પરંતુ પોતાની જાતની અને ફૅમિલીની અવગણના કરવી એ કેટલે અંશે સાચું છે?

એક વખત મહાન ફિલૉસૉફર સૉક્રેટિસ તેમના શિષ્યો જોડે વિવિધ વિષયો પર વાર્તાલાપ કરતા હતા. સૉક્રેટિસની જેમ તેમના શિષ્યો પણ બહુ જ હોશિયાર અને દલીલોમાં માહિર હતા. જ્યારે સૉક્રેટિસ તેમને જીવનની ફિલૉસૉફી સમજાવતા હતા ત્યારે એક શિષ્યે થોડી દલીલ કરીને કહ્યું કે, ‘જીવનનો મતલબ સફળતા જ છે અને સફળતા માટે કંઈ પણ રસ્તો અપનાવવો કંઈ ખોટું નથી. સૉક્રેટિસે શિષ્યને એક પાઠ ભણાવવાનું નક્કી કર્યું.

સૉક્રેટિસ શિષ્યને એક તળાવને કિનારે લઈ ગયા અને તે પોતે તળાવની અંદર ગયા અને શિષ્યને પણ તળાવની અંદર આવવાનું કહ્યું. સૉક્રેટિસ અને શિષ્ય પાણીની અંદર ઊંડા ઊતરતા ગયા. સૉક્રેટિસે શિષ્યને ગળા સુધી પાણીમાં ડૂબેલો જોઈ પૂછ્યું ``તને કેવી અનુભૂતિ થાય છે?" શિષ્યે કહ્યું કે ``સારું લાગે છે પણ પાણીનું જોર થોડું વધારે લાગે છે. બહુ સંભાળવું પડશે." સૉક્રેટિસ શિષ્યને થોડીવાર પછી તેને પાણીમાં મોં ડુબાડવાનું કહ્યું. પાણીમાં મોં નાંખતા જ શિષ્યને થોડીવારમાં શ્વાસ લેવામાં તકલીફ પડવા માંડી. આથી શિષ્યે તેનું માથું પાણીમાંથી બહાર કાઢ્યું. તુરત જ સૉક્રેટિસે તેનું માથું જોરથી પાણીમાં નાખ્યું. શિષ્ય થોડીવારમાં તરફડવા લાગ્યો. થોડીવારે વધારે તકલીફ થતાં સૉક્રેટિસે તેનું માથું પાણીમાંથી બહાર કાઢ્યું અને તળાવની બહાર કાઢ્યો.

બહાર આવ્યા પછી શિષ્યને સૉક્રેટિસે પૂછ્યું ``કેવું લાગ્યું?" શિષ્યે ખૂબ જ ગુસ્સામાં કહ્યું કે, ``‘આજે તો માંડ માંડ બચ્યો છું.’’ સૉક્રેટિસે તુરંત જ તેને સમજાવ્યું કે માણસની જિંદગીનું કંઈ ઠેકાણું નથી. બીજી ક્ષણે શું થશે ખબર નથી. માટે જેટલું સરસ જિવાય તેટલું જીવો અને ખુશ રહો અને બીજાને સુખદુઃખમાં સહાય કરો.

કહેવાનું તાત્પર્ય એ છે કે જીવનમાં હોદ્દો, સફળતા, સારું ઘર વગેરેની જરૂર છે. જીવનમાં

સફળ બનવું અને સફળતા ટકાવી રાખવી એ પણ જરૂર છે, પરંતુ આજ વસ્તુને જીવનનું છેલ્લું લક્ષ્ય બનાવવાની જરૂર નથી. તમે જીવન કોઈપણ પ્રકારની તાણ વગર ખુશીથી જીવો છો તે મહત્ત્વનું છે.

કેટલીક ટિપ્સઃ

- યાદ રાખો કે તમે કોઈપણ મોટો હોદ્દો ધરાવતા હશો, પણ આખરે તો માનવ છો અને બધાનું જેમ કુદરત નક્કી કરશે તેમ તમારું પણ થવાનું છે. આથી સાચા અને સરળ હૃદયવાળા બનો.
- સફળતાને જ તમારો એકમાત્ર જીવન મંત્ર ન બનાવો. સફળતા જરૂરી છે પણ સાથે સાથે તમે અને તમારો પરિવાર પણ ખુશીમાં રહે તેટલું જ જરૂરી છે.
- રોજની ભાગદોડવાળી જિંદગીમાંથી થોડો વિરામ કાઢી તમે કોણ છો તે જાણવાનો પ્રયત્ન કરો.
- પોતાની જાતને માનની નજરે જુઓ અને બીજાને પણ માન આપો.



મારામાં રહેલું બાળક આજે પણ જીવંત છે. હું મારા શૈશવને ભૂલ્યો નથી.
હું વધુ પડતો કૃત્રિમ નથી થઈ ગયો. આ બધી બાબતો જ મને જીવંત રાખે છે.
હ્યુ હેફનર
[`પ્લેબોય' સામાયિકના સ્થાપક]

ગ્રાહકને સંતોષ આપતા રહીશું ત્યાં સુધી આપણે નફાની ચિંતા કરવી નહીં પડે.
ઈસી શાર્પ
[ફોર સિઝન્સ હોટેલ્સ અને રિસોર્ટ્ઝ સ્થાપક]

લોકો હંમેશાં કહે છે, ``ઝીણું કાંતવાનું રહેવા દો ને, ભાઈ!" હું તો માનું છું
કે નાની-મોટી બાબતો ધ્યાન બહાર જવાથી જ મોટાં નુકસાન થાય છે. નરકનો રસ્તો એ જ દિશામાં છે.
જેમી ડિમૉન
[જે. પી. મોર્ગન - ચેઇઝના સી.ઈ.ઓ.]

34

વિપરીત પરિસ્થિતિને પણ તકમાં ફેરવો

જીવન સીધા રોડ જેવું સરળ નથી હોતું. આપણે હંમેશાં સીધા, સરળ અને આનંદી જીવનની આશા રાખીએ છીએ. પરંતુ જેવું આપણે ધારીએ તેવું ન થાય કે કામમાં અડચણ ઊભી થાય ત્યારે તનાવમાં આવી જઈએ છીએ. નાની નાની વાતમાં પણ સ્ટ્રેસ થવા મળે છે. વિપરીત સમયમાં ગભરાઈ જઈએ છીએ અને માનસિક શાંતિ ખોઈ બેસીએ છીએ. જ્યારે સારું ચાલતું હોય ત્યારે એકદમ
ખુશ જિંદગી જીવીએ છીએ પણ જેવી પરિસ્થિતિ બદલાય કે વિપરીત સમય ચાલુ થાય એટલે માનવી નસીબને દોષ દેવા લાગે છે. બધાએ એ હકીકત સ્વીકારવી જ રહી કે સારો સમય કે ખરાબ સમય અથવા તો સારા સંજોગો કે વિપરીત સંજોગો આપણા હાથની વાત નથી. નસીબને દોષ ન દેતા, આપણી જાતને બદલવી પડે તે સરળ સમાધાન છે. સંજોગો ઉપર મારો કે તમારો કે કોઈનો કંટ્રોલ નથી, પરંતુ આપણા મન પર કે જીવન પર આપણો કંટ્રોલ છે. વિપરીત સમયમાં પણ કેવી રીતે મગજને શાંત રાખવું અને એવી પરિસ્થિતિમાં પણ કેવી રીતે નવી તક ઊભી કરવી એ આપણા હાથની વાત છે.

એક વખત એક પિતાની યુવાન દીકરીએ ફરિયાદ કરતા કહ્યું ``ડૅડી, હું મારા જીવનથી કંટાળી ગઈ છું, સતત બદલાતા સંજોગો, હંમેશાં સ્ટ્રેસવાળું જીવન અને ક્યારે શું થાય તે નક્કી નથી હોતું અને હું બધી વાતે મનથી થાકી ગઈ છું. હું નિરાશ થઈ ગઈ છું અને જિંદગીથી કંટાળી ગઈ છું. મારી ઑફિસમાં સંજોગો બદલાતા જ જાય છે. માંડ સારા સંજોગો આવ્યા ત્યાં પછી નવી અડચણ ફરી ચાલુ થઈ જાય છે. મને સતત સ્ટ્રેસ રહે છે. હું શું કરું?"

યુવાન દીકરીની વાત સાંભળી પિતાએ વિચાર્યું કે મારે કોઈ એવી વાત ઉદાહરણ સાથે સમજાવવી જોઈએ જેથી મારી દીકરીને જિંદગીભરનું લેસન મળી રહે. પિતા એક હોટેલમાં હેડ કૂક તરીકે કામ કરતા હતા. તેઓ દીકરીને કિચનમાં લઈ ગયા. થોડીવારમાં તેમણે ત્રણ અલગ અલગ વાસણમાં પાણીને ગરમ કરવાનું ચાલુ કર્યું. તેમણે ગરમ પાણીમાં એક વાસણમાં બટાકા નાખ્યા, બીજા વાસણમાં ઈંડું નાખ્યું અને ત્રીજા વાસણમાં કૉફી નાખી. થોડીવાર ગરમ પાણીમાં ઉકાળ્યા પછી ત્રણે વાસણને ગૅસ પરથી નીચે ઉતાર્યાં અને પુત્રીને કહ્યું `‘જો, સૌપ્રથમ બટાકા તેના સ્વભાવ પ્રમાણે કેટલા હાર્ડ છે પણ ગરમ પાણીમાં બફાયા પછી એ એકદમ સૉફ્ટ થઈ જાય છે. એવી જ રીતે ઈંડું કેટલું બધું હાર્ડ છે પરંતુ વધારે પડતા ગરમ પાણીમાં એ પણ પોતાનો મૂળ ગુણ છોડી અંદરથી એકદમ પોચું બની જાય છે. જ્યારે કૉફીએ શું કર્યું કે આવી ગરમ પરિસ્થિતિમાં પાણીનો રંગ બદલી એમાં સ્વાદનો ઉમેરી કરી દીધો. હવે હું તને સમજાવું છું તે ધ્યાનથી સાંભળ. તારે એ શીખવું જોઈએ કે પરિસ્થિતિ ગરમ પાણી જેટલી કેમ વિષમ ન હોય, પરંતુ જો બટાકા અને ઈંડાં જેવું વર્તન રાખીશ તો અંદરથી પડી ભાંગીશ. એના કરતાં જો કૉફીની જેમ વર્તીશ તો, ગરમ પાણી જેવી વિષમ પરિસ્થિતિને પણ તકમાં ફેરવી તેનો રંગ બદલી અને સ્વાદ ઉમેરી શકીશ. જીવનમાં ચડાવ-ઉતાર તો આવતા જ રહેશે, તારા ઉપર છે પરિસ્થિતિને તું કેવી રીતે જુએ છે, જો તું દરેક પરિસ્થિતિમાં એક તકને શોધી કાઢીશ તો કૉફીની જેમ જીવનમાં પણ એક સુગંધ અને નવો નિખાર લાવી શકીશ.

પિતાની વાત પુત્રીને તુરંત જ સમજાઈ ગઈ. તે પિતાને તુરંત જ ભેટી પડી અને કહ્યું `'પિતાજી, તમે મને જિંદગીનો શ્રેષ્ઠ પાઠ શીખવાડ્યો અને હવે તેનું હું અનુકરણ કરીશ.''



જીવન એટલે વિકાસરૂપી પથ પરની યાત્રા!
વિવિધ વ્યક્તિઓ તથા પરિસ્થિતિમાંથી શીખવાની પ્રક્રિયા.
જીમ હેન્સન
[અમેરિકાના પ્રસિદ્ધ કલાકાર]

ધંધાની નિષ્ફળતા માટે મને જો ફક્ત એક જ કારણ પૂછવામાં આવે,
તો હું કહીશ કે દૂરંદેશીનો અભાવ!
જીમ સિનેગલ
[કોસ્ટકો નામની કંપનીના સી.ઈ.ઓ.]

35

મંજિલ સુધી પહોંચવા માટે સહકારની ભાવના કેળવો

તમે જ્યારે ભરચક ટ્રાફિકમાં હો ત્યારે અનુભવ્યું હશે કે તમારા વ્હીકલની આગળ નીકળવા માટે લોકો ભરચક પ્રયત્ન કરતા હોય છે. એક વખત એવી પરિસ્થિતિ આવે કે થોડી જગ્યામાંથી તમારું વ્હીકલ આગળ નીકળી શકે અથવા તો બીજાનું. આવા વખતે તમે તમારું વાહન ઊભું રાખીને બીજાનાં વાહનોને જવાનો રસ્તો કરી આપો અને તેનાથી જે ઉપકારભર્યું જે સ્મિત તમે મેળવો આનાથી તમને અનોખો આનંદ અને સંતોષની લાગણી ઊભી થાય છે.

આ બહુ નાની વાત છે પરંતુ પાવર ટુ કૉઓપરેટનું આ સુંદર ઉદાહરણ છે. કૉર્પોરેટ કલ્ચરમાં પણ ઘણી વખત આવા અનેક ઉદાહરણ જોવા મળે છે. બે સિનિયર લીડર્સ પોતાના ઇગોને લીધે મિટિંગમાં એકબીજાને નીચે પાડવાનો મોકો શોધતાં હોય છે. એવી કોઈ બાબત કહેવાથી મિટિંગમાં બીજાને નીચાજોણું થાય એવો લોકો મોકો શોધતા હોય છે. પરંતુ એવા પણ લીડર છે કે જે એકબીજાને સ્પેસ આપે અને બીજાએ કંઈ સારું કર્યું હોય તેના પબ્લિકમાં વખાણ કરે ત્યારે રિયલ લીડરશિપ જોવા મળે છે. કોઈ બાબતમાં મિટિંગમાં કોઈ ચર્ચા ચાલતી હોય અને એક લીડર બીજા લીડરને મોકો આપીને તેની વાત કરવા દે અને તેની વાત સાથે સહમત થાય ત્યારે પાવર ટુ કૉઓપરેટની ફીલિંગ્સ જોવા મળે છે. બીજાની વાતમાં કોઈપણ ઇગો રાખ્યા વગર સહમતી આપે છે તે જ ખરા અર્થમાં લીડર છે અને સમયની સાથે આ જ લીડર મહત્ત્વનું સ્થાન મેળવે છે.

પાવર ટુ કૉઓપરેટ એ એવી બાબત છે કે તમને સારી વ્યક્તિ બનાવે છે. આનો પાયાનો સિદ્ધાંત એ છે કે એકબીજાને સહકાર આપવો અને બંનેને ફાયદો થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું. જે વ્યક્તિ કોઈપણ પ્રકારની નબળી માનસિકતામાંથી બહાર આવી બીજાને સહકાર આપે છે તે જલદીથી સફળ વ્યક્તિ બને છે, કારણકે આનાથી તેનું હૃદય એકદમ સાફ છે એવી પ્રતીતિ લોકોને થાય છે. સરળ દિલની વ્યક્તિ હોવું અને દરેકને સહકાર આપવો એ ઉત્તમ લીડરનું લક્ષણ છે. અત્યારે એવું કહેવાય છે કે જે લોકો જબરા હોય તેમનો જમાનો છે, પરંતુ આ બાબત ઓલ્ડ સ્કૂલ ઑફ થોટ છે. જે લોકો નબળી માનસિકતા, સેલ્ફ સેન્ટર્ડ હોય છે તે કદી સારા લીડર બની શકતા નથી અને તેમને લાંબાગાળાની સફળતા મળતી નથી. જે લોકો બીજાને સહકાર આપી ટીમમાં સામેલ થઈ કામ કરી શકે છે તે લાંબા ગાળે તેમના જીવનમાં સફળ અને શ્રેષ્ઠ બને છે.

જો તમારે પાવર ટુ કૉઓપરેટનું અનુભવ કરવો હોય તો નીચેની બાબતોનું પાલન કરો.

- બીજાને મદદ કરવી અને પોતાની જીત નક્કી કરવી એ સિદ્ધાંત ઉપર ચાલો. બહુ સરળ છે. એક વખત પ્રયત્ન કરો.
- જ્યારે બીજાને સહકાર આપવાની વાત આવે ત્યારે ખુલ્લા દિલે સાથ આપો, કારણકે એટલું નક્કી છે કે આમ કરવાથી સફળ તો તમે જ થશો.
- ઇગો રાખવો નહીં. જો તમે સામેની વ્યક્તિને સમજવાની સ્કિલ્સ ડેવલપ કરશો તો તમે સારા નરસાના ભેદ તમને તુરંત જ ખબર પડશે.



બિઝનેસ પણ એક પ્રવાસ જ છે. જે સતત ચાલ્યા જ કરે છે.
જીમ સ્કીનર
[મેકડૉનાલ્ડના સી.ઈ.ઓ.]

મારી કંપનીમાં નિવૃત્તિની કોઈ જ વયમર્યાદા નથી...
જો કર્મચારીનું સ્વાસ્થ્ય સારું હોય, તથા તેનામાં કામ કરવાની શક્તિ
હોય તો તે ઇચ્છે ત્યાં સુધી કાર્ય કરી શકે છે.
જ્હોન જ્હોન્સન
[જ્હોન્સન પ્રકાશ કંપનીના સ્થાપક]

36

દુનિયા આપણે ઈચ્છીએ તે કરવા બંધાયેલી નથી

મ નુષ્ય જન્મે એ પ્રભુની દેન છે, પરંતુ માનવી જેમ જેમ મોટો થતો જાય છે, તેમ તેમ જીવનની ગૂંચમાં ફસાતો જાય છે. એક મહત્ત્વકાંક્ષા હાંસલ કરે છે સાથે બીજી મોટી મહત્ત્વકાંક્ષા હાંસલ કરવાની હરીફાઈમાં જોડાઈ જાય છે. નાની મોટી હરીફાઈમાં માનવી માનસિક અશાંતિના વમળમાં ફસાઈ જાય છે ને આખરે 24 કલાક તનાવગ્રસ્ત પરિસ્થિતિમાં રહે છે.

જ્યારે મનુષ્ય તનાવમાં હોય ત્યારે પ્રભુને પ્રાર્થના કરે છે અને પોતાની ઇચ્છા પ્રમાણેનું બધું થાય તેવી આશા રાખે છે. પરંતુ આવું થતું નથી. એક દૃષ્ટાંત જોઈએ :

એક દિવસ અકબર બાદશાહને સત્તાના મદમાં પોતાની જાત ઉપર ખૂબ જ ગર્વ થયો. બાદશાહ વિચારતા હતા કે જગતમાં મારા જેવું બીજું કોઈ છે જ નહીં. દરબાર ભરાયો. દરેકને બાદશાહ એક જ વાત કહે. જે જગતમાં ભગવાન કશું ન કરી શકે તે હું કરી શકું છું અને ઈશ્વર કરતાં પણ મારામાં વધુ શક્તિ છે. દરબારીઓ હાએ હા કરતા હતા કારણ કે જો એમ કહે કે તમારી વાત અયોગ્ય છે, તો બાદશાહને ખોટું લાગે.

દરબારીઓની હાલત સૂડી વચ્ચે સોપારી જેવી હતી. થોડીવાર પછી દરબારમાં બિરબલ આવ્યો. બાદશાહે બિરબલને પણ એમ જ કહ્યું : બિરબલ સમજી ગયો કે બાદશાહના મનમાં ગર્વ થયો છે. તેથી તેણે વિચાર કર્યો કે બાદશાહને કંઈક એવું કરવું કે તેમનો ગર્વ ચૂર ચૂર થઈ જાય અને બાદશાહ ગુસ્સે પણ ન થાય. આમ વિચારી બિરબલ તત્કાળ બોલ્યોઃ ``જહાપનાહ, તમે જે કહો તે સત્ય છે." બાદશાહે કહ્યું કે, ``તો સાબિત કરી બતાવ."

બિરબલે હસતાં હસતાં કહ્યું : ``જહાંપનાહ! જો તમે કોઈ મનુષ્ય પર ગુસ્સે થઈ જાઓ તો દેશનિકાલની સજા કરી શકો, પણ પરમેશ્વર દેશનિકાલની સજા કરવા શક્તિમાન નથી. કારણ કે સૃષ્ટિ માત્રને રચનાર પરમેશ્વર એક જ છે અને આખી સૃષ્ટિનો ધણી પરમેશ્વર છે. તેથી દોષિતને હદપાર ક્યાં કરવો!!"

આ સાંભળી બાદશાહનો ગર્વ તુરંત જ ઓગળી ગયો અને ફરીથી ધગશથી પોતાની મહેનતથી દેશને ચલાવવાનું કામ કર્યું.

કહેવાનું તાત્પર્ય એ છે કે, ``દુનિયાનું સર્જન કરનાર ઈશ્વર છે અને ઈશ્વર તમે જ્યારે ઇચ્છો ત્યારે તમને ગમતું કરવા તૈયાર નથી.''

આથી ઉદ્દેશ એટલો જ લેવા જોઈએ કે, આપણું કાર્ય ખુદ જ જાત મહેનતથી કરવું. કોઈ અપેક્ષા કે ગર્વ સાથે કરવામાં આવેલ કાર્ય કોઈ કારણથી નિષ્ફળ જતાં મનુષ્યને માનસિક આઘાત લાગે છે. આથી તમારું કાર્ય ખૂબ જ લગન અને ધ્યેયથી કરો. સફળતાની આશા તમે ભગવાન પર છોડો. જો તમે ખૂબ જ ખંત અને ધીરજપૂર્વક કાર્ય કરેલું હશે તો તમને ચોક્કસ સફળતા મળશે.

જીવનમાં મહત્ત્વકાંક્ષા જરૂરી છે, પરંતુ મનની અશાંતિના ભોગે નહીં. જીવનમાં આપણે જે ધારીએ તે બધું થાય તે જરૂરી નથી માટે અપેક્ષા રહિત કાર્ય કરો અને આગળ વધો. ગર્વ ન કરવો અને દુનિયામાં આપણે ઇચ્છીએ તેમ જ થાય તેવું કદી વિચારવું નહીં.

*

`આ કામ તારાથી ન થાય' -- એવું કહેનારથી દૂર જ રહેજો.
જ્હોન ઇલ્હાન
[મોબાઇલ ફોન રિટેઇલર]

પ્રભુ પ્રત્યે મને અપાર શ્રદ્ધા છે. વળી, મારા કુટુંબે મારામાં એવાં સંસ્કારનું સિંચન કર્યું છે, કે હું ગમે તે સંજોગોમાંય સામે પ્રવાહે તરીને ટકી શકી છું.
કેથી આયર્લેન્ડ
[મૉડલ તથા ઉદ્યોગ સાહસિક]

37

મનની મુક્તિ પામી – બહેતર જિંદગી જીવવાનો પ્રયત્ન કરો

માણસ હંમેશાં મનની વિટબણાંઓમાં ફસાયેલો રહે છે. મન ચંચળ છે. માણસની પ્રગતિમાં વિરોધક બની રહે છે. જે વ્યક્તિ મનની મુક્તિ પામે છે તે શ્રેષ્ઠ જિંદગી જીવી શકે છે. જો તમે હકારાત્મક રીતે મનની વિટંબણાંઓમાંથી મુક્તિ પામો તો તમારું મન સર્જન માટે મુક્ત બને છે અને પોતાની રીતે જીવવાથી સારી મુક્તિનો અનુભવ થાય છે.

મનુષ્યનું મન તેને નબળું પાડે છે. હંમેશાં નકારાત્મક વિચારોથી ઘેરાયેલું રહે છે. 1000 વિચારોમાંથી માંડ પાંચ વિચાર હકારાત્મક હોય છે. મહાન આધ્યાત્મિક ગુરુ ઓશોના જણાવ્યા પ્રમાણે ‘મુક્તિ એટલે પ્રચંડ જવાબદારી, જે ક્ષણે વ્યક્તિ પોતાની સંપૂર્ણ જવાબદારી લે છે તે જ ક્ષણે તે મુક્ત બને છે. મનની મુક્તિ એટલે માત્ર સુખ છે, મુક્તિ એ મીઠાશ છે અને મહાન બનવાની હિંમત આપે છે.

જીવનમાં શ્રેષ્ઠતા લાવવા માટે મનની મુક્તિમાંથી બહાર આવી સર્જનાત્મક બની ઉત્તમ જીવન જીવી શકાય છે. એક નાનકડું દૃષ્ટાંત જોઈએ :

એક નદીકિનારે સંત તપ કરતાં હતા. એટલામાં મનની વિટંબણાઓથી તનાવગ્રસ્ત આદમી તેમની પાસે આવ્યો, પગે લાગ્યો અને બોલ્યો, ‘`આપને ખલેલ ન થતી હોય તો મને માનસિક શાંતિ મળે તેવું કંઈ સૂચન આપવા મહેરબાની કરો." સંતે પોતાની આંખો મીંચી દીધી અને શાંતીથી બેસી રહ્યા. પેલા માણસે પોતાનું ડોકું ધુણાવ્યું. મનમાં બબડ્યો, `આ માણસ પાગલ દેખાય છે. હું તેને સવાલ પૂછું છું અને જવાબ આપવાને બદલે પોતાની આંખો મીંચી દે છે.’ તેણે સંતને હચમચાવ્યા અને પૂછ્યું `‘મારા સવાલનો જવાબ શું છે?" ગુરુએ કહ્યું ``જવાબ તો મેં આપી દીધો. શાંતિથી બેસી રહો. કંઈ જ કરશો નહીં. ઘાસ એની મેળે ઊગી નીકળે છે. આપણે કંઈ ઉગાડવું પડતું નથી બધું થઈ પડશે. તું શાંતિથી બેસ, શાંતિને માણ્યા કર."

માણસ બોલ્યો : ``હું આટલી બધી માનસિક વિટંબણા અને અશાંતિથી ઘેરાયેલો છું અને આપ મને શાંતિથી બેસી રહેવાનું કહો છો?"

સંતે તેને એટલું જ કહ્યું, ``ભાઈ, તું શાંતિ રાખ. તારી જાત માટે થોડુંક જીવવાનું રાખ, ધ્યાન કર, બહારી દુનિયામાંથી તારી અંદરની દુનિયામાં પ્રવેશ કર અને મનને પહેલાં તું શાંત કર. તું તારા મનને મુક્તિ આપ તો તને અથાક માનસિક શાંતિનો અનુભવ થશે.

તે વ્યક્તિ ખૂબ જ પ્રસન્ન થયો અને તરત જ તે નદીકિનારે ધ્યાન ધરી પોતાના મનની મુક્તિ પામવાના પ્રયત્નોમાં લાગી ગયો.

કહેવાનું તાત્પર્ય એ છે કે, આપણે જ આપણી સમસ્યાનો રસ્તો કાઢવાનો છે. અનેક સમસ્યાઓથી ઘેરાયેલો હોવા છતાં દુ:ખણા રોવાથી કંઈ ફરક પડવાનો નથી. આપણા ચલિત મનને બાહરી સમસ્યાઓથી ઘેરાઈ ગયેલું છે તેને યોગ્ય રીતે ધ્યાન ધરી મનની મુક્તિ પામી શાંત જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પ્રત્યેક વ્યક્તિએ પોતાના નિરીક્ષક બનવું પડશે તો જ તે મનની મુક્તિ પામી શકશે. જાતે નિરીક્ષક બની પહેલાં પોતાને પામો, આ બોજ તમને અને તમારા આસપાસના વાતાવરણને બદલી નાખશે. જે દિવસે હું વિચારીશ કે આપણી આસપાસ બનતી ઘટનાઓ અને

સમસ્યાઓ માટે હું ખુદ જવાબદાર છું અને મારે જ તેની સંપૂર્ણ જવાબદારી લેવી જોઈએ, તે દિવસથી તમે મનની મુક્તિના પ્રથમ દ્વાર તમારા માટે ખોલી શકશો.

આટલું કરો :

- મનની મુક્તિ અને માનસિક શાંતિ માટે પ્રથમ પોતાની જાત સાથે સંવેદના અનુભવવાનું અને સંવાદ કરવાનું ચાલુ રાખો. જે તમને તમારા માનસિક દૃષ્ટિકોણને હકારાત્મક તરફ વાળવાની કોશિષ કરશે.
- બીજા લોકોને લીધે હું અને મારું મન હંમેશાં દુઃખી રહે છે. આ વહેમ મગજમાંથી કાઢી નાખો. હું પોતે જ મારી અને મારા મનની જવાબદારી લઉં છું ને હું જ મારા મનને આ પ્રકારની માનસિક અશાંતિમાંથી બહાર કાઢીશ તેવું મગજમાં ઠશાઈ દો.
- તમારી આસપાસનું બાહ્ય વાતાવરણ તમારા મનને અશાંતિના વમળોમાં ફસાવવાનું કાર્ય કરશે. તમે તમારા મનને વધુ મજબૂત ને શાંત બનાવી આ બાહ્ય પરિબળોથી મુક્તિ પામી શ્રેષ્ઠ જીવન જીવી શકો છે.
- મનની મુક્તિ પામો અને મનને તમારા કાબૂમાં રાખો. હંમેશાં શાંત રહો અને માનસિક શાંતિના પ્રયાસ ચાલુ રાખો. તમે પોતે જ તમારી માનસિક શાંતિ માટે જવાબદાર છો બીજું કોઈ નહીં.
- હંમેશાં શાંત ચિત્તે ધ્યાન ધરો. ધ્યાન તમને તમારા મનની મુક્તિ અપાવશે.



એકધાર્યાપણાથી સંતોષ પામવાથી પ્રગતિ ન થાય.
કેત્સુઆકી વૉટાનાબે
[ટોયોટાના પ્રૅસિડેન્ટ]

તમારી જાતને એક પ્રશ્ન પૂછ્યા જ કરજો... કે સફળતા મેળવવા માટે
તમે કેટલો ભોગ આપવાની તૈયારી ધરાવો છો?
લેરી ફ્લિન્ટ
[હસલર કૉર્પોરેશનના પ્રણેતા]

આંધળો ખર્ચ ન કરી કાઢો. કમાઓ નહીં ત્યાં સુધી ખોટા ખર્ચથી દૂર રહો
તથા આકરી મહેનત કરો. બસ, આટલું હંમેશ યાદ રાખજો.
લિલિયન વર્નોન
[કૅટલૉગ બિઝનેસવુમન]

38

નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાન – કહેવતે ભારતીય ઉદ્યોગોને ભારે ખોટ અપાવી છે

ભારતીય ઉદ્યોગ હાલ કઈ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. ભારતના જીડીપીમાં ગયા વર્ષની સરખામણીમાં વર્ષે નોંધપાત્ર ઘટાડો થયો છે. કંપનીઓના નફાનો ગ્રાફ નીચે જઈ રહ્યો છે. ઘણી નાની મોટી કંપનીઓ નફો કરતી કંપનીમાંથી ખોટ કરતી કંપનીમાં પરિવર્તીત થઈ રહી છે. વિદેશી કંપનીઓનું નબળું મૂડીરોકાણ અને બૅન્કોનું સંકુચિત વલણ પરિસ્થિતિને વધુ કપરી બનાવી રહ્યું છે.

બજારોના નિષ્ણાતો મહદ્અંશે સરકારની આર્થિક નીતિ અને દૂરંદેશીતા અને આ પરિસ્થિતિ માટે મુખ્ય જવાબદાર પરિબળો તરીકે માની રહ્યા છે. પરંતુ મુખ્ય મુદ્દો એ છે કે આ પરિસ્થિતિ માટે ભારતીય કંપનીઓ ખુદ કેટલી જવાબદાર છે. મોટાભાગના ભારતીય કંપનીઓના માલિકો.

- નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાનને કહેવતને અનુસરી રહ્યા છે. એટલે કે વધુ પડતી મહત્ત્વકાંક્ષા વધુ પડતા ગ્રોથનું લક્ષ્ય રાખી કંપની ઘોર ખોદી રહ્યા છે.
- મોટાં લક્ષ્યાંકો રાખી, વધુ પડતાં પ્રૉફિટને હાંસલ કરવાના ગાંડા ધ્યેયને કારણે કંપનીઓ એક મોટા ચક્રવ્યૂહમાં ફસાઈ રહી છે. લેન્કો, સુઝલોન, કિંગફીશર વગેરે કંપનીઓ આના તાજા ઉદાહરણ છે.
- કંપનીનું મૅનેજમૅન્ટ ન આંબી શકાય તેવા ગ્રોથનું લક્ષ્યાંક રાખે છે. તેના લીધે ગ્રોથ તો થતો નથી, પરંતુ ઑર્ગેનાઇઝેશનના રિસોર્સિસ અને ખર્ચાઓ ટાર્ગેટને લક્ષમાં રાખીને વપરાય જાય છે. જેથી કંપનીના 'કેશ ફ્લો'માં જબરજસ્ત અવળી અસર થાય છે.
- ભારતીય ઉદ્યોગપતિ મોટા ભાગે વધુ પડતા મહત્ત્વકાંક્ષી હોય છે. તેઓ હંમેશાં 30થી 40 ટકા ગ્રોથનો ટાર્ગેટ રાખે છે. પ્રૉફિટમાં 20થી 30 ટકાનો ટાર્ગેટ રાખતા હોય છે. હાંસલ કરી શકાય તેવો ટાર્ગેટ અને મૂર્ખાઈભર્યા ટાર્ગેટ વચ્ચે મોટું અંતર હોય છે. આવા અવળા નિર્ણયો ભારતીય ઉદ્યોગપતિઓને ભારે પડ્યા છે.
- આવા ટાર્ગેટને હાંસલ કરવા કંપની માનવસંસાધન અને બીજા ખર્ચાઓ વધારે છે. આથી પ્રતિકૂળ સંજોગો શરૂ થતાં આવી કંપનીઓ મુશ્કેલીમાં મુકાઈ જાય છે. આ પરિસ્થિતિમાં કેટલીક ભારતીય કંપનીઓ હજુ અડીખમ ઊભી છે. દા.ત. એલ ઍન્ડ ટી, ટાટા, રિલાયન્સ, સીપ્લા વગેરે. આ બધી જ કંપનીઓને બજારમાં પ્રતિકૂળ સંજોગોની અસર નથી એનાં કારણો આ મુજબ છે.
- આ કંપનીઓ વધુ પડતા મહત્ત્વકાંક્ષી ટર્નઑવરનું ટાર્ગેટ ન રાખતા, ફક્ત 10થી 15 ટકાના ગ્રોથનો આગ્રહ રાખે છે.
- સંપૂર્ણ વૈજ્ઞાનિક રીતે બજારોનું, સરકારી આર્થિક નીતિઓ અને તેના કારણે પોતાની કંપની પર પડનારી અસરનું પૃથ્થકરણ વર્ષના આરંભે જ કરવામાં આવે છે. જેથી કંપની કોઈપણ પ્રકારના પ્રતિકૂળ સમયમાં પણ માનસિક રીતે પ્રતિકાર આપવા સજ્જ હોય છે.

• આવી કંપનીઓનું માર્કેટિંગ – કોઈપણ એક પ્રકારના કસ્ટમર કે ઇન્ડસ્ટ્રી પર આધારિત હોતું નથી. જો એક કસ્ટમર નિષ્ફળ જાય તો પણ તેમનો બેકઅપ પ્લાન હંમેશાં તૈયાર જ હોય છે.
• વાજબી ટર્નઓવરના ગ્રોથનું લક્ષ્ય રાખવાથી કંપની પોતાનાં ખર્ચાઓ પણ સમયાંતરે નિયંત્રિત કરતી રહી હોય છે. જેથી કંપનીઓને આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડતો નથી.

ટૂંકમાં આજના સમયનો એક જ મંત્ર છે, છાશ ફૂંકી ફૂંકીને પીવી.... મોટા ટાર્ગેટનું લક્ષ્ય ન રાખતા જે છે તેને જાળવી રાખવું. નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાન – કહેવતને થોડો સમય માટે જતી કરવી.

જો આટલું ભારતીય ઉધોગપતિ કરશે તો જ આ કપરા સમયમાં પોતાની સંસ્થાનું હિત જાળવી રાખી શકશે.



મારી કંપનીની સફળતાથી તથા વિકાસથી હજી મને સંતોષ તો નથી જ.
હું મારા કર્મચારીઓને સતત યાદ કરાવતો રહું છું કે સંતોષમાં ન ડૂબી જાઓ.
લિન્ડસે-ઑવેન જોન્સ
[`લોરિયેલ' કંપનીના ચૅરમૅન તથા સી.ઈ.ઓ.]

તમારી પ્રોડક્ટ ખરાબ હશે તો તમે દસ વર્ષથી વધુ નહીં ટકો.
તમે કાંઈપણ કામ કરતા હો, ભણાવતા હો કે વેચતા હો. શ્રેષ્ઠ કરો.
માર્થા સ્ટુઅર્ટ
[ટેલિવિઝન તથા મીડિયા પર્સનાલિટી]

39

તમે જેવું માનશો તેવું જ થશે...

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. તે તેની આસપાસનું વર્તુળ અને તેના આધારે રચાયેલી આભામાં જ હોય છે. તે તેના સામાજિક અને ધંધાદારી વર્તુળોમાં રહેલા લોકો પ્રત્યે ચોક્કસ પ્રકારના અભિપ્રાયો ધરાવે છે. આ અભિપ્રાયોમાં તેની સમજ, અનુભવ તથા વિચારસરણી મહત્ત્વનો ભાગ ભજવે છે. આના કારણે તેના મગજમાં એક ચોક્કસ નકશો કંડારાયેલ છે અને આ જ નકશો માનવીની ધારણા તથા અભિપ્રાયોમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ નકશાઓ ઘણી વાર અન્ય વ્યક્તિઓ ઉપર તમને વિશ્વાસ કરતાં રોકે છે. તેની પાછળ મગજમાં પહેલેથી કંડારાયેલા નકશા જ છે. તમારી માન્યતા તેના ઉપર વિશ્વાસ કરતાં રોકે છે. માનવીએ પોતાની માન્યતા બદલવા માટે પોતાની વિચારસરણી અને ખ્યાલોને બદલવા પડશે નહીં તો તમે જેવું માનશો તેવું જ થશે અને કંઈક નવીન થશે નહીં.

એક નાનકડો પ્રસંગ યાદ આવે છે. એક શાળામાં ખોટા પ્રોગ્રામિંગના કારણે અભ્યાસના એક સત્રમાં હોંશિયાર બાળકને બુદ્ધુ અને બુદ્ધુ બાળકને હોશિયાર ગણાવ્યા. આ કમ્પ્યૂટરના અહેવાલના આધારે શિક્ષકો વર્ષની શરૂઆતમાં પોતાના વિધાર્થીઓ અંગેની પ્રાથમિક માહિતી પ્રાપ્ત કરતા હતા. વળી વિધાર્થી અંગેના ખ્યાલો પણ અહેવાલના આધારે જ બંધાતા હતા.

અચાનક જ છ મહિના પછી વ્યવસ્થાપકોને ગોટાળા વિશે ધ્યાન પડ્યું. તેમણે તરત જ કશું કહ્યા વિના ગોટાળાનાં શાં પરિણામ આવ્યાં છે તેનો અભ્યાસ કરવાનું નક્કી કર્યું. તેમણે શાળાના વિધાર્થીઓનું સર્વેક્ષણ કર્યું. તેઓ તેમનાં પરિણામોથી ચોંકી ઊઠ્યાં. જે બાળકો ખરેખર હોંશિયાર હતા તેઓ ખોટા અહેવાલના કારણે ઠોઠ બની ગયા. જ્યારે જેઓ અભ્યાસમાં ખરેખર નબળા હતા તેઓ હોંશિયાર જણાયા હતા. આમ કેમ બન્યું તેની તપાસ કરતાં એવું માલૂમ પડ્યું કે શિક્ષકોનો તેમની સાથેનો વ્યવહાર ફેરફાર માટે મુખ્ય કારણભૂત હતો.

જેઓ ખરેખર નબળા હતા તેમની સાથે શિક્ષકોએ હોંશિયાર વિધાર્થી તરીકેનો જ વ્યવહાર કર્યો. છ મહિનાના વર્તાવમાં ઘણો ફરક પડી ગયો. શિક્ષકોની આશા, અપેક્ષાઓ, તેમના મગજમાં નકશાઓ બાળકોના વર્તન ઉપર ખૂબ જ અસર કરી ગયા અને નબળા વિધાર્થીઓ હોંશિયાર થવા લાગ્યા. બીજી તરફ હોંશિયાર વિધાર્થીઓ પ્રત્યે શિક્ષકોના જુદા વર્તાવથી તેમના અભ્યાસ ઉપર ખરાબ અસર પડી અને તેમનું પરિણામ નબળું આવ્યું.

આ ઉદાહરણથી કહેવાનું તાત્પર્ય એ છે કે તમારા વિચારો, વર્તન સામેની વ્યક્તિને હોંશિયાર કે નબળી બનાવી શકે છે. તમારી માન્યતાઓ સામેવાળી વ્યક્તિને સફળ કે નિષ્ફળ બનાવી શકે છે.

જેમ બાળકો વિધાર્થીઓ માટે બન્યું તેમ સંસ્થાના કામ કરતા કર્મચારીઓ સાથેના વર્તનના કારણે પણ તેમની ઉત્પાદકતા ઉપર અસર પડતી હોય છે. કર્મચારીઓનું પર્ફોર્મન્સ વધારવા માટે કેટલાંક સૂચનો રજૂ કરું છું.

- કોઈપણ કર્મચારીનો દેખાવ સંસ્થામાં નબળો હોય તેમ છતાં તમે જો તેનામાં વિશ્વાસ વ્યક્ત કરશો તો તેવું બનશે કે તેનામાં ચોક્કસ સારો દેખાવ કરવાની ક્ષમતા હતી, માત્ર અભાવ

હતો આત્મવિશ્વાસનો. તેને પીઠબળ પૂરું પાડવાથી તેના દેખાવમાં ધરખમ ફેરફાર આવી ગયો.

- એક લીડર તરીકે તમારામાં અથવા તમારા માનસપટલના નકશામાં કોઈ માન્યતા તરીકે તમારામાં અથવા તમારા માનસપટલના નકશામાં કોઈ માન્યતા કે પૂર્વધારણા કોઈ કર્મચારી માટે ઘર કરી ગઈ હોય તો તેને દૂર કરો. તમારા સહકર્મચારી કે તમારી હાથ નીચેના કર્મચારી ઉપર વિશ્વાસ મૂકવાનું પસંદ કરો. આનાથી ચોક્કસ લાભદાયી પરિણામો હાંસલ થશે.
- એ વાત ચોક્કસપણે નિશ્ચિત છે કે તમે જેવું માનશો, જેવી ધારણા બાંધશો તેવું જ બનશે એટલે હંમેશાં હકારાત્મક રીતે લોકોને મૂલવવાનું રાખો. તમારી દૃષ્ટિ અને માન્યતામાં હકારાત્મકતા હશે તો બધું જ સમુંસૂથરું પાર ઊતરી જશે.



જિંદગી જીવવા માટે ધ્યેય, ધગશ તથા એક ચોક્કસ કારણ જરૂરી છે.
મેરી કે ઍશ
[મેરી-કિ કૉસ્મેટિક્સના સ્થાપક]

કાયદા-કાનૂનની સીમાઓને ઓળંગીને કરાતું
શક્તિ પ્રદર્શન ખરેખર ખૂબ જ ભયજનક છે.
મિખાઇલ ખોદોર્કોવસ્કી
[રશિયાની પેટ્રોલિયમ કંપની `યુકોસ'ના સી.ઈ.ઓ.]

40

શું જોઈએ છે તે જાણો

એક જ પ્રવાહમાં ચાલવાને બદલે વિશેષ કરી છૂટવાની તમન્ના ધરાવતા જૂજ લોકો સમાજમાં હોય છે. સામા પ્રવાહે જ આગળ વધવું કે વહાણ ચલાવવાનું મજબૂત માનસિક મનોબળ આના માટે જરૂરી છે. ખરેખર તો લોકોને એ જ સમજ નથી પડતી કે તેમને જોઈએ છે શું? દરેક વ્યક્તિએ પોતાના વિશે આત્મમંથન કરવાની જરૂર છે.

ભારતમાં શ્રેષ્ઠ માનવસંસાધન ઉપલબ્ધ છે, સારી સ્કિલ ધરાવતા કર્મચારીઓ માટે સુંદર તકો પણ છે, પરંતુ મોટા ભાગના ભારતીય કર્મચારીઓમાં એક વસ્તુનો અભાવ પ્રવર્તી રહ્યો છે તે એ છે કે તેમને તેમની મંજિલનો ખ્યાલ નથી. જિંદગીમાં તેઓ શું કરવા માગે છે તે દિશામાં તેમણે ક્યારે મનોમનંથન કર્યું નથી. એક ગાડરિયા પ્રવાહની જેમ કરોડો કર્મચારીઓ સાથે ટિફિન લઈને સવારે ઘરેથી નીકળી પડે છે અને સાંજે ઘરે પાછા ફરે છે. સવારે કામે જવું, કામ કરવું, સાંજે પાછા ફરવું એનાથી વિશેષ કશું કરવા તેઓ માગતા નથી.

તેમની જિંદગીનું ધ્યેય શું છે? તેઓ તેમના ધ્યેયપથ ઉપર આગળ વધી રહ્યા છે કે ત્યાં જ ઊભા છે કે પછી ઊલટી દિશામાં જઈ રહ્યા છે તેનું મનોમંથન કરવાની તેમનામાં કાં તો સૂઝ નથી અથવા તો કરવા માગતા નથી અથવા આ સવાલો તેઓ પોતાની જાતને પૂછી શકતા નથી. આના કારણે કર્મચારીઓ પોતાના માટે ઊભી થયેલી શ્રેષ્ઠ તકો જતી કરતા હોય છે અથવા ગુમાવી દેતા હોય છે.

બીજી તરફ બહુ જૂજ લોકોનો સમૂહ છે કે જે તેમની જિંદગીના ધ્યેય માટે ચોક્કસ હોય છે. તેમને ખ્યાલ છે કે મારે શું કરવું જોઈએ. હું શું કરવા માગું છું. આવા જ લોકો પોતાના જીવનને સાર્થક બનાવી શકતા હોય છે. ઘણી વખત આપણે સાંભળતા હોઈએ છીએ કે કેટલું જીવ્યા એ મહત્ત્વનું નથી, કેવું જીવ્યા એ મહત્ત્વનું છે.

એક દાખલો જોઈએ. હાલમાં નોકરી ડોટકૉમ સાથે સંકળાયેલું નામ છે સંજીવ બીખચંદાની, તેની વાત કરીએ. એક સામાન્ય ઘરના ફરજંદ, મહેનત કરવાની તથા જીવનમાં કંઈક કરવાની ધગશ એ જ એની જમા પૂંજી. માત્ર 12 વર્ષની ઉંમરે તેણે નક્કી કરી લીધું કે કંઈક આગવું કરવું, ધંધો કરવો પણ નોકરી તો ન જ કરવી.

આઇઆઇએમ અમદાવાદથી એમ.બી.એ.ની ડિગ્રી લઈને જ્યારે બહાર નીકળ્યા ત્યારે વિશ્વભરની કંપનીઓએ તેમને આકર્ષક પગારની નોકરીની ઑફર કરી, પરંતુ સંજીવનું ધ્યેય અલગ હતું. તેમણે શરૂઆતમાં બે-ત્રણ ધંધા કર્યા, પણ તેમાં સફળતા મળી નહીં. એ પરિસ્થિતિમાં નક્કી કરવું અઘરું થઈ ગયું કે નોકરી ચાલુ કરવી કે ધંધો ચાલુ રાખવો. લાંબા સમયના મનોમંથન પછી તેમણે નક્કી કર્યું કે જીવનપથ જે માત્ર 12 વર્ષની ઉંમરે નક્કી કર્યો હતો તેમાંથી વિચલિત થયા વિના ધંધો ચાલુ રાખવો.

જ્યારે ઇન્ટરનેટની શરૂઆત થઈ ત્યારે તેમણે આ ધંધામાં ઝંપલાવ્યું અને ધીરે ધીરે ઍપૉઇન્ટમૅન્ટ એડની જાહેરાત ઇન્ટરનેટના માધ્યમથી નૌકરીડોટકોમના નામે શરૂ કરી. નાનીમોટી નિષ્ફળતાઓ સામે ડગ્યા વિના તેમણે પોતાના નવા સાહસને વ્યાપક બનાવ્યું. આજે સ્થિતિ એવી છે કે નોકરી ડોટકોમ ભારતમાં નોકરી મેળવવાનું ઉત્તમસાધન બની ગયું. જો તમે જીવનનું ધ્યેય નક્કી કરીને તેમાં આગળ વધશો તો દુનિયાની કોઈ તાકાત તમારા માર્ગમાં

આવશે નહીં.

• રોજિંદા જીવનમાંથી બહાર આવો. થોડો બ્રેક લો. આત્મમંથન કરો. જાતને પૂછો કે તમે જે અત્યારે કરી રહ્યા છો તેનાથી સંતુષ્ટ છો. જો તમારો જવાબ ના હોય તો તમારી જિંદગીની દિશા સ્પષ્ટ કરો.
• જિંદગીમાં લક્ષ્યાંક રાખો, જે તમને હંમેશાં યાદ અપાવશે કે તમારે ક્યાં પહોંચવાનું છે. લક્ષ્યાંક નક્કી થયા પછી તેને પામવાનો પથ નક્કી કરો. આ પથને હંમેશાં ચકાસતા રહો. થોડા થોડા સમયના અંતરે મંથન કરતા રહો. તમારી જાતને ચકાસતા રહો કે તમે સાચી દિશામાં જઈ રહ્યા છો ને. જાતને પૂછતા રહો કે મારે શું જોઈએ છે?
• જ્યારે પણ તમને લાગે કે તમારાં લક્ષ્યાંક અને વિકાસયાત્રાનું મોટું અંતર છે. થોડા જોખમના ભોગે પણ લક્ષ્યાંક પાર પાડવા નવી રાહ પકડો. જે લોકો થોડું જોખમ લે છે તેમને હંમેશાં લાભ થતો હોય છે.



આ વિશ્વ હવે એક એવા યુગમાં પ્રવેશી રહ્યું છે,
જ્યાં ઉદ્યોગો કરતાં જ્ઞાનનું મહત્ત્વ વધુ છે
તથા બધાંને કુદરતના સાંનિધ્યમાં રહેવું ગમવા લાગ્યું છે.
મિનોરૂ મોરી
[મોરી બિલ્ડિંગ]

મેં મારા ધંધાને અને મારી જાતને ક્યારેય ગંભીરતાપૂર્વક લીધી નથી,
તેથી જ હું સફળ થયો છું.
પૉલ ન્યુમેન
[મહાન એક્ટર તથા દાનવીર]

મંદી આવે, શૅર માર્કેટમાં કડાકા પણ બોલે!
જો તમે આ બધું સમજ્યા વગર આ બજારમાં ઝંપલાવ્યું હશે
તો સમજજો કે તમે પૂર્વતૈયારી વગર આંધળુકિયાં કર્યાં છે.
તમે સફળ નહીં થાવ.
પીટર લિન્ચ
[`ફિડેલિટી મેગેલન' ફંડના ભૂતપૂર્વ મૅનેજર]

41

સફળતા ટકાવી રાખવાનો મંત્ર

ભારતીય સ્વભાવે ઉદ્યમી હોય છે એટલે જ ભારતીયોની કાર્યશૈલી પશ્ચિમના દેશોના માનવી કરતાં અલગ જ તરી આવે છે. ભારતીયો એક સમયે એકસાથે અનેક કામ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. એટલે જ વિશ્વમાં ભારતીય કર્મચારીઓની માગમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. જો કે હાલમાં સમયનો પ્રવાહ બદલાયો છે. હવે દરેક વિષયના અલગ અલગ નિષ્ણાતો હોય છે. નિષ્ણાતોની માગ દિવસે દિવસે વધતી જાય છે. હાલની જરૂરિયાત પ્રમાણે હવે ભારતીય કર્મચારીઓએ એકસાથે અનેક કામો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે એક જ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરી જે તે વિષયના નિષ્ણાત બનવા ઉપર ભાર મૂકવાની જરૂર છે. એક સમયે અંગ્રેજીમાં કહેવત હતી કે, 'માસ્ટર ઑફ નન, બટ જેક ઑફ ઑલ' આ સ્થિતિ બદલાઈ ગઈ છે. હવે ફોક્સ એપ્રોચની જરૂર છે.

એક સાથે જ બધું કરવાની મનોદશાના કારણે ભારતીય અર્થતંત્ર મંદીમાં સપડાયું છે. ભારતીય ઉદ્યોગજગત પણ અત્યારે ફૂંકી ફૂંકીને આગળ વધી રહ્યું છે. આજના સમયે એક જ ધંધા ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરીને તેને વધુ ને વધુ વિકસાવવા ઉપર ફોક્સ કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. આ વાતને આપણે ભારતીય ઉદ્યોગની એક મોટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીના પરિપ્રેક્ષ્યમાં જોઈએ. ભારતીય અર્થતંત્રમાં જીએમઆર ઉદ્યોગગૃહનું આગવું મહત્ત્વ છે. જીએમઆરના ફાઉન્ડર ચૅરમૅન જી. એમ. રાવે એક બિઝનેસ સામયિકને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે જીએમઆરની સફળતાનું મુખ્ય રહસ્ય તેનો ફોકસ એપ્રોચ છે. અમે લોકો એક જ કામ કરવા ટેવાયેલા છીએ. અમને એમાં સફળતા પણ મળી રહી છે. તેમનું કહેવું છે કે એક જ કાર્યમાં ધ્યાન કેન્દ્રિત કરી અમારા બધા જ રિસોર્સિસને યોગ્ય રીતે ફાળવી અમે કોઈપણ પ્રોજેક્ટ સમયમર્યાદામાં પૂર્ણ કરવા જાણીતા છીએ. અમારો ફોકસ એપ્રોચ રોજિંદા વ્યવહારમાં પણ અમને ઉપયોગી સાબિત થયો છે. આના લીધે અમે અમારા કૉન્ટ્રેક્ટ પૂર્ણ કરવામાં ખૂબ ઝડપી બન્યા છીએ.

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે ભારતીય કર્મચારીઓએ તેમની કાર્યશૈલીમાં ફેરફાર કરવાની તાતી જરૂરિયાત છે અને એ જ સમયની માગ પણ છે. દરેક સંસ્થાના કર્મચારીઓ, મૅનેજરો તેમ જ તેમના લીડર્સે આજના સમય સાથે તાલ મિલાવવા માટે તેમના એપ્રોચને ફોકસ કરવો જ પડશે. ફોકસ એપ્રોચના કારણે કર્મચારીને તેનું કામ સમજવામાં અને તેને સફળતાપૂર્વક પાર પાડવામાં જરાયે તકલીફ પડતી નથી. વળી એક જ સમયે, એક જ કારણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું હોવાથી કર્મચારી માનસિક રીતે હળવાશ અનુભવે છે. કોઈપણ જાતની તાણ અનુભવ્યા વિના કામ ઉપર વ્યવસ્થિત ધ્યાન આપી શકે છે. આજના સમય સાથે તાલ મિલાવવા આટલું કરોઃ

- એકસાથે બધું જ કામ પાર પાડવાનો પ્રયત્ન છોડી દો. આમ ન કરવાથી કોઈ કામમાં ભલીવાર આવશે નહીં. કામ કરવાની ઝડપમાં ઘટાડો થશે. આંશિક સફળતા જ મળશે.
- એક પછી એક કામ કરો. તેમાં 100 ટકા ધ્યાન કેન્દ્રિત કરો તથા જે તે વિષયને વધુ જાણો, તેમાં નિપુણતા લાવવાનો પ્રયત્ન કરો. સાથોસાથ એટલું યાદ રાખો કે એક જ સમયે એક

જ કામ ખૂબ ઝડપથી પૂર્ણ થવું જોઈએ, નહીં તો કામમાં ભરાવો થવા માંડશે.

- કામ શરૂ કરતાં પહેલાં અગત્યના કામને અલગ તારવો અને તેની ઉપર પહેલું ધ્યાન કેન્દ્રિત કરો. તમારા ફોકસ એપ્રોચના કારણે દરેક કામમાં તમને નવીનતા લાગવા માંડશે અને તમને પણ કામ કર્યાનો આત્મસંતોષ પેદા થશે. વાતને અજમાવી જુઓ ચોક્કસ ફાયદો થશે.



ધંધો કરવો હોય તો જોખમ તો લેવું જ પડે છે.
જો તમે જોખમ લેવા ન માગતા હો, પ્રગતિમાં પણ મર્યાદાઓ રહેશે.
રતન તાતા
[`તાતા' ગ્રુપના ચૅરમૅન]

હું ખૂબ જ નસીબદાર છું. જેમ વધારે મોટો ખેલ ખેલું છું
તેમ નસીબ વધારે યારી આપે છે.
રીની રિવ્કીન
[સ્ટોકમાર્કેટ ઇન્વેસ્ટર]

42

એક સાંધતા તેર તૂટે તો શું કરવું?

ભારતીય ઉદ્યોગો હાલની 'રિસેશન'ની સ્થિતિમાંથી હવે ધીમે ધીમે બહાર આવી રહ્યા છે. ખૂબ જ નિરાશાવાદી જીડીપી છતાં ભારતીય ઉદ્યોગપતિઓ અને અર્થતંત્ર આશાવાદી છે. દેશના નાના અને મધ્યમ 'ઑર્ગેનાઇઝેશન' રીતસરનો સંઘર્ષ કરી રહ્યા છે. તેમના વડા અથવા તો લીડર્સ માટે ચક્રવ્યૂહમાંથી બહાર નીકળવું ખૂબ જ મુશ્કેલ બની રહ્યું છે. તેમનો મુખ્ય પ્રશ્ન ગણો તો પ્રશ્ન અને સમસ્યા ગણો તો સમસ્યા એ છે કે 'એક સાંધતાં તેર તૂટે છે.' તેમની પાસે 'શું કરવું?' અથવા 'શું ન કરવું?' આ પ્રશ્નોના ઉત્તર નથી. કઈ બાબત ઉપર વિશેષ ધ્યાન આપવું તે અંગે તેઓ મનોમંથન અને મૂંઝવણ અનુભવી રહ્યા છે. તેમની સામેના પડકારોમાં સૌથી મોટો પડકાર નાણાકીય તરલતા અને શિસ્તનો છે. જો આ પડકારમાં જરાય ઢીલા પડે એટલે તેની સીધી અસર ઉત્પાદકતા, ઉત્પાદનની ગુણવત્તા અને કંપનીના માનવસંસાધન ઉપર થાય છે.

આ સ્થિતિમાં જનરલ ઇલેક્ટ્રિકના 'સીઈઓ' જેક વેલે કંપની માટે શું કર્યું તે જાણવું ખૂબ જ આવશ્યક છે. જેક વેલે ખૂબ જ સાદો અને સરળ પ્રિન્સિપલ અપનાવ્યો અને એ છે... Even in the most difficult situations, when you focus on what is right in the present moment, it makes you happier and give you confidence to deal with what is wrong.

જેક વેલે જ્યારે કંપનીની અત્યંત કઠિન સ્થિતિમાં ધુરા સંભાળી ત્યારે કંપની કૂવામાંથી બહાર લાવવા માટે કેટલીક તાકીદની બાબતો ઉપર ભાર મૂક્યો. તેમણે કંપનીના જુદા જુદા વિભાગના વડાઓની બેઠક બોલાવી, તેમાં તેમણે તેમને ત્રણ મુદ્દાઓ ઉપર ધ્યાન આપવા માટે કહ્યું.

- પહેલું કે કંપનીની તાકીદની બાબતોને અલગ તારવો તેમ જ જ્યાં ઝડપથી સફળતા મળે તેમ હોય ત્યાં ધ્યાન કેન્દ્રિત કરો.
- બીજું કે અત્યંત તનાવભરી સ્થિતિમાં પણ જનરલ ઇલેક્ટ્રિકના પાયાના સિદ્ધાંતોને જાળવી રાખવા.
- ત્રીજી તેમજ મહત્ત્વની બાબત એ કે કર્મચારીઓએ તેમના રોજિંદા વર્કમાં એટલે કે કાર્યમાં કંઈક નવું કરવું. મહત્ત્વનાં અને રોજિંદાં કામોની સાથે કંઈક નવું કરશો તો કંપનીનો વિકાસ અત્યંત ઝડપી બનશે. બહુ જ ઓછા સમયમાં જેક વેલે જનરલ ઇલેક્ટ્રિકના ખાડે ગયેલા અર્થતંત્રને બેઠું કર્યું. એમાં તેમણે અત્યંત સરળ ઉપાયો અજમાવ્યા, જે કર્મચારીઓમાં લોકપ્રિય બન્યા અને કર્મચારીઓએ હોંશે હોંશે કામ કરીને કંપનીને બેઠી કરી.

જનરલ ઇલેક્ટ્રિકના સીઈઓ જેક વેલનું ઉદાહરણ આપીને કહેવાનું તાત્પર્ય એટલું જ કે કઠિનાઈભરી પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે સાચી વ્યૂહરચના અને સાચી દિશામાં ડગ માંડવાં અત્યંત જરૂરી છે. સાચી દિશામાં ડગ માંડવાં માટેની કેટલીક ટિપ્સ :

- કંપનીની અત્યંત ખરાબ સ્થિતિમાં ખરેખર શું મહત્ત્વનું છે તેને ઓળખી લો, જાણી લો. હવે તમારો મોટા ભાગનો સમય તે મહત્ત્વની બાબતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં જ ખર્ચો.

તમે જેટલા ઊંડાણમાં જશો તેમ તેમ તમને સાચી પરિસ્થિતિનો ખ્યાલ આવશે અને તેમાંથી બહાર નીકળવાનો માર્ગ દેખાશે.

- આ સ્થિતિ માટેનાં જવાબદાર પરિબળો તેમ જ ભૂલોને જાણો, ઓળખો. તેને વાગોળવાને બદલે તેનો બહેતર ઉકેલ આવી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરો. હંમેશાં બનતું આવ્યું છે કે મોટા ભાગના લોકો ભૂલોને વાગોળવાનું કામ કરે છે, પણ તેનું 'સોલ્યુશન' શું તેની ચર્ચા કરતા નથી.
- આપત્તિને અવસરમાં બદલો. કઠિન સ્થિતિને અવસરમાં બદલી નાખવાની તક શોધો. વિશ્વાસ રાખો એ અવસર તમને મળશે જ. માત્ર જરૂર છે તે તકને ઓળખવાની અને તકને તમારા ફાયદામાં પરિવર્તિત કરવાની.
- ઑર્ગેનાઇઝેશનની કઠિન પરિસ્થિતિમાં લાંબા ગાળાના આયોજન ન કરો. ટૂંકી સફળતા જ્યાં મળવાની છે તેની તરફ ધ્યાન કેન્દ્રિત કરો. આવી નાની નાની સફળતાઓને ખરા દિલથી ઊજવો. તમને આનાથી 'સેલ્ફ મોટિવેશન' મળશે.
- આવા સમયે તમારા કર્મચારીઓને નિશાન ન બનાવો, નરમાશ અને પ્રેમથી કામ લો. તેમનો સાચી દિશામાં ઉપયોગ કરો.



નિષ્ફળતા ન મળે તો આપણને આપણી મર્યાદાઓનો ખ્યાલ ક્યાંથી આવે?
આપણી સાચી શક્તિનો પરિચય પણ મુશ્કેલીના વખતે જ થાય છે.
રિચાર્ડ કોઆસવિચ
[વેલ્સ કાર્ગોના ચૅરમૅન]

વિચારોમાં તથા કાર્યશીલતામાં એકધારી મહેનત અમારી કંપનીને ફળી છે.
રિક વૅગનર
[જનરલ મોટર્સના ચૅરમૅન તથા સી.ઈ.ઓ.]

તમારું મગજ એ તમારી સૌથી મોટી મિલકત છે.
તેથી એ મગજમાં તમે શું ભરો છો તેની સતત કાળજી રાખજો.
રૉબર્ટ કિયોસાકી
[રીચ-ડેડ કંપની]

43

ગમતા કાર્યનો આનંદ!

ઘણીવાર આપણે જોતા હોઈએ છીએ કે આપણી જ સાથે કામ કરતા કર્મચારીઓ પોતાને સોંપેલા કામ પ્રત્યે ઉત્સાહી નથી હોતા. તેમને સોંપલા કામથી એમને આનંદ નથી આવતો. તેઓ યાંત્રિક મશીનની જેમ કામ ઉપર આવે છે અને સાંજના છ વાગ્યાનો ટાઇમ થતાં જ 'હાશ'ની લાગણી સાથે ઘરે પરત ફરે છે.

કામ તેમના માટે મોટો બોજો છે. તેઓ માત્ર ટાઇમ પાસ કરે છે. તેમને તેમની પોતાની કરિયરની સાથે કે કંપનીના ગ્રોથની સાથે અથવા તો સફળતા સાથે કોઈ લેવાદેવા નથી. આવા કર્મચારીઓ કંપનીની 'ઍસેટ' બનવાના બદલે મોટી 'લાયબિલિટીઝ' બની જાય છે. અહીં યક્ષપ્રશ્ન એ છે કે કર્મચારીઓને પોતાના કામમાં કેમ રસ પડતો નથી.

આવું થાય છે તેનું મુખ્ય કારણ એ છે કે તેમને તેમનું મનગમતું કામ મળતું નથી અથવા તો કોઈ આકસ્મિક બનાવના કારણે જૉબમાં આવી ગયા છે. ઘણી વાર એવું બનતું હોય છે કે વિદ્યાર્થીને એન્જિનિયરિંગ માં જરાય ગમતું ન હોવા છતાં કુટુંબના કે સહવિદ્યાર્થીની દેખાદેખી કે દબાવમાં આવીને ખોટી લાઇન પસંદ કરી બેસતો હોય છે. છેલ્લે પાસ તો થઈ જાય છે, પણ તેને શ્રેષ્ઠતા મળતી નથી. પોતાને મનપસંદ જૉબ પણ મળતી નથી.

આવી જ એક બાબત દેશના જાણીતા ઉદ્યોગપતિ સાથે બની હતી. મરુપ્પા ગ્રૂપના ચૅરમૅન એમવી સુબ્બિહ જ્યારે એન્જિનિયરિંગ ના અભ્યાસ માટે યુકેની યુનિવર્સિટી ઑફ બર્મિંગહામમાં ભણવા ગયા ત્યારે શરૂઆતના દિવસોમાં તેમને તેમના પસંદ કરેલા મિકેનિકલના અભ્યાસમાં જરાયે રસ ન પડ્યો. ભણવામાં તેમને અરુચિ થવા માંડી. પ્રથમ સેમેસ્ટરના બધા જ વિષયમાં તેઓ નાપાસ થયા. જ્યારે તેમના પ્રોફેસરે તેમને બોલાવીને પૂછ્યું કે તે મિકેનિકલ એન્જિનિયરિંગની પસંદગી શેના આધારે કરી હતી. સુબ્બિહે જવાબ આપ્યો કે તેમના ફૅમિલી બિઝનેસની સુસંગતતા તેની સાથે હતી. પ્રોફેસરે તેમને પૂછ્યું કે તમારે વિષય બદલવો છે, તો તેમણે જવાબ નકારમાં આપ્યો કારણ કે તેમાં ફૅમિલીની શાખ અને તેમનાં લગ્ન થવાનાં હોઈ ખરાબ લાગશે તેમ માની તેમણે મિકેનિકલનો અભ્યાસ ચાલુ રાખ્યો. થોડા સમયમાં બીજા સેમેસ્ટરની એક્ઝામમાં પણ બહુ ઝાઝો ફરક પડ્યો નહીં.

આથી કંટાળીને તેમના પ્રોફેસરે તેમને ઘરે જમવા બોલાવ્યા. જમતી વખતે પ્રોફેસરે તેમને સમજાવ્યા કે ઘરનાને શું લાગશે એના કરતાં તને શું લાગે છે તેના ઉપર વિચાર કર. તને જે વિષયમાં રસ હોય તે વિષય તું ભણ. તેમાં તને મજા આવશે અને રિઝલ્ટ પણ સારું આવશે. છેવટે તેમણે 'ઇન્ડસ્ટ્રિયલ ઍડ્મિનિસ્ટ્રેશન'માં ભણવા માંડ્યું. પરિણામ પણ સારું આવ્યું અને આજે એક સારા મૅનેજર અને લીડર્સ તરીકે મુરુપ્પા ગ્રૂપનું સુકાન સંભાળી ચૂક્યા છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે તમને ગમતું હોય તે જ કરો. આનંદ આવશે અને સફળતા પણ મળશે.

- મોટા ભાગના કર્મચારીઓ પોતાના એક કમ્ફર્ટ ઝોનમાં જીવવા માગે છે, તેઓ કંપની માટે બોજ બની જાય છે. તમને પસંદ હોય તે કામ કરો અને તેમાં શ્રેષ્ઠતા લાવી તમારા અને સંસ્થાના વિકાસમાં મદદરૂપ થાવ.
- લોકો શું માને છે અને બીજાને શું લાગશે તેનો કોઈ દિવસ વિચાર કરવો નહીં. તમને શું ગમે

છે તે જ સૌથી અગત્યનું છે.

- પોતાને ગમતું કામ પૂરા રસ અને આનંદ સાથે કરો. એટલું ચોક્કસ યાદ રાખો કે તમારી ભીતરનો આનંદ જ શ્રેષ્ઠ સુખ છે.
- મનપસંદ કામ ઓછા વળતર સાથે પસંદ કરો. લાંબા ગાળે તેમાં ફાયદો જ થશે. તમે નવી ઊંચાઈઓ સર કરી શકશો.



દીવાલમાં કાણું પાડવાનું હોય તો એક જગ્યાએ કાણું ન પડે તો બીજે ન દોડશો. દીવાલ તૂટી જાય ત્યાં સુધી એ જ જગ્યાએ મંડી રહેજો.

રસેલ સિમોન્સ

[`રશ' કૉમ્યુનિકેશન કંપનીના સ્થાપક]

ભવ્ય મકાનો ખરીદવાની લાહ્યમાં ડુંગર નીચે ન દબાશો.

પછેડી જેટલી જ સોડ તાણજો.

સારાહ બિન્ની

[રિયલ એસ્ટેટ ડેવલપર]

44

આખરે સફળતા મળે ખરી!

સ ફળતાનું ઝનૂન સૌના માટે સવાર હોય છે એમાંય યુવાનોની વાત કરીએ તો યુવા વર્ગને શોર્ટકટ શોધીને ઝડપથી સફળતા મેળવવી હોય છે. કોઈપણ યુવાનની આંખમાં તમે જુઓ તો સફળતા મેળવવાની તાલાવેલી અથવા તો અધિરાઈ છલકાતી જણાઈ આવશે. કેટલાક યુવાનોને ઝડપથી પ્રમોશન જોઈએ છે તો કેટલાકને આધુનિક લાઇફ સ્ટાઇલ જીવવી હોય છે. બીજા કેટલા યુવાનોને નાનોમોટો ધંધો કરીને સફળ થવું હોય છે, પરંતુ સૌથી મોટી વિષમતા છે કે જ્યારે યુવાનોને પહેલી નિષ્ફળતા મળે ત્યારે તેઓ હતોત્સાહ થઈ જાય છે.

આવા સમયે યુવાનોએ સમજવું જોઈએ કે સફળતા મેળવવા માટેનું પહેલું પગથિયું નિષ્ફળતા છે. નિષ્ફળતાનો અનુભવ તમને ખાસ અનુભવ કરાવશે. આના પરિણામે તમે શાંત, ધીરગંભીર બનશો તથા સિક્કાની બંને બાજુને જોવાની પ્રેરણા મળશે. સફળતા મેળવવા માટે પહેલા નિષ્ફળતાનો અનુભવ અનેક નામાંકિત વ્યક્તિઓએ કર્યો છે. આપણે જ્યારે કોઈ સફળ વ્યક્તિને જોઈએ છીએ ત્યારે એવું વિચારીએ છીએ કે આ કેટલી નસીબવાળી વ્યક્તિ છે, પરંતુ સિક્કાની બીજી બાજુ તદ્દન જુદી જ છે. સફળ વ્યક્તિઓએ કેટલો પરિશ્રમ કર્યો છે અને કેટકેટલી નિષ્ફળતાઓમાંથી પસાર થઈને આવ્યા છે તેનો ખ્યાલ બહુ ઓછો લોકોને હોય છે.

લાઇટ બલ્બની શોધ કરનારા થોમસ એડિસન જ્યારે પોતાની શોધમાં સફળ થયા ત્યારે ખબર પડી કે તેઓ અગાઉ આના માટે 10,000 જેટલી નિષ્ફળતાઓમાંથી પસાર થઈ ગયા હતા. આનાથી જરાય ગભરાયા વગર તેમણે અથાગ પ્રયત્નો ચાલુ રાખ્યા. આખરે સફળતા એમને હાથ લાગી. થોમસ એડિસનના જીવનમાં તેઓ 67 વર્ષના હતા ત્યારે અનોખી ઘટના બની હતી. લાઇટ બલ્બની શોધ કર્યા પછી થોમસ એડિસને લાખ્ખો રૂપિયાના ખર્ચે બલ્બ બનાવવાની ફૅક્ટરી નાખી. 1914માં આ ફૅક્ટરીમાં આગનો બનાવ બન્યો અને આખી ફૅક્ટરી ખાખ થઈ ગઈ. કમનસીબે ફૅક્ટરીનો વીમો પણ ન હતો. આવી પરિસ્થિતિમાં જરાય નાસીપાસ થયા વગર એડિસને કહ્યું, "ચાલો, જે થયું તે સારું થયું. મારી બધી ભૂલો આગમાં ભસ્મીભૂત થઈ ગઈ. હવે હું કંઈક જુદું જ વિચારીશ અને દુનિયાને નવી શોધ આપીશ. ખરેખર એવું જ બન્યું, માત્ર ત્રણ અઠવાડિયાંના સમયગાળામાં તેમણે ફોનોગ્રામની શોધ કરી. આજના યુવાનો આમાંથી સમજે કે આને કહેવાય મજબૂત માનસિક સ્થિતિ."

મિકી માઉસની શોધ કરનારા વોલ્ટ ડિઝની પણ સફળતાનું ઉત્તમ ઉદાહરણ છે. તમામ ન્યૂઝ પેપરના માલિકોની ના છતાં પણ કાર્ટૂનની દુનિયામાં શ્રેષ્ઠતા પુરવાર કરવામાં તેના પ્રયત્નોમાં જરાય ફરક ન પડ્યો. તમામ લોકોના ઇનકાર પછી એક ચર્ચના માલિકે તેમને કાર્ટૂન બનાવવાનું કામ સોંપ્યું. કાર્ટૂન બનાવવા માટે તેઓ એક રોડ બનાવી રહ્યા હતા અને તે સમયે તેમની નજર એક ઉંદર ઉપર પડી. તેમાંથી પ્રેરણા લઈને તેમણે મિકી માઉસનું કાર્ટૂન બનાવ્યું. ચર્ચના માલિકને પણ તે પસંદ પડ્યું. ધીરે ધીરે આખી દુનિયા વોલ્ટ ડિઝનીના કાર્ટૂનની દીવાની થઈ ગઈ.

આવાં તો અસંખ્ય ઉદાહરણ તમને જોવા મળશે કે જેમાં નિષ્ફળતાથી જરાય ડગ્યા વગર સફળતાનો પથ કાપતા રહો. યુવાનો માટે કેટલીક ટિપ્સ છે.

- જલદીથી સફળતાની દોટમાં જ્યારે નિષ્ફળતા મળે ત્યારે જરાય વિચલિત થવું નહીં. નાસીપાસ થયા વગર હંમેશાં યાદ રાખો કે નિષ્ફળતા જ તમને સફળતાની કેડી કંડારી આપશે.
- નિષ્ફળતા મળે ત્યારે તેનું યોગ્ય પૃથક્કરણ કરીને ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તેનું ધ્યાન રાખી ફરીથી કામે લાગી જવું.
- તમારી માનસિક સ્વસ્થતા અથવા તો મજબૂતી જ તમને સફળતા અપાવશો માટે હંમેશાં મન મજબૂત રાખો.

ઉતાવળે લીધેલાં પગલાં તમને નિષ્ફળતામાં ફરીથી ધકેલી દેશે. આથી ધીમે પણ મક્કમ ગતિથી અથાગ પ્રયાસોથી તમારું કામ ચાલુ રાખવું, સફળતા મળશે જ.



મારી નિર્ણયશક્તિ સારી હોવાનું એક કારણ એ છે,
કે હું વિશાળ ફલક પર વિચારી શકું છું.
તાકાફુમી હૉરી
[`લાઇવ ડોર' કંપનીના સી.ઈ.ઓ.]

હરીફાઈના આ યુગમાં સખત પરિશ્રમ તથા અડગ મનોબળ અત્યંત જરૂરી છે.
ટૉમ મૉનાગન
[`ડૉમિનોઝ' પીઝા કંપનીના સ્થાપક]

લેખકનાં અન્ય પુસ્તકો

Management મંત્ર
Leadership મંત્ર
Success મંત્ર

Success Mantra

Written by Bhavesh Upadhyay
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad

ePub Version 3.0.1

eISBN : 978-93-5122-647-5

© ભાવેશ ઉપાધ્યાય 2017
All rights are reserved.
No part of this publication may be reproduced, stored in a retrieval system, or transmitted, in any form or by any means, electronic, mechanical, photocopying, recording, eBook or otherwise, without the prior written permission of the publishers.

સંપર્ક સૂત્ર



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પેઢીઓથી ઉત્તમ પુસ્તકો માટે

મુંબઈ ઓફિસ

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ,
અર્થબાગ,
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨) ૨૨૦૧૩૪૪૧

અમદાવાદ ઓફિસ

`દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩